# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનો ઇતિહાસ

1852 2002

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાર્ધ શતાબ્દી

## સને ૧૮૫૨ થી ૨૦૦૦




**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવા સદન,

એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

પ્રકાશક : ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
સાહિત્ય સેવા સદન, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૨

પ્રત : ૧૦૦૦

કિંમત : રૂા. ૩૦/-

પ્રાપ્તિસ્થાન : ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
સાહિત્ય સેવા સદન, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

મુદ્રક : નોએલ પ્રિન્ટર્સ,
ન્યુ લાઈટખાતાની સામે, હવેલી રોડ,
જમાલપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

5BGG7

# ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીનો ઇતિહાસ

## (સને ૧૮૫૨ થી ૨૦૦૦)

### ઇતિહાસ સંકલન સમિતિ

૧. રેવ. મનાશ્શેહ ભુરાજી (પ્રમુખ)
૨. શ્રી માઇકલભાઇ એમ. પરમાર
૩. શ્રી મનુભાઇ કે. કામદાર
૪. પ્રો. આઇ. એચ. ડાભી
૫. શ્રી ક્રિસ્ટોફર આર. ક્રિસ્ટી
૬. રેવ. હેમંતકુમાર જે. પરમાર
સેક્રેટરી, ગુ. ટ્રા. એન્ડ બુક સોસાયટી

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# પ્રકાશકના બે બોલ

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી તેનાં અસ્તિત્વ અને સેવાનાં ૧૫૦ વર્ષ પૂરાં કરે છે ત્યારે અત્યાર સુધી આ સંસ્થામાં રહીને જે સેવકો-સેવિકાઓએ સેવાઓ આપી, પ્રાર્થનાઓ કરી, દાનો આપ્યા, વિવિધ રીતે કાર્યમાં ઉપયોગી થયા અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થયા તે સર્વને માટે આભાર માનીએ છીએ.

આ અવસરે સંસ્થાએ તેનો ૧૫૦ વર્ષનો ઈતિહાસ લખાવવાનો જે વિચાર કર્યો તે ખરેખર અભિનંદનને પાત્ર છે. વળી જેઓને તે કામગીરી સોંપવામાં આવી તેઓએ ખૂબ પરિશ્રમ ઉઠાવીને એ કાર્યને પૂરેપૂરો ન્યાય આપ્યો છે. આ તબક્કે ઈતિહાસ સમિતિના સભ્યો કે જેમણે ઈતિહાસ લખીને ઈતિહાસ સર્જ્યો છે તેમની કદર કરતાં આભાર સાથે તેમના નામોની નોંધ લઈએ છીએ. પ્રભુ તેમને પુષ્કળ આશિષ આપે અને આવનાર સમયમાં પ્રભુ તેઓને તેના મહિમા માટે વધુ વાપરે એજ પ્રાર્થના તથા શુભેચ્છા છે : (૧) રેવ. મનાશ્શેહ બી. પરમાર (પ્રમુખ), (૨) શ્રી માઈકલભાઈ એમ. પરમાર, (૩) શ્રી મનુભાઈ કે. કામદાર, (૪) પ્રો. આઈ. એચ. ડાભી, (૫) શ્રી ક્રિસ્ટોફર આર. ક્રિસ્ટી, (૬) રેવ. હેમંતકુમાર જે. પરમાર.

ઐતિહાસિક માહિતી પૂરી પાડવામાં રેવ. મનાશ્શેહ બી. પરમાર (પ્રમુખ)નો ફાળો મહત્વનો છે. તેની આભાર સાથે નોંધ લઈએ છીએ.

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી ૧૫૦ વર્ષની ઉજવણી કરી રહી છે ત્યારે વિવિધ કાર્યક્રમો રાખશે. પરંતુ તેમ છતાં સંસ્થાએ પોતાના ભૂતકાળમાં જોવાનો જે નિર્ણય કર્યો છે તે ખરેખર શ્રેષ્ઠ કાર્ય છે.

આપણે સહુ જાણીએ છીએ તે પ્રમાણે આ સંસ્થાની સ્થાપના આઈ. પી. મિશનના પ્રથમ મિશનેરી રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગોએ કરી હતી. ત્યારબાદ બીજી ચાર મંડળીઓ તેમાં જોડાઈ ત્યાં સુધી એકલા હાથે આઈ. પી. મિશનના મિશનરીઓએ જ ચલાવી હતી. જ્યારે પાંચ મંડળીઓએ સાથે મળીને આ સંસ્થામાં કાર્ય શરૂ કર્યું ત્યારથી આજ દિન સુધી તેમાં જુદી જુદી પાંચ મંડળીઓના આગેવાનોની સેવા મળી અને મળી રહી છે. આ તબક્કે બધાંના નામોનો ઉલ્લેખ શકય નથી પરંતુ સર્વની કદર કરતાં આભાર માનીએ છીએ. આ પુસ્તક

૧૮૫૨ થી ૨૦૦૦ના સમયગાળાને ધ્યાનમાં રાખીને લખવામાં આવ્યું છે. તમામ પાસાંઓને ધ્યાનમાં લેવામાં આવ્યા છે. જ્યારે આ પુસ્તક વાંચીએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે કેવા મહાન સેવકો અને સેવિકાઓ આ છેલ્લાં ૧૫૦ વર્ષ દરમિયાન પ્રભુએ તેની આ વહાલી સંસ્થાને આપ્યા છે. આ સેવકો/સેવિકાઓએ પોતપોતાની મંડળીઓ અને વ્યવસ્થાઓમાં તો ઉમદા સેવાઓ આપી જ છે. પરંતુ તે ઉપરાંત આ સંસ્થાના માળખામાં રહીને તેઓએ પોતાના તાલંતોનો ઉપયોગ કર્યો છે. તેથી ખૂબ કાળજીપૂર્વક આ બધી બાબતોને અને પ્રભુના આ સેવકો/સેવિકાઓના જીવનોને નિરૂપવાનો "ઇતિહાસ સમિતિ"એ જે પ્રયાસ કર્યો છે તે ખરેખર પ્રશંસનિય છે.

આ તબક્કે વધુ ન કહેતા ગુજરાતી ભાઈબહેનોના હાથમાં ઘણા જ આનંદ સાથે આ પુસ્તક મૂકું છું. મારી આશા અને ખાતરી છે કે પ્રભુ આ પુસ્તકના વાચકોને જરૂર પ્રેરણા, પડકાર અને આશીર્વાદ આપશે.

આ પુસ્તકના પ્રકાશનનો તમામ ખર્ચ પ્રભુની સેવિકાઓ (બન્ને બહેનો છે) કુ. પુષ્પાબહેન ઠાકોર અને કુ. શશીકલાબહેન ઠાકોર તરફથી આપવામાં આવ્યો છે. જે રૂપિયા ૨૨,૦૦૦/- છે તેથી આ અગત્યના પ્રસંગે પ્રગટ થયેલા આ અતિ મહત્વના પુસ્તક માટે અપાયેલી આ બહુમૂલ્ય રકમ માટે તેઓ બન્નેનો ખૂબ ખૂબ આભાર માનું છું. પ્રભુ તેની બન્ને સેવિકાઓ કે જેઓ બિમાર છે તેઓને પૂર્ણ તંદુરસ્તી આપે અને આવનાર સમયમાં વધુ તેના મહિમા માટે વાપરે એજ પ્રાર્થના તથા શુભેચ્છા છે.

આ પ્રસંગે કાર્યવાહક સમિતિ અને ઉજવણી સમિતિના ચેરમેન અને સેક્રેટરીના નામોનો ઉલ્લેખ કરતાં આનંદ અનુભવું છું. તથા તેઓની સેવાની કદર કરતાં આભાર માનું છું. (૧) રેવ. રવિકાન્ત સી. માસ્ટર (ડિ.સુ.) પ્રમુખ, (૨) રેવ. નિકોલસ જી. પરમાર (ઉપપ્રમુખ), (૩) રેવ. હેમંતકુમાર જે. પરમાર (સક્રેટરી), (૪) શ્રી નવીનચંદ્ર એમ. બ્રેઈટ (ખજાનચી અને ૧૫૦ વર્ષની ઉજવણી સમિતિના સેક્રેટરી), (૫) શ્રી ગોડવીન ગામડીયા (બિઝનેસ આસિસ્ટન્ટ), (૬) રેવ. પ્રકાશ એમ. સિંગાડા, (૭) શ્રી દત્તાનંદ એમ. ક્રિશ્ચિયન, (૮) રેવ. ગિદિયોન બી. રાણા, (૯) રેવ. અનિલરાય સોલંકી, (૧૦) શ્રી વિનય પી. હેરીસ, (૧૧) રેવ. નેરિયસ પી. ધોળકીયા, (૧૨) શ્રી લોઈડ જે. ક્રિશ્ચિયન, (૧૩) શ્રી જેકબ

પૉલ, (૧૪) રેવ. લિનસ એસ. જસ્ટીન, (૧૫) રેવ. ડૉ. આર. એમ. રાઠોડ (ચેરમેન-૧૫૦ વર્ષની ઉજવણી સમિંતિ) તથા ઉજવણી સમિતિના સભ્યો.

શ્રી શિરિષ ક્રિસ્ટીનો આભાર માનવાની તક લઉં છું. જેમણે રેવ. ડૉ. જેમ્સ ગ્લાસ્ગોનું ચિત્ર દોરી આપ્યું છે. મૂળ ફોટો છાપી શંકાય તેવી સ્થિતિમાં ન હતો તેથી શિરિષ ક્રિસ્ટીએ ભારે જહેમત લઈને તે વિના મૂલ્યે દોરી આપ્યો છે તેઓનો આભાર માનીએ છીએ.

પ્રભુમાં આપનાં,

**રેવ. રવિકાન્ત સી. માસ્ટર** (ડિ.સુ.)
પ્રમુખ

**રેવ. નિકોલસ જી. પરમાર**
ઉપ-પ્રમુખ

**રેવ. હેમંતકુમાર જે. પરમાર**
સેક્રેટરી

**રેવ. ડૉ. આર. એમ. રાઠોડ**
૧૫૦ વર્ષની ઉજવણી સમિતિના ચેરમેન

**શ્રી ગોડવીન ગામડીયા**
બિઝનેસ આસિસ્ટન્ટ

**શ્રી નવિનચંદ્ર એમ. બ્રેઇટ**
ખજાનચી અને ૧૫૦ વર્ષની
ઉજવણી સમિતિના સેક્રેટરી

**પ્રસ્તાવના :**

આયર્લેન્ડથી ગુજરાતમાં ધર્મપ્રચાર અર્થે ૧૮૪૧માં આવનાર પ્રથમ બે મિશનરીઓમાંના એક હતા રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો. તેમણે ધર્મના વિવિધ વિષયો પર નાનીનાની ટ્રાકટો ગુજરાતી ભાષામાં તૈયાર કરી અને છપાવી. પછીથી તેમણે ૧-૩૦ પૃષ્ટની પુસ્તિકાઓ લખી અને પ્રસિધ્ધ કરી તે નજીવી કિંમતે વેચવામાં આવતી હતી. આગળ જતાં બીજા મિશનરીઓ તેમની મદદમાં ગુજરાત આવ્યા અને કાર્યની વહેંચણી અનીવાર્ય બની. રેવ. ગ્લાસગોએ તે સમયે મુંબઈમાં ચાલતી ટ્રાકટ સોસાયટી જેવી સંસ્થા શરૂ કરવાનો વિચાર કર્યો. જેથી કાર્યની વહેંચણી વ્યવસ્થિત રીતે થાય, સરળતાથી થાય અને સમયનો બચાવ થાય.

ઉપરોક્ત હેતુને લક્ષમાં રાખી રેવ. ગ્લાસગોના પ્રયત્નોથી અને ૧૮૫૨માં ગુજરાતમાં ખ્રિસ્તી સાહિત્યની રચના અને પ્રકાશન માટે ‘ગુજરાત ટ્રાકટ અને બૂક સોસાયટીની સ્થાપના કરી.

સને ૧૮૨૦માં લંડન મિશનરી સાસાયટીએ (LMS) ટ્રાકટો વગેરે છાપવા સુરતમાં મિશન પ્રેસ શરૂ કર્યું હતું. તે ગુજરાતનું પ્રથમ પ્રિન્ટીંગ પ્રેસ હતું, તેને પરદેશથી લાવનાર અને ગુજરાતી ગદ્ય પ્રકારમાં સાહિત્ય છાપનાર પણ આ મિશનરીઓ પ્રથમ હતા. LMS મિશને સુરતનું પોતાનું મિશન ક્ષેત્ર આઈ. પી. મિશનને સોંપ્યું તેમાં મિલકતો સાથે આ પ્રેસ પણ હતું. એ રેવ. ગ્લાસગોનું કાર્ય વધુ સરળ બન્યું. મિશન પ્રેસ, સુરત સાથે જ ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીની વહીવટી ઓફિસ સુરતમાં જ હતી, શરૂઆતમાં તેનો વહીવટ આઈરીશ મિશનરીઓ જ કરતા હતા, તેથી શરૂઆતનો ઘણો ઈતિહાસ અમને ઉપલબ્ધ ન હોવાથી લગભગ પ્રથમ ૭૫ વર્ષના સોસાયટીના ઈતિહાસને અમે પૂરતો ન્યાય આપી શકયા નથી.

છેક સને ૧૯૩૩માં પ્રથમ વખત જ ટ્રાકટ સોસાયટીના વહીવટમાં ગુજરાતમાં સ્થપાયેલી મંડળીઓની સ્થાનિક વ્યક્તિઓને પ્રતિનિધિઓ તરીકે કાર્યવાહક સમિતિમાં સ્થાન પામવામાં આવેલું, પ્રથમ પ્રમુખ હતા વડીલ જેમ્સ ઉકાભાઈ, રેવ. ડી. પી. મકવાણા સેક્રેટરી હતા. મીસ એલ. એ. હિસ્ટ સોસાયટીના ખજાનચી હતાં. છતાં પ્રેસ અને સાહિત્ય પ્રકાશનનું સઘળું કાર્ય મિશનરીઓના હાથમાં જ હતું.

ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થતાં ભારત સરકારની નીતિને કારણે ક્રમેક્રમે મિશનરીઓ ઓછા ને ઓછા થતા ગયા. ૧૯૫૦માં સમગ્ર ગુજરાતની ધાર્મિક સંસ્થાઓનો વહીવટ સ્થાનિક ખ્રિસ્તીઓના હાથમાં આવ્યો, ત્યારે અણઆવડ, અનુભવની કમી અને આર્થિક ભાર વહન કરવાની શક્તિ ન રહેવાથી દવાખાનાં, પ્રાથમિક શાળાઓ, કેટલીક સંસ્થાઓ અને મિશન પ્રેસ સુરત બંધ કરવાની નોબત આવી રહી. સને ૧૯૫૯માં પ્રેસ બંધ થતાં ટ્રાકટ સોસાયટીના પ્રકાશનોનો બૂક સ્ટોક અને વહીવટી તંત્ર અમદાવાદ લાવવામાં આવ્યું.

તે સમયે પ્રભુકૃપાથી સોસાયટીના સેક્રેટરી શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયનના માથે તેની સઘળી જવાબદારી આવી પડી તેઓ પોસ્ટ ખાતામાં સારા વહીવટી અધિકારી હતા. તેમના અથાક પ્રયત્નોથી અહીંનું ટ્રાકટ સોસાયટીનું વ્યવસ્થાતંત્ર ગાઠવાયું. જો કે આ સમય નવાં પ્રકાશનો માટે મંદીનો સમય હતો..તેમના સમયમાં જ હાલનું ટ્રાકટ સોસાયટીનું મકાન બાંધવાની-બંધાવવાની શરૂઆત થઇ હતી. ત્યારથી આજ સુધી ટ્રાકટ સોસાયટી પ્રગતિનાં સોપાનો ચઢતી જ રહી છે.

સને ૧૮૫૨માં સ્થપાયેલ ગુજરાત ટ્રાકટ. એન્ડ બૂક સોસાયટીની સ્થાપનાને સને ૨૦૦૨માં ૧૫૦ વર્ષ પૂરાં થતાં હોવાથી તેની ભવ્ય ઉજવણી કરવાની યોજના ટ્રાકટ સોસાયટીના આગેવાનોએ ઘડી. ગુજરાત ભરમાંથી સેવાભાવી, યોગ્ય માણસોને પસંદ કરી એક કમિટિ રચવામાં આવી જે આ ૧૫૦ વર્ષની ઉજવણીની યોજના કરે અને કાર્યક્રમો ઘડે, તે માટે વિવિધ સમિતિઓ રચવામાં આવી. તેમાં ટ્રાકટ સોસાયટીનો ૧૫૦ વર્ષનો (૧૮૫૨-૨૦૦૦) ઇતિહાસ લખવા એક સંપાદક કમિટિ રચવામાં આવી જે ઇતિહાસનું સંકલન કરે. પ્રમુખ તરીકે રેવ. મનાશ્શેહ બી. પરમાર સાથે પાંચ સભ્યોની કમિટિ રચી. કમિટિએ પ્રથમ બેઠક બોલાવી ત્યારે સભ્યોને એમ લાગ્યું કે, વધુ સભ્યોની જરૂર છે. બીજા સભ્યોને કો-ઓપ્ટ કરવા પ્રયત્નો કર્યા પણ છેવટે ટ્રાકટ સોસાયટીના હાલના સેક્રેટરી રેવ. હેમંતકુમાર જે. પરમારની મદદ લેવામાં આવી. જે ઓફિસના સ્ટાફ દ્વારા સમિતિને મદદ કરે અને સાહિત્ય અને અન્ય માહિતી પૂરાં પાડે.

એમ નક્કી કરવામાં આવ્યું કે દર શનિવારે સાંજે ૩-૬ કલાકોમાં મિટીંગ થાય. તેમાં પ્રાથમિક માહિતી પ્રમુખ પૂરી પાડે. કામની વહેંચણી થાય. કમિટિએ દોઢસો વર્ષના આશરે ત્રણ ભાગ કર્યા અને તે દરેકને નામ આપવામાં આવ્યું અને દરેક ભાગ વિષે,માહિતી, ઇતિહાસ અને આંકડા મેળવવાની જવાબદારી બબેની ટીમને સોંપવામાં આવી. વિભાગો નીચે મુજબ પાડયા :

**વિભાગ : ૧.** રેવ. જેમ્સ ગ્લાસ્ગોએ ટ્રાકટ સોસાયટીની સ્થાપના કરી ત્યારથી તે સને ૧૯૦૦ના દુકાળ સમયે મંડળીઓની વૃધ્ધિ થતાં વધુ સાહિત્યની જરૂર પડતાં, પ્રકાશનોને વેગ મળ્યો ત્યાં સુધી આ વિભાગને અમે ગ્લાસગો યુગ કહ્યો.

**વિભાગ : ૨** સને ૧૯૦૧ થી ભારતને સ્વતંત્રતા મળી ત્યાં સુધીનો સમય. તે સમયે ઉત્તમ સાહિત્યનું પ્રકાશન થયું તેથી તેને સાકાર યુગ ગણ્યો.

**વિભાગ : ૩** સને ૧૯૪૮થી સને ૨૦૦૦ સુધીનો વિભાગ જે યુગમાં બે વિદ્વાન સાહિત્યકારો-રેવ. જયાનંદ ચૌહાન અને શ્રી ભગવતપ્રસાદ ચૌહાણે જૂના પુસ્તકોનું પ્રકાશન, કરવા-કરાવવા સુધારા વધારા સાથે પોતે તૈયાર

કર્યા-કરવા ભાષાંતરો તૈયાર કરવા ભગીરથ પ્રયત્નો કર્યા તેથી અમે આ યુગને ચૌહાણ યુગ કહ્યો છે.

| | | |
|---|---|---|
| **પહેલા ભાગની જવાબદારી સોંપવામાં આવી** | (૧) | રેવ. મનાશ્શેહ બી. પરમાર |
| | (૨) | શ્રી માઈકલ એમ. પરમાર |
| **બીજા ભાગની જવાબદારી સોંપવામાં આવી** | (૧) | રેવ. હેમંતકુમાર જે. પરમાર |
| | (૨) | શ્રી મનુભાઈ કામદાર |
| **ત્રીજા ભાગની જવાબદારી સોંપવામાં આવી** | (૧) | પ્રો. આઇ. એચ. ડાભી |
| | (૨) | શ્રી ક્રિસ્ટોફર આર. ક્રિસ્ટી (બરોડા) |

આપણા સાહિત્યમાં ઉપલબ્ધ ઐતિહાસિક માહિતી ગુજરાતીની ખ્રિસ્તી મંડળીના ઈતિહાસનાં પુસ્તકો, ટ્રાકટ સોસાયટીના વાર્ષિક અહેવાલો, 'ખ્રિસ્તી બંધુ'ના કેટલાક અંકો, અન્ય લેખો અને ટ્રાકટ સોસાયટીએ પ્રસિધ્ધ કરેલ પુસ્તકોની પ્રસ્તાવનાઓમાંથી જ જે માહિતી મળી તેનો ઉપયોગ કરી ટ્રા. સો.નો ૧૫૦ વર્ષનો ક્રમિક ઈતિહાસ સંકલિત કર્યો, તેમાં કેટલીક ઉણપો, ક્ષતિઓ રહી જવા પામી હશે જ. જો સમિતિને વધુ સમય મળ્યો હોત તો આ કાર્ય વધુ સારું થઇ શકયું હોત. છતાં જે કંઇ ઉપલબ્ધ માહિતીનું સંપાદન કર્યું છે, તેમાંથી ટ્રાકટ સોસાયટીના ઈતિહાસની અવશ્ય ઝાંખી થાય છે. પુસ્તકો છાપવામાં આઇ. પી. મિશન પબ્લીકેશન ફંડમાંથી તથા એન. સી. સી. દ્વારા આર્થિક સહાય મળતી રહી છે. જે માટે સહાયકોના આભારી છીએ.

આ ઈતિહાસમાં ટ્રાકટ સોસાયટીએ પ્રસિધ્ધ કરેલ ખ્રિસ્ત સાહિત્ય જ નહીં પણ અન્ય સાહિત્ય જેવું કે, નર્મદનો 'નર્મકોશ', પ્રાથમિક શાળાઓમાં વપરાતાં પુસ્તકો-પાઠય પુસ્તકો, વ્યાકરણો અને ગુજરાતી ભાષાના શબ્દ કોશનો સમાવેશ થાય છે.

જો આજે ટ્રાકટ સોસાયટી પાસે પોતાનું પ્રિન્ટીંગ પ્રેસ હોત તો કેવું સારું !! વધુ સારું અને વધુ પ્રમાણમાં સાહિત્ય ઉપલબ્ધ થઇ શકયું હોત. આજે આપણું ખ્રિસ્તી ગુજરાતી સાહિત્ય અર્વાચીન ગુજરાતી સાહિત્યની કક્ષાએ પહોંચી શકયું નથી તેનું કારણ આપણા સમાજમાં ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યકારોની ઉણપ કે ખોટ છે. બીજું આપણા સમાજમાં આપણો વાચનનો શોખ કેળવવા-વધારવા કોઇ પ્રયત્નો કર્યા નથી. પુસ્તકોની ખરીદી મર્યાદિત છે, વાચનનો રસ કેળવવા પ્રયત્નો કરવા જરૂરી છે. ઉત્તમ પસ્તકો ખ્રિસ્તી લોકોના હાથમાં વધુ ને વધુ જાય તેમ કરવાની જરૂર છે.

૧૫૦ વર્ષના દીર્ઘ સમય સુધી સોસાયટી પોતાનું કાર્ય જીવંત રાખી શકી હોય તો તે સોસાયટીની સેવાઓમાં અનેકવિધ રીતે સંકળાયેલા વિશ્વાસુ એવા સેવકો અને સેવિકાઓ છે. આજ સુધીમાં કેટલા બધા સાહિત્યકારો, લેખકો, કવિઓ, દાતાઓ, શુભેચ્છકો થઇ

ગયા. તેમનો ફાળો બહુ મોટો છે. વળી સોસાયટીને પ્રાપ્ત થયેલા આગેવાનો અને કાર્યકરો જેઓએ ખૂબ જ ખંતથી વિશ્વાસુપણે કાર્ય કર્યું. તેઓ સર્વની સેવાઓનું સ્મરણ કરી પ્રભુનો આભાર માનીએ છીએ.

ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીના સ્થાપક રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગોના ફોટાને યોગ્ય સ્વરૂપ આપવામાં આર્ટિસ્ટ શ્રી શિરીશભાઇ જોસફભાઇએ પોતાને મળેલા તાલંતનો ઉપયોગ કર્યો છે. વિના મૂલ્યે સેવા આપી તે માટે તેમનો આભાર માનીએ છીએ.

અંતમાં સમિતિના સભ્યોના સહકાર માટે તેમ જ સમિતિએ સંકલન કરેલી માહિતીને સર્વ શ્રી માઈકલ એમ. પરમારની કલમે ઈતિહાસનું આગવું રૂપ આપ્યું છે. તે માટે તેઓશ્રીનો તથા સમિતિના સાથી મિત્રોનો ખૂબ જ આભારી છું.

ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીની કાર્યવાહક સમિતિએ "ઈતિહાસ સંકલન" સમિતિ તરીકે અમારી પસંદગી કરી તે માટે અમે કાર્યવાહક સમિતિનો આભાર માનીએ છીએ. અમારી અબળતામાં પ્રભુએ અમને જે મદદ, સહાય અને દોરવણી તેના આત્મા દ્વારા આપી, જે દ્વારા ૧૫૦ વર્ષના સોસાયટીના મહિમાવંત કાર્યને ઈતિહાસના રૂપમાં આલેખી શકયા છીએ, માટે ઈશ્વર પિતાનો આભાર માનીએ છીએ. આશા તથા પ્રાર્થના છે આ ઐતિહાસિક પુસ્તક સાહિત્ય પ્રેમીઓને વધુ ઉત્તેજન પૂરું પાડશે.

**રેવ. મનાશ્શેહ ભુરાજીભાઇ**
કન્વીનર
ઈતિહાસ સંકલન સમિતિ



ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના

**સ્થાપક રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો**

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટીના સ્થાપક બહુવિધ પ્રતિભાશાળી રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો (બી.એ.,ડી.ડી.)

અર્વાચીન ગુજરાતમાં સુવાર્તા પ્રચાર અર્થે આવનાર આઈરીશ મિશનરીઓમાં અગ્રેસર રેવ. જેમ્સ ગ્લાસગો હતા. છ-છ માસની લાંબી, કંટાળાજનક વહાણની મુસાફરી કરીને તેઓ મુંબઇ બંદરે ઊતર્યા ત્યારે તેમની પત્ની, સાથી મિશનરી રેવ. એલેકઝાંડર કેર અને તેમનાં પત્ની તદ્દન અશક્ત અને હાડપિંજરો જેવા હતાં. તબિયત સુધરે, આરામ મળે, ગુજરાતી ભાષા શીખી શકાય માટે તેઓ સ્કોટીશ મિશનરી રેવ. (ડૉ.) જોન વિલ્સનને ત્યાં રહ્યાં. સેવાક્ષેત્ર કાઠિયાવાડ જવા પૂર્વે તેમણે આ પ્રદેશની માહિતી, ભાષા, રીતરિવાજો અને આબોહવા વિષે ખૂબ માહિતી મેળવી. મુસાફરી દરમ્યાન તેમણે વેઠેલાં દુ:ખો અને અગવડેનું વર્ણન વાંચતા વાચકની આંખો ભીની થયા વગર રહે જ નહીં.

રેવ. જેમ્સ ગ્લાસગોનો જન્મ સને ૧૮૦૫ના મે માસની સત્યાવીસમી તારીખે આયર્લેન્ડના કલોફ શહેરમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ બિલીમેના પ્રાથમિક શાળામાં લીધું. જુવાન થયા ત્યારે તેઓ ઊંચા, કદાવર અને પ્રભાવશાળી ગણાતા હતા. વધુ શિક્ષણ માટે તેઓ રેવ. જોન પૉલ (ડી.ડી.)ની શાળામાં દાખલ કરવામાં આવ્યા. તેમનો ખંતીલો સ્વભાવ, ઉચ્ચ પ્રકારનું બુધ્ધિચાતુર્ય અને ઉમદા ચારિત્ર્ય જોઇ તેમના શિક્ષકે તેમના ભવિષ્ય માટે ઉચ્ચ આશા વ્યક્ત કરી હતી. સને ૧૮૨૭માં તેઓ બેલફાસ્ટની રોયલ બેલફાસ્ટ એકેડેમીમાં ધર્મ શિક્ષણ મેળવવા દાખલ થયા. ત્યાં લેવાયેલ પરીક્ષામાં તેમણે પ્રથમ નંબર મેળવ્યો હતો. ૧૮૩૨માં તેઓ ગ્રેજ્યુએટ થયા અને ગણિત અને પ્રાકૃતિક ફિલસૂફીના વિષયોમાં સૌથી વધુ ગુણ મેળવી સુવર્ણ ચંદ્રકો પ્રાપ્ત કર્યા.

આવા વિદ્વાન, પ્રતિભાશાળી અને ધાર્મિક વૃત્તિના જુવાનને સને ૧૮૩૫માં કેસલડાઉસન મંડળીના પાળક બનવા આમંત્રણ મળ્યું. આમંત્રણનો તેમણે સ્વીકાર કર્યો. આ મંડળી મોટી હતી. તેમાં ૪૦૦ કુટુંબો હતાં. પાંચ વર્ષો સુધી તેમણે આ મંડળીમાં ખૂબ જ ઉત્સાહથી અને પૂર્ણ નિષ્ઠાથી ધર્મસેવા બજાવી. લોકો તેમના વિદ્વતાભર્યા ભાષણોથી ખૂબ પ્રભાવિત હતા. મંડળીના તેઓ લોકપ્રિય પાળક હતા. તેની પ્રતીતિ જ્યારે તેઓ ગુજરાતમાં આવવા તે મંડળી છોડવા ઇચ્છતા હતા ત્યારે મંડળીના લોકો તેમને મૂક્ત કરવા જરાયે રાજી ન હતા.

### સેવાનું તેડું :

આઈરીશ પ્રેસ્બિટેરિયન મંડળીએ પરદેશમાં પ્રભુ ઈસુની સુવાર્તા પ્રગટ કરવા 'ફોરેન મિશન'ની સ્થાપના કરી. તેના પ્રથમ સેક્રેટરી હતા રેવ. જ્યોર્જ બેલીશ. તેમણે પોતાની પ્રેસ્બિટેરીયનના વીસ આશાસ્પદ જુવાન અને ધાર્મિક વૃત્તિના પાળકોને ફોરેન મિશનમાં જોડાવા આમંત્રણો પાઠવ્યાં. અને પત્રમાં તેમણે તેમને પડકાર આપ્યો હતો કે, "શું તમે આપણા પ્રભુ ઈસુના આદેશ પ્રમાણે પરદેશમાં સુવાર્તા પ્રચાર-મિશનરી સેવા કરવા

જવા તૈયાર છો ?'' વિવિધ કારણોસર પરદેશ જવાની પોતાની ઇચ્છા નથી એમ પ્રત્યુત્તર આપે. જેમણે હકારમાં પત્રનો જવાબ આપ્યો તેમાં રેવ. જેમ્સ ગ્લાસ્ગો પ્રથમ હતા. છેવટે ફોરેન મિશનની પસંદગી આ બે પાળકો પર ઊતરી, રેવ. જેમ્સ ગ્લાસ્ગો અને રેવ. એલેકઝાન્ડર કેર.

હજી તેઓ કુંવારા હતા. પરદેશમાં જતાં પહેલાં તેમને લગ્ન કરવાની સલાહ આપવામાં આવી. તેઓ પોતાની ડાયરીમાં ૨૭મી જૂન ૧૮૩૯ના દિવસે નોંધે છે કે આ દિવસે સાંજે હું બેલફાસ્ટના મીસ મેરી વિગ્ટમેન સાથે ફિશરવીક પ્લેસના રેવ. જેમ્સ મોર્ગનના શુભ હસ્તે લગ્નગ્રંથિથી જોડાયો. ૨૨મી જુલાઇ રેવ. ગ્લાસ્ગોને વિદાય આપવાનો સમારંભ કુકસટાઉનમાં યોજાયો ત્યારે તેમાં રેવ. એલેકઝાંડર કેર પણ હાજર હતા.

**મુસાફરીનો સમય :**

પછીના થોડા અઠવાડિયા મુસાફરીની તૈયારીમાં અને વિદાયગીરીના પ્રસંગોમાં હાજર રહેવામાં પસાર થઇ ગયાં. છેવટે તેમને તાકીદનો સંદેશો મળ્યો. 'આવતી કાલે સવારે બેલફાસ્ટથી ઉપડવા તૈયાર રહો. ૨૯મી ઓગસ્ટ ૧૮૪૦ના શનિવારની સવારે હલેસાવાળા વહાણ 'એથલોન' દ્વારા લાંબી અને ઐતિહાસિક વિશિષ્ટ પ્રકારની મુસાફરીએ જવા રેવ. એલેકઝાંડર કેર અને એલિનોર અને રેવ. ગ્લાસ્ગો પોતાની પત્ની મેરી સાથે વહાણમાં ચઢયાં. વહાણમાં તેઓ પોતાના દેશ, મંડળીઓ અને કુટુંબીજનોને યાદ કરતાં હતાં, તેઓ દર રવિવારે વહાણમાં ભક્તિસભા ચલાવતા હતા. હવે ખોરાક, પાણી અને ખાંડનો જથ્થો ખલાસ થવા આવ્યો હતો. ૨૬મી ફેબ્રુઆરી ૧૮૪૧ની સંધ્યાએ તેમને કર્મભૂમિ ભારતનાં દર્શન થયાં.

વહાણની મુસાફરી દરમ્યાન આ બંને જોડાંઓ એકબીજાની વધુ નજીક આવ્યાં. રેવ. ગ્લાસગો લખે છે કે (૮મી ઓકટોબર, ૧૮૪૦) આ સમયમાં અમે ભેગાં મળતાં તેથી વધુ પ્રેમના સંબંધમાં બંધાયાં હતાં. બાઇબલ વાચન અને મનનમાં સમય વિતાવતાં અમે સાથે લીધેલાં પુસ્તકોમાંથી મિશનરીઓનાં જીવન ચરિત્રનાં પુસ્તકો વાંચતાં. અમે બંને (ગ્લાસગો અને કેર) દરરોજ હિબ્રૂનો અભ્યાસ કરતા. પ્રભુ કૃપાથી એલિનોર કેર અને મેરી ગ્લાસ્ગો ભારત આવ્યા પહેલાંથી જ મિત્રો બની ગયાં હતાં. અત્યારે તેઓ બંને સગર્ભાવસ્થાના પ્રથમ તબક્કામાં છે. વતનમાંથી કોઇ સમાચાર મળ્યા નથી એટલે અમને ઘર, કુટુંબ, મિત્રો, મંડળી વગેરે યાદ આવે છે, અને ચિંતા થાય છે.

૨૬મી ફેબ્રુઆરી ૧૮૪૨ની સાંજે અમે ભૂમિની સુગંધ માણી બીજે દિવસે સવારે ૯-૦૦ વાગે જકાત વિધિ પતાવી મુંબઇના દરિયા કિનારે ઊતર્યાં. વિવિધ પ્રકાર અને રંગનાં મનુષ્યોને જોઇ અમે આશ્ચર્ય પામ્યા. ધારેલે સ્થળે સહિસલામત આવી ગયાં, તેથી આનંદ થયો અને અમે પ્રભુનો ખૂબ આભાર માન્યો.

**પ્રારંભની કસોટીઓ :**

ત્રણ માસ તેઓ ચારે મુંબઇમાં રેવ. (ડૉ.) જોન વિલ્સનને ત્યાં રહ્યાં, આરામ કર્યો, ગુજરાતી ભાષાના પંડિતોની સહાયથી તેઓ ગુજરાતી ભાષા શીખવા લાગ્યાં. સાંજે તેઓ મિત્રો અને અંગ્રેજ, સ્કોટિશ અને આઇરીશ અધિકારીઓ સાથે વિતાવતા. બે જુવાન પારસી ખ્રિસ્તીઓ તેઓ સાથે કલાકો રહેતા. તેઓની સાથે ધર્મની અને અહીંના લોકો, ભાષા, રીતરિવાજો, વાતાવરણ વગેરેની માહિતી મેળવતા. આસપાસના પ્રદેશમાં ફરતાં અને કુદરતી સૌંદર્ય જોઇ આશ્ચર્ય પામતાં હતાં.

રેવ. એલેકઝાંડર કેર આયર્લેન્ડના મિશનના આધિકારીઓને ૧લી એપ્રિલ, ૧૮૪૧માં પત્ર લખ્યો. 'આ દેશના નકશા પર દષ્ટિપાત કરતાં વધુ સારો વિસ્તાર મને દેખાતો નથી, કે જેમાંથી અંતે ભરપૂર ફાળો મેળવી શકાય... અમે બી વાવીએ ત્યાં સુધી તમે ધીરજ રાખજો... પ્રભુના માર્ગદર્શન અને આશીર્વાદની અમને જરૂર છે.'

વતન છોડયા પછી બરાબર નવ મહિને તેઓ સેવાક્ષેત્ર રાજકોટ પહોંચ્યા તે માટે તેઓએ પ્રભુનો પુષ્કળ આભાર માન્યો. ત્યાર પછી આઠમે દિવસે એટલે જૂન, ૧૧, ૧૮૪૧ના દિવસે રેવ. ગ્લાસ્ગોની દીકરી માગરેટ જેન કેવળ ત્રણ માસની વયે અવસાન પામી લાંબી દરિયાની મુસાફરી, સો માઇલની જમીન સફર અને ઉષ્ણા કટિબંધની સખત ગરમ આબોહવા તેનું નાજૂક શરીર આ બધું સહન કરી ન શકયું. રેવ. ગ્લાસ્ગો લખે છે કે, 'બહુ ટૂંકી મિશનરી કાર્યમાં મારા પ્રથમ જનિત બાળકને ભૂમિને સોંપીને મેં કાઠિયાવાડનો કબજો લીધો. મિશનરી સાહસનું આ પ્રથમ બલિદાન છે.'

રેવ. કેર નબળા શારીરિક બાંધાના હતા. તેઓ લાંબી દરિયાઇ મુસાફરી સહન કરી શકયાં નહીં. વળી, કાઠિયાવાડની સખત ગરમ આબોહવાએ તેમના શરીરમાંથી બધી શક્તિ હણી લીધી હતી. તેઓ સખત માંદા પડયા અને સાતેક દિવસની માંદગી પછી ૧૬મી ઓગસ્ટ ૧૮૪૧ના સોમવારે સવારે પોણા ચાર વાગે પ્રભુ પાસે સદાને માટે ચાલ્યા ગયા.

આ દુઃખદ સમાચાર જણાવવા રેવ. ગ્લાસ્ગોએ આયર્લેન્ડની મંડળીને પત્ર લખ્યો. 'વહાલા ભાઇ કેરના મૃત્યુએ મને ઊંડા દુઃખમાં ડુબાડી દીધો છે હું એકલો પડી ગયો છું. છતાં હતાશ થયો નથી. એ માટે પ્રભુ પર વધુ આધાર રાખવો પડશે.' રેવ, ગ્લાસ્ગોને ભારે ખોટ પડી હતી.

રેવ. ગ્લાસ્ગોની મદદમાં બીજા ચાર મિશનરીઓને ભારતમાં મોકલવા ઠરાવ્યું. તેઓમાંના રેવ. રોબર્ટ મંટગમરી અને રેવ. એ. ડી. ગ્લાસ્ગો ૧૪મી માર્ચ, ૧૮૪૨ના રોજ ભારત આવ્યા. તેઓની મદદથી સુવાર્તા પ્રચારનું કાર્ય ચાલુ રાખ્યું. રાજકોટ, પોરબંદર અને ઘોઘામાં મિશન કેન્દ્રોમાં રહી તેમણે આસપાસના વિસ્તારોમાં સુવાર્તા

પ્રગટ કરી. ગુજરાતીમાં તૈયાર કરેલ ટ્રાકટો લેવા દૂર દૂરથી લોકો આવતા હતા. ઘણીવાર તો ટ્રાકટો ખૂટી પડતી હતી. રેવ. ગ્લાસ્ગોએ ગુજરાતી ભાષામાં ઘણી ટ્રાકટો છપાવી હતી. અત્યાર સુધી ટ્રાકટો મુંબઇ કે સુરતમાં છપાવવી પડતી હતી. તેમાં સમય, શક્તિ અને નાણાંનો ઘણો વ્યય થતો હતો સને ૧૮૪૭માં લંડન મિશનરી સોસાયટી (LMS) એ સુરતનું તેમનું કાર્ય આઇ. પી. મિશનને સોંપ્યું તેમની મિલ્કત પણ સોંપી હતી. જેમાં સુરત મિશન પ્રેસનો પણ સમાવેશ થતો હતો.

મિશન પ્રેસ, સુરતમાં હવે ટ્રાકટો પુસ્તિકાઓ છાપવાની શરૂ થતાં રેવ. ગ્લાસ્ગોનું કાર્ય સરળ બન્યું. તેઓ માનતા હતા કે મૌખિક સુવાર્તા પ્રચારના કાર્ય કરતાં આ માધ્યમ વધુ અસરકારક છે. તેને લોકો પોતાની પાસે સરળતાથી રાખી શકે, જ્યારે વાંચવાની ઈચ્છા થાય ત્યારે અને તેટલીવાર વાંચી શકે, બીજાઓને વાંચવા આપી શકે, બહોળા પ્રમાણમાં સસ્તી ટ્રાકટો વેચી શકાય અથવા મફત પણ આપી શકાય-છાપેલા શબ્દોની ખૂબ ભારે અસર છે. કેટલીક ટ્રાકટોના શીર્ષક આવાં હતાં તે દરેક ૧૨ પૃષ્ટની હતી ! ઉત્પત્તિ 'પડતી', સર્વ મનુષ્યોએ દસ આજ્ઞાઓનું પાલન કરવું, પુનરુત્થાન, પવિત્રતા, પ્રાર્થના પ્રભુ પાસે પાછા જવું, પ્રશ્નોત્તરાવલી વગેરે.

રેવ. ગ્લાસગોએ ગુજરાતી ભાષા બોલવા, લખવા અને ઉપદેશ આપવા પર સારો કાબૂ મેળવી લીધો હતો. હિબ્રૂ ભાષાનો અભ્યાસ તેમને બાઇબલના ભાષાંતરમાં સારો કામ લાગ્યો હતો. આ ઉપરાંત તેઓ સંસ્કૃત, હિંદી, મરાઠી વગેરે ભાષાઓ પણ શીખવતા હતા. સંસ્કૃત ભાષા હિંદુ લોકો સાથે સુવાર્તા અંગે વાત કરવામાં ખૂબ ઉપયોગી થતી. તેમના સંસ્કૃતના જ્ઞાનથી હિંદુ લોકો ખૂબ પ્રભાવિત થતા હતા. તેમણે પોતાનું ધ્યાન અને કાર્ય સાહિત્ય પ્રકાશનમાં જ કેન્દ્રિત કર્યું.

રેવ. જેમ્સ ગ્લાસગોના પ્રયત્નથી કાઠિયાવાડની પ્રેસ્બિટેરિયન વાર્ષિક સભામાં એવો ઠરાવ પસાર કરાવ્યો કે 'સુવાર્તા પ્રચારના કાર્યને વેગવાન બનાવવા મિશને પ્રાથમિક શાળાઓ શરૂ કરવી જોઇએ. તેમાં નાનાં મોટાં સર્વને શિક્ષણ આપવામાં આવે.' આયર્લેન્ડની મંડળીની મંજૂરી મળતાં જ તેમણે રાજકોટમાં પોતાના ઘર આંગણે છોકરાઓ માટે એક અને છોકરીઓ માટે એક એમ બે પ્રાથમિક શાળાઓ શરૂ કરી. આ પાયાનું કામ હતું મિશનરીઓની પત્નીઓ શાળા ચલાવવાનું કાર્ય કરતી હતી. મુશ્કેલી એ હતી કે ગુજરાતી ભાષામાં શાળાપયોગી પાઠયપુસ્તકો જ ન હતાં. અરે ! ગુજરાતી ભાષામાં ગદ્ય પ્રકારનું સાહિત્ય જ હજી શરૂ થયું ન હતું. મિશનરીઓની સહાયથી રેવ. ગ્લાસ્ગોએ શાળાપયોગી પોથી ભાગ-૧ રચી ૧૮૪૮ અને શાળાના ઉપયોગમાં લેવી શરૂ કરી. તેમાં ભાષા, ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, નીતિશાસ્ત્ર વગેરે એક જ પાઠ્ય પુસ્તકમાં હતા. હું પણ ધોરણ ૧ થી ૪ આવા એક જ પાઠ્ય પુસ્તકથી ભણ્યો છું. ગણિતનું પાઠ્યપુસ્તક જ ન હતું. તે એમ જ શીખવવામાં આવતું હતું. એક જ પાઠય પુસ્તક અને પથ્થરની સ્લેટ લઇ શાળામાં જવાનું. બધું જ લેખન, ગૃહકાર્ય વગેરે આ સ્લેટમાં જ

કરવાનું. નોટબૂકોનું તો નામનિશાન ન હતું. આયર્લેન્ડ મંડળીને જાણ થતાં, તેની જાહેરાત કરતાં આયર્લેન્ડની 'સન્ડે સ્કૂલ'નાં બાળકોના દાનમાંથી પહેલા ભાગનો બધો જ ખર્ચ આપવામાં આવ્યો હતો. ગુજરાતી ભાષાની શાળાઓ માટે તેમણે ગદ્ય અને પદ્ય પાઠોની રચના કરી, પાઠય પુસ્તકોના અન્ય ભાગો પ્રસિધ્ધ કર્યાં. અર્વાચીન ગદ્ય સાહિત્યનો પાયો નાખનાર અને પ્રથમ વખત જ ગુજરાતી શાળાઓ માટે પાઠય પુસ્તક રચનાર અને પ્રસિધ્ધ કરનાર આ પરદેશી મિશનરીઓ હતા.

રેવ. ગ્લાસગોએ ૧૮૪૭માં 'ખ્રિસ્તી આચરણ' લખ્યું. તે મિશન પ્રેસ, સુરતમાં આઇ. પી. મિશન દ્વારા છપાયેલ પ્રથમ પુસ્તક હતું. રેવ. ગ્લાસ્ગોએ ૧૮૫૦ ગીતશાસ્ત્રમાં પચાસ ગીતોનું પુસ્તક પદ્યમાં રચી પ્રસિધ્ધ કર્યું. તેમાંના ૨૮ ગીતો મધુર અને લોકપ્રિય બન્યાં હોવાથી ભજન સંગ્રહમાં આજે પણ છે અને તે બહોળા પ્રમાણમાં ગવાય છે.

રેવ. જેમ્સ ગ્લાસગોએ સુવાર્તિક કાર્યને વેગ આપવા અને મિશન પ્રેસ, સુરતને મદદરૂપ થવા 'ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટી'ની સને ૧૮૫૨માં સ્થાપના કરી. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના અધિકારીઓએ શરૂઆતમાં આ સોસાયટીને ખૂબ મદદ કરી હતી. ૧૮૫૭-૧૮૬૪ સુધી રેવ. ગ્લાસગો સોસાયટીના સેક્રેટરી રહ્યા હતા. તેમણે તેમના છેલ્લા (૧૮૬૪ના) વાર્ષિક અહેવાલમાં જણાવ્યું હતું કે આજ સુધી સોસાયટીએ ૪૩ નાનાંમોટાં પુસ્તકો પ્રસિધ્ધ કર્યાં છે. સોસાયટી સંયુક્ત છે એટલે પ્રોટેસ્ટન્ટ મંડળીઓના સહકારમાં ૨૦૪ ટ્રાકટો પ્રસિધ્ધ કરી છે. રેવ. જી. વિલ્સન 'મારા ઋણ'માં લખે છે કે, ટ્રાકટ સોસાયટીનો પાયો નાખનાર આપણા મિશનના અગ્રેસર રેવ. (ડૉ.) જેમ્સ ગ્લાસ્ગો હતા માટે આપણને આ સંસ્થા વિશેષ પ્રિય લાગે તે સ્વાભાવિક છે.

બાઇબલ રિવિઝનના સભ્ય તરીકે રેવ. ગ્લાસગોએ ૧૮૬૧ની બાઇબલની પ્રખ્યાત આવૃત્તિમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. તે કમિટિમાં અન્ય સભ્યો હતા રેવ. જોન વિલ્સન (મુંબઇના સ્કોરીશ મિશનરી અને વિલ્સન કોલેજના સ્થાપક, મુંબઇ) રેવ. જે. વી. એસ. ટેલર (પ્રખ્યાત ખ્રિસ્તી કવિ અને 'ગુજરાતી વ્યાકરણના પિતા'નું બિરૂદ પ્રાપ્ત કરનારા) રેવ. હોર્મસજી પેસ્તનજી (તેઓ પારસમાંથી ખ્રિસ્તી થયેલા સદગૃહસ્થ હતા) કમિટિના સેક્રેટરી તરીકે છ વર્ષના સખત પરિશ્રમ પછી ગુજરાતી નવો કરાર છપાવ્યો હતો. તે આવૃત્તિ જ્યુબિલી આવૃત્તિ તરીકે પ્રખ્યાત છે.

તેમની વિદ્વતા, સુવાર્તાપ્રચારની ધગશ, ખ્રિસ્તી ધર્મ વિષેની ટ્રાકટો તૈયાર કરી છપાવનાર, અર્વાચીન ગુજરાતીમાં ગદ્યમાં ટ્રાકટો, પુસ્તિકાઓ અને પુસ્તકો રચનાર તેઓ પ્રથમ હતા. ગુજરાતી શાળાઓ માટે પાઠય પુસ્તકો રચનાર, કેળવણીમાં રસ લઇ ગુજરાતી શાળાઓ શરૂ કરનારની ખ્યાતિ ધરાવતા રેવ. ગ્લાસ્ગોને રોયલ એશિયાટિક સોસાયટીએ ફેલો નિમ્યા હતા. આવું માન અને સ્થાન પામનાર મિશનરીઓમાં તેઓ પ્રથમ હતા. અંગ્રેજ રાજ્યના મુંબઇ ઇલાકાના (તે સમયે મુંબઇ ઇલાકો કે રાજ્યમાં સિંધ, ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ અને મહારાષ્ટ્ર હતાં) કેળવણી ખાતાએ પણ તેમની સેવાઓની

કદર કરી ગુજરાતી ભાષાના નિયામક અને ભાષાંતરકાર તરીકે તેમને નિમણુક આપી હતી. સાહિત્ય દ્વારા સુવાર્તા પ્રચાર, ટ્રાકટ, પુસ્તિકાઓ, પુસ્તકો લખનાર અને પ્રસિધ્ધ કરનાર, ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીના સ્થાપક, બાઈબલ રિવિઝન કમિટિના સભ્ય / સેક્રેટરી તરીકે ભાષાંતરની મહત્વની કામગીરી બજાવનાર રેવ. ગ્લાસ્ગોનું પ્રિન્સ્ટન યુનિવર્સિટીએ સન્માન કરવા ડી.ડી.ની (ડૉક્ટર ઓફ ડિવીનિટીની) (ધર્મશાસ્ત્ર) ડિગ્રી એનાયત કરી.

પ્રાથમિક શાળાઓ, અનાથાશ્રમો, ઈશ્વરવિદ્યાશાળાનો પ્રથમ વર્ગ, દવાખાનું, છાપખાનું, ડૉક્ટર મિશનરી મોકલવા ભલામણ કરવાનું કાર્ય ગુજરાતમાં શરૂ કરનાર અને સારા પાયા પર મૂકનાર તેઓ પ્રથમ આયરીશ મિશનરી હતા. આ બધી સેવાઓના ક્ષેત્રો સુવાર્તા પ્રચારને ખૂબ ઉપકારક નિવડયાં.

આવા બહુવિધ પ્રતિભાશાળી પ્રભુના સેવકે ગુજરાતમાં ૨૪ વર્ષની લાંબી અજાયબ જેવી સેવાઓ કરી. નિવૃત્ત થઇ વતન જતાં પૂર્વે તેમણે પોતાના સેવા ક્ષેત્રોની અંતિમ મુલાકાત લીધી જ્યાં તેમણે ખૂબ શ્રમ કર્યો હતો, દુઃખો વેઠયાં હતા અને સફળતા નિષ્ફળતાઓ મેળવી હતી. રાજકોટ, ઘોઘા, જૂનાગઢ અને અન્ય સ્થળોમાં ગયા ત્યાં પોતાની મહેનતમાં સુંદર પરિણામો જોઇ તેમની આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયાં હતાં. તેમને ખૂબ સંતોષ થયો અને તેમના મુખમાંથી આભારના અને સ્તુતિના ભજનો સરી પડયાં. સને ૧૮૬૪માં નિવૃત્ત થઇ તેઓ પોતાના વતનમાં ગયા.

સને ૧૮૬૩ની આયર્લેન્ડની જનરલ એસેમ્બલીમાં તેમની સેવાઓની નીચેના શબ્દોમાં નોંધ લેવાઇ છે.

ગુજરાતમાં રેવ. (ડૉ.) જેમ્સ ગ્લાસ્ગોએ લાંબા વર્ષોની સેવાઓમાં દરરોજ સતત અને સખત કામ કર્યું છે તેમનું શરીર અને મન કાયમ પ્રવૃત્તિશીલ રહેતાં હતાં. તેમની સાહિત્યસેવા વિષે જાણી સર્વ લોકો તેમની ખૂબ પ્રશંસા કરતા હતા. તે સમયની ભારતની સરકારે તેમની નિમણુક મહત્વના અને જવાબદારીભર્યા સ્થાનો પર કરી તેમનું બહુમાન કર્યું હતું. તેમના લેખન, ભાષાંતર અને સુવાર્તિક કાર્યની સુવાસ અવશ્ય પ્રભુ સુધી પહોંચી હશે. તેમના સ્વાર્પણની શી વાત કરવી ? ૧૦-૧૦ વર્ષો સુધી તેઓ પોતાના કુટુંબથી દૂર, ઉષ્ણકટિબંધની ખૂબ ગરમ આબોહવામાં ગાળ્યા હતા. નિવૃત્ત થયા પછી તેમની ઈચ્છા પોતાની મંડળી અને વતનની સેવા કરવાની હતી, પણ તે સેવાઓ કરતાં તેમને કુટુંબથી જુદા પડવું પડે એમ હોવાથી મિશને તેમને રજા ન આપી.

રેવ. (ડૉ.) ગેલાસ્ગોના મિત્ર, શુભેચ્છક અને સલાહકાર રેવ. જેમ્સ મોર્ગને. ૯મી એપ્રિલ ૧૮૬૪ના રોજ પોતાની ડાયરીમાં નીચે પ્રમાણે નોંધ કરી હતી. ‘રેવ. (ડૉ.) ગ્લાસ્ગો ગુજરાતમાં ૨૪ વર્ષની ફળદાયી પ્રભુ સેવાઓ કરી વતનમાં પાછા આવ્યા છે. ૧૦ વર્ષ પૂર્વે તેઓ વતનમાં આવ્યા ત્યારે તેમની પત્ની તબિયત સારી ન હતી, છતાં કુટુંબને મૂકીને તેઓ એકલા જ ગુજરાતમાં પાછા ગયા હતા. દશ વર્ષ સુધી કુટુંબના દર્શન

થયાં ન હતાં છતાં આ વિષે તેમણે કદી કચકચ કરી ન હતી. સફળતાપૂર્વક તેમણે મિશનની અને પ્રભુની સેવા કરી.·જેથી તંદુરસ્તીમાં તેઓ ગુજરાત ગયા હતા, તેવી જ સારી તંદુરસ્તીમાં તેઓ પાછા વતન આવ્યા હતા. તેમનું જીવન અને કાર્ય પ્રશંસાપાત્ર છે. બાઇબલનું ભાષાંતર, ગુજરાતી સાહિત્યની સેવાઓ, સુવાર્તિક કાર્ય વગેરે ખૂબ આશીર્વાદિત થયાં છે. ૨૪ વર્ષો ઝડપથી પસાર થઇ ગયાં છે, પણ પ્રભુનું કાર્ય હંમેશા વિસ્તરતું જ જાય છે અને ઊંડા મૂળ નાખતું જાય છે.

જુલાઇ, ૧૮૬૪માં બેલફાસ્ટમાં ભરાયેલી જનરલ એસેમ્લીમાં તેઓ હાજર રહ્યા હતા. ત્યાં તેમના કાર્યની પ્રશંસા કરી, તેમનું બહુમાન કરવામાં આવ્યું ને તેમને 'ફોરેન મિશન'માં જોડાતા નવા મિશનરીઓની સઘળી વ્યવસ્થાની જવાબદારી સોંપવામાં આવી, તેનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો. ગુજરાતના તેમના વિવિધ અનુભવો અને લાંબા સમયની સેવાઓના સંદર્ભમાં આ સેવા ખૂબ મહત્વની, માનભરી અને વિશ્વાસુપણાની હતી.

જનરલ એસેમ્બલીએ મિશનના ડાયરેક્ટરોએ અને ઇશ્વરવિદ્યાશાળાના પ્રોફેસરોને વિનંતી કરી કે, "વતનમાં તેમની સેવાઓનો ક્યાં અને કેવો ઉપયોગ કરવો તે વિગતવાર જણાવો." તેઓના તરફથી ઘણાં સૂચનો આવ્યાં. પરિણામે તેમને બેલફાસ્ટની એસેમ્બલીની કોલેજમાં અને લંડન કેરીની મેગી કોલેજમાં પૂર્વની અર્વાચીન ભાષાઓના પ્રોફેસરની નિમણુક કરી. ઘણાં લાંબા વર્ષો સુધી તેમણે વિશ્વાસુપણે આ સેવા બજાવી. સને ૧૮૮૬માં તેમની પત્નીનું અવસાન થયું, તેથી તેઓ પોતાની પરિણીત પુત્રી સાથે પોર્ટડાઉન રહેવા ગયા. ત્યાં આગળ તેમને ત્યાંની મંડળીએ વડીલ નિમ્યા.

૩૦મી જૂન, ૧૮૯૦ના રોજ ૮૫ વર્ષની પાકટ ઉંમરે તેઓ પ્રભુમાં સદાનો વિસામો પામ્યા.

જનરલ એસેમ્બલીએ તેમને નીચે મુજબ અંજલિ આપી :

રેવ. (ડૉ.) ગ્લાસ્ગો વિશાળ દૃષ્ટિ ધરાવતા મહામાનવ હતા તેઓ સારા ગણિત શાસ્ત્રી હતા. મુંબઇ યુનિર્વસિટીએ તેમના ગણિતના જ્ઞાનની કદર કરી, તેમને ગણિત શાસ્ત્રીનું માન આપ્યું, પણ તેનો તેમણે સ્વીકાર કર્યો ન હતો. તેઓ કલાસિકલ અને અર્વાચીન ભાષાોના નિષ્ણાત હતા. ઇન્ડિયન સીવિલ સર્વિસની (ICS) પરીક્ષાના તેઓ વર્ષો સુધી ગુજરાતી વિષયના પરીક્ષક રહ્યા હતા. રેવ. (ડૉ.) ગ્લાસ્ગોનું જીવન 'જીવતા પ્રેરિત' જેવું હતું. જેઓ તેમને ઓળખતા તેઓ સર્વ તેમના તરફ માનથી જોતા. તેમની મંડળી અને દેશપરદેશની ઘણી મંડળીઓએ તેમને ભવ્ય અંજલિઓ આપી હતી.

આયર્લેન્ડના 'Daybreak' નામના મિશનરી સામયિકે તેમને સાદી, યોગ્ય અને મુદ્દાસર અંજલિ આપી હતી. 'તેઓ ખૂબ ધાર્મિક અને પ્રત્યેક કાર્યમાં વિશ્વાસુ હતા. જેઓ તેમને ઓળખતા તેઓ સર્વ તેમને ચાહતા અને માન આપતા હતા. જ્યુબિલીની

જનરલ એસેમ્બલીમાં હાજર રહેવાની તેમને ઘણી ઇચ્છા હતી, પણ ત્યાર પહેલાં પ્રભુએ તેમને પોતાની પાસે બોલાવી લીધા.

તેમની પુત્રી મિસીસ અચેસને 'The Irish Presbyterian' માસિકના નવેમ્બર, ૧૯૦૩ના અંકમાં પોતાના પિતાને અંજલિ આપતાં લખ્યું હતું.

તેમનું વ્યક્તિત્વ અસાધારણ હતું. તેમને ઓળખનાર બધા જ કહેતા કે તેમનું મગજ જીવતું 'એનસાયકલોપેડીયા' જેવું હતું. તેમના મનમાં ઘણા પ્રકારની અઢળક માહિતી ભરેલી હતી. વિજ્ઞાન, ગણિત, સાહિત્ય, ફિલસૂફી, બાઇબલ વગેરે વિષયોમાં નિપૂણ હતા. કાવ્યોમાં તેમને રસ હતો તેમની યાદદાસ્તમાંથી, તેમની ઇચ્છા પ્રમાણે તેમના હૃદયમાંથી કાવ્યો સરી પડતાં હતાં. દુનિયાના જ્ઞાન માટે મળતા માનને તેમણે એક બાજુ પર મૂકીને, પ્રભુની સેવામાં તેઓ હંમેશા વ્યસ્ત રહેતા.

ઘરમાં તેઓ નાનીમોટી બાબતોમાં કહેવતરૂપ હતા. શારીરિક અને માનસિક બાબતોમાં હિંમતવાન હોવા છતાં, તેમની પાસે બાળક જેવું કોમળ હૃદય હતું. રેવ. (ડૉ.) ગ્લાસ્ગોને નાનાં બાળકો ખૂબ પ્રિય હતા, ગંભીર અને પ્રેમાળ આંખોવાળી આ વ્યક્તિ પાસે જઇ વાર્તા કહેવા કે ચિત્ર માગવા કદી નાનાં બાળકો ડરતાં ન હતા. 'આકાશનું રાજ્ય તેવાંઓનું જ છે !

આવા અગ્રેસર મિશનરીના જીવનમાંથી પ્રેરણા લઇ આપણી ભવિષ્યની પેઢીને તેમના જીવનને વારંવાર પુલપિટ પરથી જણાવી આપણે તેમના પ્રત્યેનું આપણું ઋણ અદા કરીએ. અને આવા બહુવિધ પ્રતિભાશાળી મહામાનવના જીવન માટે અને ગુજરાતમાં તેમની અજાયબ જેવી સેવાઓ માટે આપણે પ્રભુનો આભાર માનીએ.

# અનુક્રમણિકા


વિભાગ-૧ : ગ્લાસ્ગો યુગ (૧૮૫૨ થી ૧૯૦૦)
વિભાગ-૨ : ખ્રિસ્તી સાહિત્યનો સુવર્ણ યુગ (૧૯૦૧ થી ૧૯૪૭)
વિભાગ-૩ : ચૌહાણ યુગ (૧૯૪૮ થી ૨૦૦૦)

**પરિશિષ્ટ : ૧**

૧. અ ૧૯૧૩ ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીનું ટાઈટલ છાપવું.
   બ જનરલ કમિટિ આખું પાનું બધું જ છાપવું.
   ક ૧૯૧૩ સોસાયટીના નિયમો છાપવા.
૨. ૧૯૫૮ બંધારણ
૩. ૧૯૬૭-૬૮ બંધારણ

**પરિશિષ્ટ : ૨**

મિશન પ્રેસ સુરત સુપ્રિન્ટેન્ડેન્ટ સને ૧૮૪૭-૧૯૫૯

**પરિશિષ્ટ : ૩**

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીના હોદ્દેદારોની યાદી (૧૯૩૩ થી ૨૦૦૦)

**પરિશિષ્ટ : ૪**

**પ્રકાશનોની વિગતવાર યાદી**

૧. સને ૧૯૧૩ના રિપોર્ટમાં છે તે.
૨. પુસ્તકોનાં નામ, લેખકો અને પ્રકાશનોની યાદી સને ૧૮૨૭ થી ૧૯૯૩ સુધી.
૩. ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીનાં પ્રકાશનો ૧૯૯૯ થી ૨૦૦૦ની યાદી.

**પરિશિષ્ટ : ૫**
સંદર્ભ ગ્રંથોની યાદી

## વિભાગ-૧

# ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટી

**સ્થાપના : ૧૮૫૨**

**આઈરીશ મંડળીનું દર્શન :**

"પ્રભુ તેમની મંડળી આખી પૃથ્વી પર સ્થાપે ત્યાં સુધી આપણે રાતદિવસ પ્રાર્થના, પ્રયત્નો અને પ્રભુ માટે દાન આપવામાં પાછા પડીશું નહીં."

ઉપરોક્ત વાકયોમાં ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીની સ્થાપનાનાં બીજ પડેલાં છે, તેથી આ પ્રસંગ અને તેનો થોડો ઈતિહાસ જાણવો આપણે માટે જરૂરી છે.

આયર્લેન્ડની અલસ્ટર સિનડે ૧૧મી સપ્ટેમ્બરે, ૧૮૩૩ના રોજ ડબ્લિનમાં એક મિટિંગ રાખી હતી. તેમાં હાજર રહેલા સભ્યોએ પ્રેમ અને ભાતૃભાવના વાતાવરણમાં પરદેશમાં આયર્લેન્ડની પ્રેસ્બિટેરી સુવાર્તા પ્રચાર શરૂ કરે તેવો નિર્ણય કરી, ઠરાવ પસાર કર્યો. તેથી આઈરીશ પ્રેસ્બિટેરિયન મિશનના ઈતિહાસમાં એક નવો યુગ શરૂ થયો. 'ફોરેન મિશન'ની સ્થાપના થતાં જ તેના ડાયરેકટરોએ ચર્ચા વિચારણાને અંતે ગુજરાત અને કાઠિયાવાડને પોતાના ભવિષ્યની સેવાના ક્ષેત્ર તરીકે પસંદ કર્યો. ઘણી પ્રાર્થનાઓ, વિચારણાઓ અને સૂચનો પછી પોતાની સિનડના પાળકોમાંથી ડાયરેકટરોએ ૨૦ જુવાન, ધાર્મિક, પ્રભુને સમર્પિત અને ઉત્સાહી પાળકો પર પત્રો લખ્યા. પત્રમાં તેમને પૂછવામાં આવ્યું હતું કે, "શું તમે પરદેશમાં કોઈ સ્થળે મિશનરી સેવા કરવા, પ્રાર્થના અને ગંભીરતાપૂર્વક સમર્પણ કરવા તૈયાર છો ? તેઓમાંથી સાત જણે આ પડકાર રાજીખુશીથી સ્વીકાર્યો. તેઓમાંથી બેને પસંદ કરવામાં આવ્યા. પ્રભુની ઈચ્છા જાણવા અને તે પ્રમાણે કરવા ૧૧મી નવેમ્બર, ૧૮૩૮ના રવિવારે ખાસ પ્રાર્થના કરવા બધી મંડળીઓને વિનંતી કરી. રેવ. જેમ્સ ગ્લાસગો અને રેવ. એલેકઝાંડર કેર પસંદગી પામેલા પાળકો હતા. રેવ. ગ્લાસગો કેસલડોસન ગામની મંડળીના પાળક હતા અને રેવ. કેર પોર્ટડાઉન મંડળીના પાળક હતા. આ બંને પાળકો પોતાની મંડળીમાં પ્રિય હતા. મંડળીના સભ્યો તેમને મૂક્ત કરવા તૈયાર ન હતા. આવા સારા ધાર્મિક પાળકો તેઓ ગુમાવવા માગતા ન હતા.

૨૮મી જુલાઇ, ૧૮૪૦ના દિવસે પોર્ટડાઉન પ્રેસ્બિટેરિયન મંડળીમાં તેઓની વિદાયગીરીનો સમારંભ યોજવામાં આવ્યો હતો. તેમાં ભાગ લેવા ઘણે દૂરથી કેટલાક પાળકો અને લોકો આવ્યા હતા. સમારંભના અંતિમ વક્તા હતા રેવ. જે. આર. મેકએલિસ્ટર. તેમણે સભાજનોને જોરદાર અપીલ કરી અને સભાજનો તે સ્વીકારશે જ એમ માની તેઓ પ્રતિજ્ઞારૂપે શરૂઆતનાં વાક્યો બોલ્યા હતા, તે આજ સુધી ત્યાંના લોકોના કાનમાં ગુંજતા જ રહ્યા છે. તેઓ મિશનરીના કાર્યને આજ સુધી ભૂલ્યા નથી.

અને અહીં ગુજરાતમાં સ્થપાયેલ મંડળીના સમાચાર જાણવા અને મદદ કરવા દર વર્ષે બે કે ત્રણ પ્રતિનિધિઓ મોકલે છે અને સમાચારો સાંભળી પ્રભુનો આભાર માને છે, અહીંની મંડળીઓ માટે પ્રાર્થના કરે છે અને તેમણે પ્રભુને આપેલા વચનને તાજું કરે છે.

## દરિયાઇ મુસાફરીની મુશ્કેલીઓ :

૨૯મી ઓગસ્ટ, ૧૮૪૦ના શનિવારે સવારે 'એથલોન' નામના સઢવાળા વહાણમાં લાંબી અને ઐતિહાસિક ભારતની મુસાફરીએ રેવ. ગ્લાસ્ગો અને મેરી અને રેવ. કેર અને એલિનોર વહાણ પર ચઢયાં. ૧૫૦ વર્ષ પૂર્વે દરિયાઇ મુસાફરી કરવી જોખમ ગણાતું. સમુદ્રી તોફાન, લાંબી ધીમી કંટાળાજનક મુસાફરી, તાજા ખોરાક પાણીની તંગી, ભેજવાળી આબોહવા, એકાંત અને વતનથી દૂર જવાની વ્યથાનું વર્ણન આપણને પણ ગામગીન બનાવી દે છે.

ત્રણ માસની કંટાળાજનક મુસાફરી કરી ૨૬મી ફેબ્રુઆરી, ૧૮૪૧ના સવારે ૯-૦૦ વાગે તેઓ મુંબઇ બંદરે ઊતર્યા. નવો દેશ, અજાણી ભાષા, વિવિધ રંગના લોકો, સમૃદ્ધ જંગલો અને રંગબેરંગી પશુપક્ષીઓ જોઇ તેઓ આશ્ચર્યચક્તિ થઇ ગયાં.

તેઓ શરીરે અશકત થઇ ગયાં હતાં, તેથી આરામ કરવા, અહીંના દેશ અને વાતાવરણથી માહિતગાર થયા અને ગુજરાતી ભાષા શીખવા તેઓ મુંબઇમાં સ્કોટીશ મિશનરી રેવ. જોન વિલ્સનને ત્યાં ત્રણ માસ રોકાયાં. આ બંને મિશનરી જોડાં રેવ. જોન વિલ્સન અને પારસીમાંથી ખ્રિસ્તી થયેલા એક ૧૭ વર્ષના જુવાન ધનજી નવરોજ સાથે ૨૨મી, મે, ૧૮૪૧ના રોજ પોતાના સેવાક્ષેત્ર કાઠિયાવાડ જવા વહાણમાં બેઠાં. ૩૦૦ માઇલની મુસાફરી કરી ઘોઘા બંદરે ઊતર્યાં.

દરિયા કિનારે રહ્યાં અને તરત જ સુવાર્તા પ્રચારનું કાર્ય શરૂ કર્યું. મુંબઇથી લાવેલ ટ્રાકટો વહેંચી, વેચી અને ખ્રિસ્તી ધર્મ વિષે લોકોને જણાવ્યું. વતન છોડયા પછી ૯ મહિને તેઓ પોતાના સેવાક્ષેત્ર રાજકોટ પહોંચ્યા ત્યાં તેઓની મુશ્કેલીઓનો પાર ન હતો. નાનાં ઘરો, ગંદકી, અજ્ઞાન અને અંધશ્રધ્ધામાં જીવતા લોકોને જોઇ તેઓ ખૂબ દુ:ખી થયા. રાજકોટ પહોંચ્યાના આઠમે દિવસે ૧૧મી જૂન ૧૮૪૧ના દિવસે રેવ. ગ્લાસ્ગોની ત્રણ માસની દીકરી માગરેટ જેન અવસાન પામી. લાંબી દરિયાઇ મુસાફરી, ખૂબ ગરમ આબોહવા તેનું નાજૂક શરીર સહન કરી શકયું નહી. આ ઘા મિશનરીઓ માટે મોટો હતો. પણ તેથીએ મોટો ઘા પડયો ૧૬મી ઓગસ્ટ, ૧૮૪૧ના રોજ રેવ. કેર અવસાન પામ્યા. તેઓ નબળા બાંધાના હતા. દરિયાઇ મુસાફરીએ તેમના શરીરની સર્વ શક્તિઓ હણી નાખી હતી. તેઓ સખત બિમાર પડયા અને અવસાન પામ્યા. રેવ. ગ્લાસ્ગો માટે આ ઘા જીરવવો મુશ્કેલ હતો. તેઓ એકલા પડી ગયા હતા. બે બાનુઓ અને એક નાના બાળકની જવાબદારી હવે તેમણે વહન કરવાની હતી. નવો પ્રદેશ, નવું

વાતાવરણ, વિવિધ પ્રકારના લોકો, ન કોઇ સહારો, આ મિશનરીની માનસિક દશા કેવી થઇ હશે ? પણ પ્રભુને સમર્પિત આ પ્રભુના સેવક હતાશ-નિરાશ ન થયા. તેમણે સેવાકાર્ય ચાલુ જ રાખ્યું.

**મદદની જરૂર અને માગણી :**

મુંબઇથી સાથે લાવેલી જથ્થાબંધ ટ્રાકટો થોડા સમયમાં જ વહેંચાઇ ગઇ. રેવ. કેરે નોંધ કરી હતી, કે સવારથી સાંજ સુધી દૂરદૂરના ગામોમાંથી અસંખ્ય લોકો ટ્રાકટો લેવા આવતા હતા. અમારા ઘરના દરવાજે હંમેશા ભીડ રહેતી. કોઇપણ વ્યક્તિ ટ્રાકટ લીધા સિવાય પાછો ઘેર જવા ઇચ્છતો ન હતો. આ લોકોની ટ્રાકટો માટેની આતુરતા જોઇ રેવ. ગ્લાસ્ગો અને રેવ. કેરને લાગ્યું કે, છાપેલી પત્રિકાઓ (ટ્રાકટસ) અસરકારક સુવાર્તા પ્રચારનું સૌથી સસ્તુ અને કાયમ ઉપલબ્ધ માધ્યમ છે. તેમણે આયર્લેન્ડની સિનડના 'ફોરેન મિશન'ને પ્રથમ વિનંતી કરતો પત્ર લખ્યો, 'અમને એક સારું પ્રિન્ટીંગ પ્રેસ મોકલી આપો.'

વળી તેમને બીજા મિશનરીઓની મદદની જરૂર જણાઇ. ફોરેન મિશને તેમની વિનંતી મંજૂર રાખી ૧૮મી ઓકટોબર ૧૮૪૧ના રોજ કાર્યવાહક સમિતિએ ઠરાવ કરી બીજા છ મિશનરીઓ મોકલવા તૈયારીઓ કરી. ૨૩મી માર્ચ, ૧૮૪૩ તેઓ ઘોઘા પહોંચ્યા. હવે રેવ. ગ્લાસ્ગો અને રેવ. રોબર્ટ મંટગમરી પોરબંદર કેન્દ્રમાં રહ્યા. તેનાં હવાપાણી એકંદરે તંદુરસ્તીને અનુકૂળ હતાં.' વળી કંપની સરકારના ઘણા અધિકારીઓ અહીં રહેતા હતા તેમની હૂંફ અને મદદ મળતી હતી.

એક મેડિકલ મિશનરી મોકલવા પણ જણાવેલ હતું તેઓએ લખ્યું હતું કે, અહીંના લોકો આરોગ્યના નિયમો જાણતા નથી. અંધશ્રધ્ધા અને ધાર્મિક બંધનોએ સામજિક પ્રશ્નો ઊભા કર્યા હતા. તેઓ સામાન્ય દવાઓ ઘેરઘેર જઇ માંદાઓને આપતા હતા. આ સેવા વિસ્તરે તો તે સુવાર્તાપ્રચારને ખૂબ મદદરૂપ થાય એમ છે.

**રેવ. જેમ્સ ગ્લાસગોની સાહિત્ય સેવાની શરૂઆત :**

રેવ. ગ્લાસગો માનતા હતા કે સુવાર્તા પ્રચાર માટેનું સૌથી મહત્વનું માધ્યમ છાપેલી ટ્રાકટો છે. ટ્રાકટ ગમે ત્યાં લઇ જઇ શકાય, ગમે ત્યારે વાંચી શકાય, ભવિષ્યને માટે સંગ્રહી શકાય, અન્યને વાંચવા આપી શકાય; અને તેમાંના સંદેશા પર મનનચિંતન કરી શકાય તેમ હોવાથી વધુ ઉપયોગી સાબિત થાય છે. વળી તેમાં આપેલાં વચનો-જીવનોનાં પરિવર્તન કરાવવા કેટલાંક શબ્દો જીવન પર હંમેશ માટે ઘેરી અસર મૂકી જાય છે તે શક્તિમાન છે.

સુરતના ભાઇચંદ નરસિંહદાસ પૈસાદાર કણબી પટેલ હતા. તેમણે એલેકઝાંડર ફૈવીનું એક ભાષણ સાંભળ્યું, તેમને તેમાં ખૂબ રસ પડયો. એટલે તેમણે મુંબઇના સ્કોટીશ

મિશનરી રેવ. જોન વિલ્સનની એક અંગ્રેજી પત્રિકાનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરી ભાઇચંદને વાંચવા આપી. તે પત્રિકા વાંચી ભાઇચંદનું બદલાણ થયું. તેમણે ૧૮૩૪માં બાપ્તિસ્મા લઇ ખ્રિસ્તી થયા. રેવ. વિલ્સન પણ લખે છે કે, 'કમલકાન્ત રાવે કેટલીક ખ્રિસ્તી ટ્રાકટો વાંચી, બાઇબલના કેટલાક ભાગો વાંચ્યા પછી તેમણે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો હતો. પોરબંદરના અબ્દુર રહેમાન મિશનરીઓને ગુજરાતી ભાષા શીખવતા હતા. બાઈબલ અને ખ્રિસ્તી ટ્રાકટો વાંચવાથી અને યોહાનની સુવાર્તાના આમુખ પરના લાંબા મનન બાદ તેમણે ખ્રિસ્તી થવાનો નિર્ણય કર્યો. ૧૮૪૩માં તેમણે રેવ. મંટગમરીના હસ્તે બાપ્તિસ્મા લીધુ હતું. તેમની અસરથી બે ત્રણ વર્ષમાં જ તેમના કુટુંબમાંથી તેર વ્યક્તિઓ ખ્રિસ્તી થઇ હતી.

આંકલાવના ગિરધર રૂપજી અને કાનવાડીના કુબેર આશારામે કેટલીક ખ્રિસ્તી ટ્રાકટો વાંચી હતી. તેઓ ખ્રિસ્તી ધર્મ વિષે વધુ જાણવા ચાલીને છેક સુરત ગયા. ('ઇસુના રાજની આગનાઓ' નામની ટ્રાકટ વાંચી, તેમાંની કેટલીક બાબતો સમજવા તેઓ સુરત ગયા હતા.) રેવ. કલાર્કસનને મળ્યા, તેમણે ખ્રિસ્તી થવાની ઇચ્છા દર્શાવી તેથી મિશનરીએ તેમને બીજું ખ્રિસ્તી સાહિત્ય વાંચવા આપ્યું. પછી તે વાંચી ગયા અને ફરી રેવ. કલાર્કસનને મળ્યા. કલાર્કસને તેમને કેટલાક પ્રશ્નો પૂછયા. પછી દશ આજ્ઞાઓ વિષે પ્રશ્ન પૂછયો ત્યારે ગિરધર બોલી ઊઠયા, "સાહેબ, અમે નવ આજ્ઞાઓ પાળીશું પણ ચોથી આજ્ઞા અમે નહીં પાળીએ." મિશનરીએ તેમને એક દાખલો આપ્યો આ ઘડિયાળની સાંકળની એક કડી હું તોડી નાખું તો શું આ ઘડિયાળ દિવાલ પર લટકતી રહી શકશે ? જવાબ આપ્યો, "ના, તે પડી જશે". એ જ રીતે એક જ આજ્ઞા ન પાળવાથી નર્કમાં જવાય." પછી તેમણે દશ આજ્ઞાઓ પાળવાનું કબૂલ કર્યું. ખ્રિસ્તી ટ્રાકટોની આ કેટલી મોટી અસર કહેવાય ?

વડોદરા પાસે સીસવા ગામના મુખી દેસાઇ ખોજીદાસ પત્રિકાઓ વાંચીને જ ખ્રિસ્તી થયા હતા. છેલ્લે એક વધુ દાખલો છે દેવાણના ગંગારામ દયાળજી. તેઓ તમાકુના વેપારી હતા. તેઓ તમાકુ વેચવા વડોદરા ગયા. ત્યાં તેઓ દેસાઇ ખોજીદાસના સંપર્કમાં આવ્યા, તેમણે ગંગારામને કેટલીક ટ્રાકટો વાંચવા આપી. ખોજીદાસ બીજી વાર આવ્યા ત્યારે તેમને રેવ. કલાર્કસન પાસે લઇ ગયા. તેમના પ્રયત્નોથી ગંગારામ ખ્રિસ્તી થયા. એક વાર તેઓ દેશી રાજના દરબારમાં જઇને બેઠા હતા. થોડીવાર પછી ગંગારામ ઊભા થયા અને હિંમતથી બધાને કહ્યું, 'આજથી હું ખરો ખ્રિસ્તી છું, હવે તમે મારા નહીં અને હું તમારો નહી.' આ ટ્રાકટોનું સામર્થ્ય છે !

રેવ. ગ્લાસગોએ કેટલીક ટ્રાકટો રચી અને તે મિશન પ્રેસ, સુરતમાં છપાવી. ઇ. સ. ૧૮૧૫માં લંડનથી લંડન મિશનરી સોસાયટી (LMS)ના મિશનરીઓ રેવ. વિલ્યમ

ફૈવી અને રેવ. જેમ્સ સ્કિનરે સુરતમાં મિશન કેન્દ્ર શરૂ કર્યું. ૧૮૨૦માં તેમણે પોતાની સાથે લાવેલા સાધનોથી મદદથી પ્રેસ તૈયાર કર્યું અને ટ્રાકટો, પુસ્તિકાઓ અને બાઇબલના ભાગોને ગુજરાતી ભાષામાં છપાવવાની શરૂઆત કરી.

**(૧) કેટલીક ટ્રાકટોના નામો નીચે મુજબ હતાં.**

'ત્રણ દુનિયા', 'ઉત્પત્તિ', 'પડતી', 'સર્વ મનુષ્યો પાપી છે', 'દશ આજ્ઞાઓના ખુલાસા', 'પ્રશ્નોત્તરાવલી', 'પુનરૂત્થાન', 'પવિત્રતા', 'પ્રાર્થના', 'પ્રભુ પાસે પાછા ફરવું' વગેરે વગેરે.

ગુજરાતમાં સૌથી પહેલું પ્રેસ શરૂ કરનાર અને ગદ્ય સાહિત્ય છાપનાર આ મિશનરીઓ હતા. તે સમયની ગુજરાતી ભાષા પારસી ગુજરાતી હતી તેમાં જોડાક્ષરો ન હતા. ૧૮૨૭માં નવો કરાર ગુજરાતીમાં છાપ્યો તેમાં કુલ ૯૫૦ પૃષ્ઠો હતાં અને ૧૮૨૯માં તેમણે આવો જૂનો કરાર છાપ્યો તેમાં કુલ ૧૯૫૧ પૃષ્ઠો હતાં. રેવ. ફૈવીએ અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની શાળાઓ શરૂ કરી, આમ આધુનિક ભારત-ગુજરાતમાં અર્વાચીન કેળવણીનો પાયો પરદેશી મિશનરીઓએ નાખ્યો હતો. આજે ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં આ વાત ભુલાઇ ગઇ છે.

L.M.S.ના મિશનરીઓએ પોતાનું સુરત કેન્દ્ર બંધ કરવાનો નિર્ણય કર્યો અને તે કેન્દ્ર અને મિલકતો આઇ. પી. મિશનને વેચાતી આપી, તેમાં મિશન પ્રેસ, સુરતનો સમાવેશ થતો હતો. હવે આઇરીશ મિશનરીઓને ટ્રાકટ, પુસ્તિકાઓ, બાઇબલના ભાગો છાપવાની સારી સગવડ મળી, તેનો તેમણે ભરપૂર ઉપયોગ કર્યો.

સને ૧૮૧૩માં મુંબઇ બાઇબલ સોસાયટીની શાખા શરૂ કરવામાં આવી તેમાં બાઇબલ અને તેના ભાગોનું વિવિધ ભાષાઓમાં ભાષાંતર કરી છાપવા અને પ્રસિધ્ધ કરવામાં આવ્યાં. રેવ. ગ્લાસ્ગો તેની ભાષાંતર કમિટિના સભ્ય હતા. તે કમિટિના અન્ય સભ્યો હતા, રેવ. ધનજી નવરોજ, રેવ. હોરમસ પેસ્તનજી અને એક હિંદુ પંડિત મંછારામ મદદગાર હતા. રેવ. બેરામજી મનચેરજી મલબારી, મુનશી અબ્દુર રહેમાન અને છગનલાલ ભગવાનદાસે કેટલીક મહત્વની ટ્રાકટો રચી. ગુજરાતમાં શાળાઓ શરૂ કરવાનું તેમાં વાપરવાનો પાઠ્ય પુસ્તકોની રચના અને પ્રસિધ્ધિ અને ગુજરાતી ભાષામાં ગદ્ય સાહિત્યને સારી કક્ષા પર મૂકનાર રેવ. વિલ્યમ ફૈવી, ડૉ. ડફ, રેવ. જેમ્સ ગ્લાસગો, રેવ. વિલ્યમ ગ્લાસગો (જેમ્સના ભાઇ) અને રેવ. રોબર્ટ મંટગમરી અગ્રણી ખ્રિસ્તી સાહિત્યકારો હતા.

'હિંદના બીજા ભાગોમાં જેમ પરદેશી મિશનરીઓએ કેળવણી ક્ષેત્રમાં અગ્રેસરનું કાર્ય કર્યું છે તેમ ગુજરાતમાં કેળવણી પણ આપવાનું કામ મિશનરીઓએ જ કર્યું છે. અમદાવાદ મ્યુનિસિપાલિટીના એડમિનીસ્ટ્રેટર ઓફિસર મી. પી. કે. દેસાઇએ પોતાના

જાહેર ભાષણમાં જણાવ્યું હતું કે "આધુનિક કેળવણીનો પાયો નાખવાનો તેમ જ તે દીશા તરફ તનતોડ મહેનત કરવાનો ખરેખરો યશ તો ખ્રિસ્તી મિશનરીઓને ઘટે છે. (ગુજરાત· શાળા પત્ર પુસ્તક. ૬૯, અંક ૧૦-૧૧ પૃષ્ઠ ૩૩૯)

**ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટીની સ્થાપના :**

ગુજરાતી ખ્રિસ્તી સાહિત્ય માટે ભારે મહત્વનો બનાવ એક સીમાચિહ્ન પણ છે. (૧) લંડન મિશનરી સોસાયટી અને મુંબઈના મિત્રોની મદદ અને પ્રેરણાથી આઈ. પી. મિશને ટ્રાક્ટ સોસાયટી સ્થાપવાની જવાબદારી રેવ. ગ્લાસગોને સોંપાઈ. સને ૧૮૫૨માં રેવ. જેમ્સ ગ્લાસગોએ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટીની સ્થાપના કરી. તેમાં બધી પ્રોટેસ્ટન્ટ મિશનોનું પ્રતિનિધિત્વ હતું. આ સોસાયટીનું બધું સાહિત્ય મિશન પ્રેસ, સુરતમાં છપાતું હતુ એટલે આ બંને સંસ્થાઓ એકબીજાના સહકારમાં કાર્ય કરતી હતી. ઈ. સ. ૧૮૫૩ના સોસાયટીના પ્રથમ વાર્ષિક અહેવાલ છપાયો છે. તેમાંથી ગુજરાતમાં ખ્રિસ્તી પ્રકાશનો વિષે અમૂલ્ય માહિતી નળે છે. (૨) પહેલા જ વર્ષે ૧૪ ટ્રાક્ટોની ૩૪,૫૦૦ નકલો છાપવામાં આવી. પછી દર વર્ષે લગભગ ૭૦,૦૦૦ નકલો છપાતી. એક વર્ષે તો એક લાખ નકલો છપાવી હતી આ તેની લોકપ્રિયતા અને મહત્વ દર્શાવે છે.

આ સંસ્થા દ્વારા પ્રથમ પુસ્તક છપાયું. રેવ. ગ્લાસગો કૃત 'ખ્રિસ્તી આચરણ' (૧૮૪૭) આઈ. પી. મિશન દ્વારા મિશન પ્રેસ, સુરતમાં છપાયેલું પ્રથમ પુસ્તક હતું. તેમણે ગીતશાસ્ત્રનાં પચાસ ગીતોનું પદ્ય પુસ્તક રચી પ્રસિધ્ધ કર્યું. (૧૮૫૦) તેમાંના ૨૮ મધુર અને લોકપ્રિય ગીતો આજે ભજન સંગ્રહમાં છે.' તેમાંનું એક પણ નહિ ગવાતું હોય, એવી જાહેર ભજનસેવા ભાગ્યે જ ચલાવવામાં આવતી હશે.' (મારૂં ઋણ પૃષ્ઠ ૬૧)

સને ૧૮૪૮ રેવ. ગ્લાસગોએ રાજકોટમાં એક છોકરાઓ માટે અને એક છોકરીઓ માટે પ્રાથમિક શાળાઓ શરૂ કરી હતી. તેમની પત્ની મેરી અને અન્ય મિશનરીઓ તે શાળાઓ ચલાવતા હતા પણ તેમાં વિદ્યાર્થીઓના ઉપયોગ માટે પાઠય પુસ્તકો ન હતાં તેથી રેવ. ગ્લાસગોએ ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, ભાષા, વ્યાકરણ અને કાવ્યોના પાઠો રચી ધોરણ ૧લા માટે શાળાપયોગી પોથી ભાગ-૧ રચ્યો અને તે મિશન પ્રેસમાં છપાવ્યો (૧૮૪૮). આ પુસ્તક છપાવવાનો ખર્ચ આયર્લેન્ડની સાબ્બાથ શાળાના બાળકોએ આપ્યો હતો. સને ૧૮૫૬માં રેવ. ગ્લાસગોનું બીજું કાવ્ય સંગ્રહ બાકીના ગીતશાસ્ત્રના અધ્યાયોનું ગદ્ય સ્વરૂપ છપાયું. અબ્દુર રહેમાન મુનશીનો કાવ્ય સંગ્રહ 'મનોહર વાણી' (૧૮૪૭) અને ઘણી બધી ટ્રાક્ટોનો ફાલ આ સમયમાં આવ્યો હતો.

આઈ. પી. મિશનનું સુરતનું પ્રેસ અને ટ્રાક્ટ સોસાયટી એક જ સંસ્થાના હોવાથી બંનેનું કામ એકબીજાના પુરક બનવાનું હતું. ટ્રાક્ટ સોસાયટી ટ્રાક્ટો રચતી, ખ્રિસ્તી લેખકો અને કવિઓના પુસ્તકોને મદદ કરતી અને ખ્રિસ્તી સાહિત્ય મોટે ભાગે આ સોસાયટી

દ્વારા મિશન પ્રેસ, સુરતમાં છપાઇ પ્રસિધ્ધ થતું. મિશનની શાળાઓ સંખ્યામાં વૃધ્ધિ પામતી ગઇ. ગુજરાતમાં ભણતરનું સ્તર ઊંચુંઆવતું ગયું તેમ વધુ ને વધુ ખ્રિસ્તી સાહિત્ય પ્રસિધ્ધ કરવામાં આવતું હતું.

સને ૧૮૫૬માં રેવ. ગ્લાસ્ગોએ ગુજરાતીમાં 'જ્ઞાન દીપક' નામે માસિક શરૂ કર્યું, પણ તે ૧૮૬૦માં બંધ કરવામાં આવ્યું. તે માસિક મિશન પ્રેસ, સુરતમાં છપાતું હતું. હવે ટ્રાકટ સોસાયટીએ 'સત્યોદય' નામે સામયિક શરૂ કર્યું.

૧૮૫૧માં રેવ. જે. વી. એસ. ટેલરે બાર્થ કૃત મંડળીના ઈતિહાસનું ભાષાંતર કર્યું. ૧૮૬૪માં બાબા પદમજીએ ઇસુ ખ્રિસ્ત અને કૃષ્ણની સરખામણી કરતું પુસ્તક મરાઠી ભાષામાં રચ્યું હતું તેનું ગુજરાતીમાં ભાષાંતર છગનલાલ ભગવાનદાસે કર્યું હતું.

રેવ. ગ્લાસગોએ ખ્રિસ્તી સાહિત્યના વિકાસ માટે ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટી સ્થાયી હતી. તેનાં કાર્યો, પ્રગતિ અને સુવાર્તાપ્રચારમાં તે ખૂબ ઉપયોગી બનવાની માહિતી મળતાં આયર્લેન્ડની સિનડે નાણાંની મોટી મદદ કરી અને તેમાંથી પુસ્તકોનો ખર્ચ કરવામાં આવે તે 'પબ્લિકેશન ફંડ'ની સ્થાપના કરવામાં આવી (૧૮૭૮). રેવ. જે. વી. એસ. ટેલર સારા લેખક અને કવિ પણ હતા. તેમનાં રચેલાં ગીતો ભજન સંગ્રહમાં ઘણાં છે. તેમણે ગુજરાતી ભજનોનું સંપાદન કરેલું જે 'કાવ્યાર્પણ' નામે વર્ષો સુધી મંડળીઓમાં ખૂબ વપરાતો કાવ્ય સંગ્રહ હતો (૧૮૭૩). ગુજરાતી ખ્રિસ્તી કવિ વકીલ વાલજી બેચરે દેશી રાગો અને છંદોમાં ગીતશાસ્ત્રનાં ગીતોને કાવ્ય સ્વરૂપ આપ્યું હતું (૧૮૭૬). તે આજે ઉપલબ્ધ નથી. ૧૮૭૭માં રેવ. રોબર્ટ મંટગમરીએ Standard English-Gujarati Dictionaryનું સંપાદન કેળવણી ખાતાની વિનંતીથી કર્યું તે ઘણી જ ઉપયોગી થઇ હતી. રેવ. ગ્લાસગોએ રચેલ પાઠય પુસ્તકોમાં રેવ. જેમ્સ વોલેસ અને રેવ. વિલ્યમ મેકમોર્ડીએ વૃધ્ધિ કરી-ઉમેરો કર્યો પણ અંગ્રેજી શીખતા વિદ્યાર્થીઓ માટે પાઠય પુસ્તકોની એક માળા બનાવી, તેની આપણે ખાસ નોંધ લેવી જોઇએ. ટી. એલ. વેલ્સ. (૧૮૪૦-૧૮૭૭)વેલ્સ કૃત અંગ્રેજી પાઠમાળા ભાગ ૧ થી ૪) ૧૮૭૦માં મિશન પ્રેસ સુરતથી પ્રથમ આવૃત્તિ પ્રસિધ્ધ કરી. આ પાઠમાળા આજે પણ અંગ્રેજી શીખવા માગતા વિદ્યાર્થીઓમાં પ્રિય છે તે ખૂબ મોટા પ્રમાણમાં વેચાતું પુસ્તક છે.'

મુંબઇ યુનિર્વસિટીએ ડૉ. જેમ્સ ગ્લાસગો, રેવ. રોબર્ટ મંટગમરી અને રેવ. જે. વી. એસ. ટેલરને તેમની સાહિત્ય સેવાઓને લક્ષમાં લઇ 'ફેલો' (Fello)ની ડિગ્રી એનાયત કરી બહુમાન આપ્યું.

આ રીતે, અર્વાચીન ગુજરાતી સાહિત્યનો પાયો નાખ્યો અને ગુજરાતી પુસ્તકો છાપવા ગુજરાતમાં પ્રથમ પ્રિન્ટીંગ પ્રેસ શરૂ કરનાર પરદેશી મિશનરીઓ હતા.

૧૮૭૪માં ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીએ દૈનિક વાચન માટે 'અરૂણોદય'

નામે અને સપ્રમાણ વધુ પ્રશ્નોત્તરાવલી છપાવી અને પ્રસિધ્ધ કરી. ૧૮૯૩માં એસ્તરબહેન ખિમચંદે સ્ત્રી વિષયક 'સ્ત્રી શૃગાંર' નામે પ્રખ્યાત પુસ્તક રચ્યું, તે મિશન પ્રેસ, સુરતમાં છપાયું હતું.

રેવ. ગ્લાસગોના પ્રયત્નોથી ૧૮૫૬માં 'જ્ઞાન દીપક' નામે ગુજરાતી માસિક શરૂ કર્યું હતું તે ૧૮૬૦માં બંધ થતાં, આઇ. પી. મિશન દ્વારા 'સત્યોદય' નામે નવું માસિક ૧૮૬૨માં શરૂ કર્યું હતું. તે ૧૮૮૪માં બંધ કરી બધી પ્રોટેસ્ટન્ટ મંડળીઓનું સંયુક્ત સામયિક 'ખ્રિસ્તી બંધુ' નામે ૧૯૩૪થી શરૂ કર્યું, તેનું પ્રકાશન હજી ચાલુ જ છે તે પ્રોટેસ્ટન્ટ મંડળીઓનું મુખપત્ર છે. જેનું પ્રકાશન ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટી સફળતાપૂર્વક કરી રહી છે, તે પ્રગતિના પંથે પ્રયાણ કરી રહ્યું છે અને ગુજરાતની ખ્રિસ્તી સમાજને પ્રેરણા અને માર્ગદર્શન આપી રહ્યું છે.

**ઇશ્વરવિધાનું સાહિત્ય :**

જો કે ઇશ્વરવિધાના શિક્ષણનો વર્ગ ૧૮૬૪માં રેવ. ગેલાસ્ગોએ શરૂ કર્યો હતો. તેમાં નવા દેશી પાળકોને તાલીમ આપવા પાઠય પુસ્તકો ન હતાં તેથી ૧૮૭૮માં રેવ. જે. વી. એસ. ટેલરે (Westminister Shorter catechism' અને 'Westminister Confession' પુસ્તકોનું ગુજરાતીમાં ભાષાંતર કર્યું.

**ટ્રાકટ સોસાયટીનો વિકાસ :**

સને ૧૮૫૭ થી ૧૮૬૧ દરમ્યાન બાઇબલના ભાષાંતરને સંપૂર્ણપણે સુધારવાનું કાર્ય કર્યું હતું. ભાષાંતર કમિટિના એક સભ્ય હતા સ્કોટિશ લે-મેન રોબર્ટ યંગ. ૧૮૫૬માં તેઓ મિશન પ્રેસ, સુરતના સુપ્રિન્ટેન્ડેન્ટ નીમવામાં આવ્યા. તેઓ ખૂબ વિદ્વાન હતા. મિશન પ્રેસને તેમણે સારા પાયા પર મૂકયું. તેમણે 'યંગનું કોન્કોર્ડન્સ' ગ્રંથનું સંપાદન કરી સારી ખ્યાતિ મેળવી હતી. ૧૮૬૧માં બાઇબલની પ્રખ્યાત આવૃત્તિની સંપૂર્ણ જવાબદારી તેમને સોંપવામાં આવી હતી. ૧૯૭૪ની બાઇબલની નવી આવૃત્તિ જે હાલ વપરાય છે તે ૧૮૬૧ની પ્રખ્યાત આવૃત્તિની મદદથી તૈયાર કરવામાં આવી હતી.

**ગુજરાતી સાહિત્યમાં પરદેશી મિશનરીઓનું પ્રદાન :**

સને ૧૮૧૫માં રેવ. વિલ્યમ ફૈવી અને રેવ. જેમ્સ સ્કિનર LMSના મિશનરીઓ હતા. તેમણે બે જ વર્ષમાં નવા કરારનો અને મુસાના 'પંચગ્રંથ'નો ગુજરાતી ભાષામાં ભાષાંતર કર્યું. આ પ્રથમ ગુજરાતી ગદ્ય સાહિત્ય ગણાય. તે મુંબઇ છાપવા મોકલવાને બદલે સુરતમાં જ છપાય માટે તેમણે સ્વદેશથી ૧૮૨૦માં યંત્રો મંગાવી પ્રેસ શરૂ કર્યું. તેઓએ મુદ્રણકળાનો અભ્યાસ કર્યો અને શીખીને તેઓ પોતે છાપતા હતા. ૧૮૨૦ થી ૧૮૫૦ સુધી મિશનરીઓએ ટ્રાકટો રચી, પુસ્તિકાઓ તૈયાર કરી, છપાવી. આ જોઇ સુરતના ગુજરાતી ભાષાના કવિ નર્મદે ગદ્યમાં નિબંધો લખ્યા અને તે નિબંધ સંગ્રહ 'નર્મકોષ' નામે મિશન પ્રેસ, સુરતમાં છપાવી પ્રસિધ્ધ કર્યો ૧૮૭૩. અર્વાચીન ગુજરાતી

સાહિત્યનું આ પ્રથમ ગદ્યનું પુસ્તક હતું. ત્યાર પહેલાનું બધું જ સાહિત્ય પદ્યમાં લખાતું હતું. ગદ્ય પ્રકાર ખેડાયો જ ન હતો. એમ, મિશનરીઓ ગદ્ય રચવા અને પ્રસિધ્ધ કરવા અને ગુજરાતમાં પ્રિન્ટીંગ પ્રેસ લાવનાર અને છાપનાર તેઓજ હતા. એમ ગુજરાતમાં અર્વાચીન ગુજરાતીના પાયામાં મિશનરીઓનું પ્રદાન અમૂલ્ય ગણાય છે.

૧૮૧૩માં આરતુન પ્રથમ મિશનરી તરીકે ગુજરાત આવ્યા ત્યારે ગુજરાતી ભાષામાં વ્યાકરણ અને શબ્દકોષો હતા જ નહીં, તેથી આ પરદેશીઓને ગુજરાતી શીખવામાં ખૂબ મુશ્કેલીઓ પડતી હતી. ગુજરાતી ભાષામાં છાપેલાં પુસ્તકો જ ન હતાં. રેવ. ફૈવી અને રેવ. સ્કિનરે ઘણી મુશ્કેલીથી ગુજરાતી વ્યાકરણ અને શબ્દકોષ તૈયાર કર્યા હતા, પણ તે છપાવી પ્રસિધ્ધ કરી શક્યાં નથી. (૧૮૧૯ના વાર્ષિક અહેવાલમાંથી)

૧૮૪૭માં LMSના વિલ્યમ કલાર્કસને 'Grammar of the Gujarati Language' તૈયાર કર્યું હતું તે મુંબઈની અમેરિકન મિશન પ્રેસમાં સુંદર રીતે છાપવામાં આવ્યું હતું. પણ મિશનરીઓએ તૈયાર કરેલું પ્રખ્યાત વ્યાકરણ રેવ. જે. વી. એસ. ટેલરનું 'Gujarati Bhashanu Vyakaran' ૧૮૬૭માં પ્રસિધ્ધ કરેલું. આ વ્યાકરણ સંસ્કૃતનો આધાર લઈ રચ્યું હતું. આજે પણ તે 'સ્ટાન્ડર્ડ' ગણાય છે. તેથી રેવ. ટેલર 'ગુજરાતી વ્યાકરણના પિતા' તેમના પુત્ર રેવ. જી. પી. ટેલરે ૧૮૯૩માં The Student's Gujarati Grammar' અંગ્રેજીમાં રચ્યું. તે બિન ગુજરાતીઓને ગુજરાતી શીખવામાં મદદરૂપ બન્યું ગણાય છે. ખાસ કરીને મિશનરીઓને.

૧૮૮૧માં વડીલ વહાલજી બેચરે 'કબીર પંથના શ્રોતો' પુસ્તક રચ્યું. ૧૮૮૯માં રેવ. વિલ્યમ કલાર્કસને 'યોહાનની સુવાર્તાનો ખુલાસો' લખ્યો અને રેવ. જે. એફ. સ્ટીલે 'સુવાર્તાઓ અને પ્રેરિતોનાં કૃત્યોનો પરિચય' આપતું પુસ્તક રચ્યું, ૧૮૯૩માં આર. ડબલ્યું. સિંકલેરે 'માત્થીની સુવાર્તાનો ખુલાસો' લખ્યો.

'૧૯મી સદીના છેલ્લા દશકામાં ગુજરાતીમાં ઈશ્વરવિદ્યાના સાહિત્યનો નવો ફાલ શરૂ થયો. પરિણામે બાઈબલ અભ્યાસ અને બાઈબલનાં પુસ્તકોના ખુલાસાઓની હારમાળા શરૂ થઈ. અને ૧૯૧૧ થી ૧૯૧૫ સુધીમાં નવા કરારનાં પુસ્તકોના ખુલાસા રચાયા. આમ, સદી પૂરી થતાં સુધીમાં ઈશ્વરવિદ્યા વિષેનાં ખૂબ પુસ્તકો રચાયાં તેનો ઈશ્વરવિદ્યાશાળામાં ભરપૂર ઉપયોગ થવા લાગ્યો. ઈશ્વર વિષેના જ્ઞાનથી અને તે વિષયના પુસ્તકો ઉપલબ્ધ હોવાથી આ સમયમાં તૈયાર થયેલા પાળકોનું બાઈબલના પુસ્તકોનું ઊંડું જ્ઞાન હતું. તે સમયના પાળકો ૨-૪ ધોરણ સુધી ભણેલા હતા પણ ઈશ્વરવિદ્યા શાળામાં અભ્યાસ કરતાં તેઓ પ્રભાવશાળી બન્યા. વિદ્વતાભર્યા ભાષણો કરતા અને નિખાલસ, નમ્ર અને ધાર્મિક હતા. તેઓએ પછીની પેઢીને તે વારસો આપી ગયા છે.

આઈરીશ મિશનરીઓની વિશિષ્ટતા એ છે કે તેઓ જે પ્રદેશમાં ગયા, ત્યાંની ભાષા તેઓ શીખ્યા. કેટલાકે ગુજરાતી ભાષા પર સારો કાબૂ મેળવ્યો હતો અને તેઓમાંના રેવ. જેમ્સ ગ્લાસ્ગો, રેવ. જે. વી. એસ. ટેલર, રેવ. ટી. એલ વેલ્સ, રેવ. જી. પી. ટેલર, રેવ. રોબર્ટ મંટગમરીએ અર્વાચીન ગુજરાતી ભાષાના વિકાસમાં અને શિક્ષણ ક્ષેત્રની તેઓની સેવાઓ ગુજરાતી ભાષા અસ્તિત્વમાં હશે ત્યાં સુધી તેઓના કાર્યની સુવાસ ફેલાતી જ રહેશે.

ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યના આ યુગમાં (૧૮૪૨-૧૯૦૦) રેવ. જેમ્સ ગ્લાસ્ગો જ છવાઇ ગયેલા દેખાય છે, તેમની અસરો તેમના સાથી મિશનરીઓએ પ્રાપ્ત કરી છે અને સાહિત્યનું સર્જન કર્યું છે, તેથી આ સમય ગાળાને 'ગ્લાસ્ગો યુગ' કહેવો યોગ્ય ગણાશે.

**(૧) રેવ. (ડૉ.) જેમ્સ ગ્લાસગો :**
(બી.એ.,ડી.ડી.)



સુવાર્તાપ્રચાર અર્થે તેઓ રેવ. એલેકઝાંડર કેર સાથે આયર્લેન્ડથી ગુજરાત આવેલા. તેઓ વિદ્વાન હતા. થિયોલોજીમાં તેમણે D.D.ની ડિગ્રી પ્રાપ્ત કરેલી. ૧૮૫૨માં તેમણે ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીની સ્થાપના કરેલી. તેમણે ધર્મવિષયક ઘણાં પુસ્તકો રચ્યાં હતાં અને અંગ્રેજી રાગોમાં ૧૫ જેટલાં ભક્તિ રસથી ભરપૂર એવાં ગીતોનો વારસો ભજનસંગ્રહમાં પૂરો પાડયો છે.

**(૨) રેવ. જે. વી. એસ. ટેલર :**
(બી.એ.)



તેઓ લંડન મિશનરી સોસાયટીના મિશનરી હતા. અને ૧૮૬૦માં ગુજરાત આવેલા. તેઓ વિદ્વાન અને ઘણી ભારતીય ભાષાઓના જાણકાર હતા. સને ૧૮૬૭માં તેમણે ગુજરાતી સાહિત્યનું પ્રથમ વ્યાકરણ રચેલું તેથી તેઓ 'ગુજરાતી વ્યાકરણના પિતા'નું સન્માન પ્રાપ્ત કર્યું છે. તેઓ ઉત્તમ કક્ષાના કવિ પણ હતા. તેમનાં ઘણાં ભક્તિગીતો આજે ભજન સંગ્રહમાં પ્રાપ્ય છે. તેમણે બાર્થ કૃત 'ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ'નું ભાષાંતર કર્યું. વળી મિશન પ્રેસના સુપ્રિન્ટેન્ડેન્ટની મહત્વપૂર્ણ સેવા આપી હતી.

**(૩) રેવ. ટી. એલ. વેલ્સ** (બી.એ.) : તેઓ મિશનરી તરીકે ૧૮૬૪માં ભારત આવ્યા હતા. ૧૮૭૧માં તેઓ આઈ. પી. મિશન, સુરતના પ્રિન્સિપાલ નીમાયા હતા. તેઓ વિદ્વાન અને કેળવણીકાર તેમણે અંગ્રેજી શીખતા વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી પાઠમાળા ભાગ ૧-૫ લખ્યા છે. તે પાઠમાળાનો આજે પણ ખૂબ વપરાશ છે.



**(૪) રેવ. જી. પી. ટેલર** (એમ.એ.,ડી.ડી.) : તેઓ વિદ્વાન પિતા રેવ. જે. વી. એસ. ટેલરના સુપુત્ર હતા. ૧૮૭૭માં તેઓ મિશનરી તરીકે ભારત આવ્યા હતા. તેઓ મિશન હાઈસ્કૂલના પ્રિન્સિપાલ નિમાયા હતા. તેઓ ઈશ્વરવિદ્યા શાળા-સ્ટીવનસન ડિવીનીટી કોલેજના સ્થાપક અને પ્રથમ પ્રિન્સિપાલ હતા. તેમણે ગુજરાતી શીખનાર મિશનરીઓ માટે The Student's Gujjararti Grammer' લખ્યું હતું.



**(૫) રેવ. (ડૉ.) એચ. આર. સ્કોટ** (એમ.એ.,ડી.ડી.) : સને ૧૮૮૩માં તેઓ મિશનરી તરીકે ગુજરાત આવ્યા. તેઓ સારા ઉપદેશક અને વક્તા હતા. બાઈબલનું ભાષાંતર સુધારવા તેમણે ખૂબ રસ લીધો હતો. તેઓ મિશન પ્રેસ, સુરતના સુપ્રિન્ટેન્ડેન્ટ રહ્યા. ૨૮ વર્ષો સુધી તેમણે સાહિત્ય પ્રસિધ્ધ કરવામાં ઉત્તમ સેવા આપી હતી. ૧૯૨૮ની સુધારેલી બાઈબલની આવૃત્તિને સ્કોટ કૃત બાઈબલ કહેવાય છે. તેઓ 'સત્યોદય' માસિકના તંત્રી પણ રહેલા.



**(૬) રેવ. (ડૉ.) જે. એફ. સ્ટીલ** (એમ.એ.,ડી.ડી.) : તેઓ ૧૮૮૩માં ગુજરાતમાં આવ્યા હતા. તેમણે ચરોતરના ગામડાંઓમાં સારી સેવાઓ કરી હતી. તેઓ મિશન પ્રેસ, સુરતના સુપ્રિન્ટેન્ડેન્ટ પણ રહ્યા હતા. તેમણે નવા કરારના કેટલાક પુસ્તકોના ખુલાસા લખ્યા હતા. ૧૮૮૦થી ૧૯૦૩ સુધી બાઈબલની ભાષાંતર સમિતિમાં સભ્ય તરીકે અને મિશન પ્રેસના સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે ૧૯૧૬માં સેવા આપી હતી.



**(૭) રેવ. (ડૉ.) આર. એચ. બોઇડ** (બી.એ.,ડી.ડી.)



: ૧૯૦૯માં ગુજરાતમાં આવ્યા. તેમણે શરૂઆતમાં ખ્રિસ્તી થયેલાઓમાંથી પ્રખ્યાત વ્યક્તિઓનાં જીવન ચરિત્રો અંગ્રેજી પુસ્તક 'Trophies for the King'માં લખ્યાં છે. તેનું ભાષાંતર નાની પુસ્તિકાઓના રૂપમાં ૧-૫ ભાગમાં આઇ. પી. મિશનની ૧૫૦ વર્ષની જયંતી પ્રસંગે કરવામાં આવ્યું હતું. પારસમણી, અનંતજીવનની વાતો, પવિત્ર આત્મા વિષે ઈસુ શું શીખવે છે ? વગેરે પુસ્તકો પણ લખ્યાં છે. એક આદર્શ જીવન આપણા આગળ મૂકી ગયા છે.

**(૮) વડીલ વહાલજી બેચર**



: તેઓ હિંદુ વાણિયામાંથી ધર્માંતર કરી ખ્રિસ્તી થયા હતા. સને ૧૮૫૪માં બાપ્તિસ્મા લઈ બોરસદમાં વિશાળ જમીન લઈ સ્થાયી થયા. તેઓ સારા લેખક અને કવિ હતા. 'આત્મબોધ' (૧૮૬૪) 'દાઉદ ભક્તનાં ગીતો' (૧૮૭૬) તેમના રચેલા કાવ્ય સંગ્રહો છે.

**(૯) શ્રીમતી એસ્તરબહેન ખિમચંદભાઇ :**



તેઓ પોરબંદરના પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ જોસફ છગનભાઇના પત્ની હતાં. પિતા ખિમચંદભાઇ નથ્થુભાઇ ખ્રિસ્તી થયેલા. તેમણે સ્ત્રીઓ માટે 'સ્ત્રીશૃગાંર' નામનું સુંદર પુસ્તક લખ્યું હતું. (૧૮૯૩) તે ૩૭૭ પૃષ્ઠનો દળદાર ગ્રંથ છે. મુંબઇ ઇલાકાની સ્કૂલો અને લાઇબ્રેરીઓમાં વિદ્યાર્થી ઇનામો તરીકે પુસ્તક મૂકવામાં આવે તેવી માન્યતા કેળવણી ખાતાએ આપી. આ પુસ્તકે સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે સારી અસર પાડી હતી. વળી આજ લેખકે 'પ્રિતીની ઉત્તમતા' નામની ટ્રાકટ પણ બહાર પાડી હતી તેને સારો આવકાર મળ્યો હતો. સાથે તેમણે કાવ્યો પણ રચ્યાં હતાં. ભજન સંગ્રહમાં લગ્ન પછી ગાવામાં આવે તેવું ગીત 'થયો આજ આર ઉરમાં હર્ષ ભારી' ભજન સંગ્રહમાં સમાવિષ્ઠ છે.

વિભાગ-૨

# ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યનો સુવર્ણ યુગ ૧૯૦૧-૧૯૪૭

મિશનરીઓએ ગામેગામ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ અને ડિસ્પેનસરીઓ શરૂ કરી હતી. તેમાં શિક્ષણ ઉપરાંત નીતિ અને ખ્રિસ્તી શિક્ષણ શીખવવામાં આવતું હતું. શિક્ષણનો વ્યાપ વધતાં ખ્રિસ્તી સાહિત્યમાં ટ્રાકટો, પુસ્તિકાઓ, બાઈબલના પુસ્તકોના ભાષાંતરો વગેરે ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીએ લખ્યાં, લખાવ્યાં, મિશન પ્રેસ, સુરતમાં છપાવ્યાં અને પ્રસિધ્ધ કર્યાં. ૧૯૦૦ અને ૧૯૦૧માં ગુજરાતમાં ભયંકર દુકાળ પડયો. તે 'છપ્પનિયા' દુકાળ તરીકે ઓળખાય છે. તેમાં અસંખ્ય માણસો ભૂખથી મરી ગયાં તેમનાં બાળકો, માંદા માણસો, રોગીઓની સેવા મિશનરીઓએ તન, મન અને ધનથી કરી. તેમને રહેવા માટે અનાથાશ્રમો, વસાહતો અને પરાં બાંધી વસાવ્યા, ભણાવ્યા, કામધંધા આપ્યા અને રહેવા ઘરો બાંધી આપ્યાં, આથી દુકાળ પછી મંડળીઓની વૃધ્ધિ થઇ. તેથી વધુ પાળકોની જરૂર પડી. તેમને શિક્ષણ આપવા ઈશ્વરવિદ્યાના વર્ગો શરૂ કર્યા તેના આભ્યાસક્રમ માટે પુસ્તકો રચ્યાં કે ભાષાંતર કર્યાં આથી ટ્રાકટ સોસાયટી અને મિશન પ્રેસ પ્રવૃત્તિઓથી ધમધમવા લાગ્યાં.

૧૯મી સદીના છેલ્લા દશકામાં અને ૨૦મી સદીના પ્રથમ બે દશકામાં મોટી સંખ્યામાં ઉત્તમ પુસ્તકો રચાયાં, છપાયા અને પ્રસિધ્ધ થયાં. આ સમયમાં ભાષાંતરો કે અંગ્રેજી પુસ્તકોનો આધાર લઇ ઉત્તમ ખ્રિસ્તી સાહિત્યનાં પુસ્તકોની હારમાળા રચાઇ હતી.

સને ૧૯૦૧માં અયૂબ ભાણાભાઇએ 'હાગ્ગાય'નો ખુલાસા લખી આપ્યો. ૧૯૦૫માં રેવ. દાનિયેલ ડાહ્યાભાઇએ ઉર્દુમાંથી 'માલાખીનો ખુલાસો' ભાષાંતર કરી છપાવ્યો. રેવ. જી. પી. ટેલરે નવા કરારનો પરિચય ૧૯૦૫માં રચ્યો. ૧૯૦૬માં યાકૂબ ગોપાળદાસે 'બાઇબલના વિદ્યાર્થીનો સાથી' પુસ્તક લખ્યું. ૧૯૧૦માં રેવ. રામસિંહ કહાનદાસે પવિત્રશાસ્ત્રનો અભ્યાસી' અને ૧૯૧૫માં પવિત્રશાસ્ત્રની ભૂગોળ લખ્યાં. સને ૧૯૧૨માં 'શાસ્ત્ર પ્રતીકદર્શક નામકોશ' રેવ. દીપસિંહ શામભાઇએ રચ્યું. આ બધાં પુસ્તકો ટ્રાકટ સોસાયટી દ્વારા મિશન પ્રેસ, સુરતમાં છાપવામાં આવ્યાં હતા.

### ટ્રાકટ સોસાયટીના વહીવટમાં ભાગીદારી :

અત્યાર સુધી ટ્રાકટ સોસાયટીનો બધો વહીવટ મિશનરીઓ દ્વારા ચાલતો હતો. સને ૧૯૨૬માં પ્રથમવાર જ નીચેની વ્યક્તિઓને તેની કાર્યવાહક સમિતિના સભ્યો તરીકે લેવામાં આવી. (૧) રેવ. જી. કે. સત્વેદી (૨) મિ. જેમ્સ ઉકાભાઇ અને રેવ. જાલેમ. પછીના વર્ષમાં મિસ્ટર જેમ્સ ઉકાભાઇ પ્રથમ દેશી ખ્રિસ્તી ટ્રાકટ સોસાયટીના સેક્રેટરી બન્યા. સને ૧૯૬૨માં હાલ જે ટ્રાકટ સોસાયટીનું બંધારણ છે તે રચવામાં અને સ્વીકારવામાં આવ્યું.

**ભક્તિ ગીતો :**

ઈ. સ. ૧૮૩૪માં ટ્રાકટ સોસાયટી દ્વારા મિશન પ્રેસ, સુરતમાં પ્રથમ ભક્તિ ગીતોનો સંગ્રહ ગુજરાતી ભજનો (Gujarati Hyms) છપાવી પ્રસિધ્ધ કર્યો. તેમાંના બધાં ગીતો અંગ્રેજી રાગોમાં હતા અને બીજો કેટલાંક ગીતો હિંદી ગીતમાલામાંથી ભાષાંતર કરી લેવામાં આવ્યાં હતાં. ઈ. સ. ૧૮૫૧માં રેવ. જે. વી. એસ. ટેલરે રેવ. કલાર્કસનનાં રચેલાં ગુજરાતી ભજનો અને પોતે રચેલાં ગીતોનો સંગ્રહ 'ધર્મગીતા' નામે તૈયાર કર્યો હતો અને તે ટ્રાકટ સોસાયટી દ્વારા અમદાવાદમાં છપાવવામાં આવ્યો હતો. ઈ. સ. ૧૮૫૬માં ગ્લાસગોએ ગીતશાસ્ત્રનાં બધાં ગીતોને કાવ્ય સ્વરૂપ આપી ગીત સંગ્રહમાં ઉમેર્યા. તેમાંના ઘણાં ગીતો આજે 'ભજન સંગ્રહ'માં મળે છે.

ભક્તિગીતો રચવામાં, ભાષાંતર કરી અંગ્રેજીમાંથી સારાં ગીતો લાવવામાં અને સૌ પ્રથમવાર મિશનરીઓમાંના આ એક મિશનરી ગુજરાતી ભાષામાં નિષ્ણાંત બન્યા. કાવ્ય શાસ્ત્ર (પિંગળશાસ્ત્ર)નો અભ્યાસ કરી ગુજરાતી ઢાળો અને છંદોમાં ભજનો રચ્યાં, તે ઉત્તમ કોટિનાં ગણાય છે. તેમાં મધુર ભાષામાં ખ્રિસ્તી સિધ્ધાંતો વણાયેલા છે. ૧૮૬૩માં રેવ. જે. વી. એસ. ટેલરનાં કાવ્યો અગાઉના કાવ્ય સંગ્રહમાંથી સારાં સારાં કાવ્યો પસંદ કરી 'કાવ્યાર્પણ' નામે ટ્રાકટ સોસાયટીએ પ્રસિધ્ધ કર્યો તે ખૂબ લોકપ્રિય કાવ્ય સંગ્રહ બન્યો હતો.

'કાવ્યાર્પણ' વર્ષો સુધી દરેક મંડળીની રવિવારની ભજન સેવામાં વપરાતો હતો. તેમાં કટલાક દેશી પાળકો જેવા કે રામભાઈ કલ્યાણભાઈ, થોમાભાઈ પાથાભાઈ, કહાનજીભાઈ માધવજીભાઈ રત્નગ્રાહી વગેરે મુખ્ય છે. **'કાવ્યાર્પણે ખ્રિસ્તી વિશ્વાસને વિજયના સ્વરૂપમાં મૂકયો હતો'** ૧૮૬૪માં વહાલજી બેચરે ખ્રિસ્તી સિધ્ધાંતોવાળાં કાવ્યોનો સંગ્રહ 'આત્મબોધ' નામે લાવી પ્રસિધ્ધ કર્યો હતો. તેમણે ૧૮૭૬માં ગીતશાસ્ત્રના બધાં ગીતોને દેશી રાગો અને ઢાળોમાં કાવ્યરૂપે રચ્યાં હતાં.

ગુજરાતના શ્રેષ્ઠ, પ્રખ્યાત ખ્રિસ્તી કવિ કહાનજીભાઈ માધવજી રત્નગ્રાહી ! તેમણે પોતાના કાવ્ય શક્તિના ઉત્તમ તાલંતનો ઉપયોગ ધાર્મિક ભજનો રચવામાં કર્યો. તેમણે 'પ્રેમપચ્ચીસી' રચી તેમાં ૨૫ પ્રેમ ગીતો હતા. તે તેમનું પ્રથમ સાહિત્ય સર્જન હતું. ૧૯૦૪માં તેમણે 'ખ્રિસ્તાખ્યાન' કાવ્ય સંગ્રહ લખ્યો. ૧૯૦૮માં 'સુબોધ ગરબાવલી' રચી તે ગરબાઓનો સંગ્રહ છે. તેમાંના ઘણા ગરબા આજે પણ ગામડાંઓમાં ખ્રિસ્તી બહેનો ઉમંગથી ગાય છે.

નાતાલ સમયે ગાવાનું ગીત તેમણે રચ્યું તે આજે પણ ખૂબ પ્રખ્યાત છે. 'સ્વર્ગનું સુખ તેં મૂકી દીધું, માનવ દુઃખ નીહાળી' કદાચ આ તેમનું શ્રેષ્ઠ કાવ્ય છે.

'કાવ્યાર્પણ'માં ૧૯૦૦ સુધીમાં બાળગીતો, સ્તોત્રો, નવાં ગીતો અને ભજનો ઉમેરાતાં જ રહ્યાં હતાં.

૧૯૩૬માં ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટી દ્વારા ‘ભજન સંગ્રહ’ ગીત સંગ્રહ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

૧૯૨૧ થી ૧૯૪૭નો સમય ટ્રાકટ સોસાયટી માટે સાહિત્ય પ્રકાશનો માટે મંદીનો સમય હતો છતાં કેટલાક લેખકો અને કવિઓએ પોતાનાં પ્રકાશનો પોતે અથવા અન્ય પ્રકાશન સંસ્થાઓ દ્વારા ખ્રિસ્તી સાહિત્ય સર્જનનો પ્રવાહ ચાલુ જ રાખ્યો હતો. ‘ઈસુ ખ્રિસ્તનું પૂર્ણ મનુષ્યત્વ’ અનુવાદક મણીલાલ સી. પારેખે ૧૯૨૨માં મિશન પ્રેસ, સુરતથી પ્રસિધ્ધ કરાવ્યો હતો વળી તેમણે ફિશર અને વોકર કૃત ‘મંડળીનો ઈતિહાસ’નું ભાષાંતર ૧૯૨૭માં કર્યું તે મિશન પ્રેસ, સુરતમાં છપાયો હતો (૧૯૨૭). રેવ. લાજરસ તેજપાળે ૧૯૩૦માં ‘ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીઓનો ઉદય’ નામે (આઇ. પી. મંડળીનો ઈતિહાસ) લખ્યો અને તે પુનઃમુદ્રણ દ્વારા ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટીની લિટરેચર કમિટી દ્વારા મંગલ મુદ્રણાલય, અમદાવાદમાં છપાવવામાં આવ્યો હતો. (૧) રેવ. જી. વિલ્સને પણ આઇ. પી. મંડળીનો ઈતિહાસ ‘મારું ઋણ’ નામે લખી ૧૯૪૦માં મિશન પ્રેસ, સુરતથી પ્રસિધ્ધ કર્યો હતો. રેવ. ડબલ્યુ. જી. મલ્લિગને ‘પિતૃઓના કૂવા’ નામે તેમણે રવિવારે કરેલાં ‘ભાષણોનો સંગ્રહ’ ૧૯૩૯માં મિશન પ્રેસ, સુરતમાંથી પ્રસિધ્ધ કર્યો. કહાનજી માધવજી રત્નગ્રાહીએ ૧૯૦૮માં સુબોધ ગરબાવલીનો ગરબા સંગ્રહ રચેલો તેની આઠમી આવૃત્તિ સને ૧૯૩૮માં પ્રસિધ્ધ કરી.

રેવ. આર. એચ. એસ. બોઇડ લખે છે કે, ‘મિશનરીઓએ સુવાર્તા પ્રચારની વિવિધ પધ્ધતિઓ દ્વારા **૧૯૩૦ના દશકામાં વધુમાં વધુ વિકાસ સાધ્યો હતો.** ગુજરાતની ખ્રિસ્તી મંડળીનો આ સુવર્ણ યુગ હતો. તેમાં ટ્રાકટ સોસાયટી સર્વ પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થઇ જતો હતો.

હવે મિશનરીઓએ સ્થાપેલી મંડળીઓ, શાળાઓ, દવાખાનાંઓ, કોલેજો અને ઈશ્વરવિદ્યાશાળાની પ્રવૃત્તિઓમાં જ સઘળું ધ્યાન કેન્દ્રિત કર્યું હોવાથી અને તેઓને સાહિત્ય રચવાનો સમય જ મળતો ન હતો. તેથી સાહિત્ય પ્રકાશનમાં મંદી આવી. વળી ૧૯૩૭થી ‘બીજું વિશ્વ યુધ્ધ’ શરૂ થયું અને તેની અસરો પણ પડી. કાગળ મોંઘો થયો, સારા કાગળોની અછત અને અસ્થિરતાને કારણે સાહિત્ય પ્રકાશનમાં ઓટ આવી ગઇ.

છતાં, રેવ. જી. પી. ટેલર કૃત ‘હસ્તલેખો તથા ભાષાંતરને લગતો પ્રવેશક બોધ’ ૧૯૩૪માં અને નવા કરારના નિયમગણને લગતો પ્રવેશક બોધ ૧૯૫૩માં ટ્રાકટ સોસાયટી દ્વારા પ્રસિધ્ધ થયા હતા. ૧૯૩૭માં સુવૃતાંત બાર્થકૃત બાઇબલ સ્ટોરીઝનો અનુવાદ ભાગ ૧ અને ૨ પ્રસિધ્ધ કર્યા. મણીલાલ સી. પારેખે ૧૯૩૫માં પ્રાર્થનાનું રહસ્ય લખી ટ્રાકટ સોસાયટી દ્વારા પ્રસિધ્ધ કર્યું હતું.

૧૯૪૫માં બીજું વિશ્વ યુધ્ધ પૂરું થતાં વિશ્વના રાજકારણમાં ભારે ફેરફારો થયા. ૧૯૪૭માં ભારતમાંથી અંગ્રેજ શાસનનો અંત આવ્યો. ભારત આઝાદ થયું. આ સમય ખ્રિસ્તી મંડળીઓ માટે સંક્રાંતિ કાળ હતો.

ભૌતિક અને માનસિક રીતે ખ્રિસ્તી સંસ્થાઓ અને મંડળીઓએ પલટાતાં વાતાવરણમાં અનુકૂળ થવા પ્રયત્નો આદર્યા. ગુજરાત ટ્રાકટ અને બૂક સોસાયટી વહીવટમાં અને આર્થિક બાબતોમાં સ્વાવલંબી થવા કમર કસવા લાગી.

ટ્રાકટ સોસાયટીની સ્થાપના સમયે રેવ. ગ્લાસ્ગોને કંપની સરકારના અધિકારીઓ, મિત્રો અને આયર્લેન્ડની મંડળી તરફથી નાણાંકીય મદદ મળતી હતી. સને ૧૮૭૮માં આયર્લેન્ડની પ્રેસ્બિટેરીયન મંડળીઓ સાહિત્ય પ્રકાશન માટે મોટી રકમ મોકલી તેમાંથી રેવ. ગ્લાસ્ગોએ 'પબ્લિકેશન ફંડ'ની સ્થાપના કરી. સ્કોટ ફંડમાંથી પણ નાણાં મળતાં સને ૧૯૨૦થી ટ્રા. સો.ને નેશનલ મિશનરી કાઉન્સિલે એક 'ઇંડિયન લિટરેચર ફંડ' ઊભું કર્યું હતું, તેમાંથી પ્રાદેશિક ખ્રિસ્તી સાહિત્યના પ્રકાશનમાં મદદ કરવામાં આવતી હતી. ગુજરાતમાં ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટી પ્રાદેશિક સાહિત્ય કમિટિ તરીકેની ફરજ બનાવી રહી છે. ગુજરાતની વિવિધ મંડળીઓનો સહકાર અને મંડળીઓના સભ્યોનાં વ્યક્તિગત દાનો દ્વારા ટ્રાકટ સોસાયટીની આર્થિક જરૂરિયાતો સંતોષાય છે.

સને ૧૯૦૧ થી ૧૯૪૭નો સમય ગાળો ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીનો પણ સુવર્ણ કાળ હતો. મિશનરીઓ અને ગુજરાતી ખ્રિસ્તી લેખકો અને કવિઓએ ખ્રિસ્તી સાહિત્યને સમૃધ્ધ બનાવવામાં ખૂબ મોટો ફાળો આપ્યો છે.

**મિશનરી કવિઓ અને લેખકો :**

રેવ. જે. વી. એસ. ટેલર, રેવ. જી. વિલ્સન, રેવ. ડબલ્યુ. જી. મલ્લિગન, રેવ. એમ. ડબલ્યુ. બીટી, રેવ. જોન એચ. ડેવી, રેવ. આર. એસ. ડીકી રેવ. (ડૉ.) સ્કોટ, રેવ. જે. એફ. સ્ટિલ વગેરે.

**સ્થાનિક ગુજરાતી લેખકો-કવિઓ :**

(૧) રેવ. લાજરસ તેજપાળ, રેવ. યાકૂબ ગોપાળભાઇ, રેવ. દીપસિંહ શામજી, મિસ્ટર જેમ્સ ઉકાભાઇ, રેવ. રામસિંહ કહાનદાસ, શ્રી મણીલાલ સી. પારેખ.

(૨) કહાનજી માધવજી રત્નગ્રાહી, રેવ. થોમાભાઇ પાથાભાઇ, રેવ. દાનિયેલ ડાહ્યાભાઇ, શ્રી મહિજી હીરાલાલ.

આ લેખકો અને કવિઓએ ઇશ્વરવિદ્યા શાળાનાં પુસ્તકો, ખ્રિસ્તી મંડળીનો ઇતિહાસ, કાવ્ય સંગ્રહો, ટ્રાકટો વગેરે રચ્યાં હતાં.

સને ૧૯૩૩માં ટ્રાકટ સોસાયટીએ સંયુક્ત ખ્રિસ્તી સામયિકો જે સુધારાવાદીઓ (પ્રોટેસ્ટન્ટો)નું સંયુક્ત ખ્રિસ્તી સામયિક ગણાય છે, તે પ્રસિધ્ધ કરવાનું શરૂ કર્યું. આજ સુધી તેનું પ્રકાશન ચાલું જ છે, અને તે સંયુક્ત ખ્રિસ્તી સાક્ષીનું અસરકારક વાહન બન્યું છે. દર માસે તેમાં ટ્રાકટ સોસાયટીના સેક્રેટરી સંસ્થાની પ્રગતિનો નિયમિત અહેવાલ પ્રગટ કરતા રહે છે.

(૧) રેવ. ડૉ. જી. વિલ્સન : આ મહાન મિશનરીએ યોગ્ય સમયે બાઈબલ અભ્યાસીઓ માટે તેમ જ સમૃધ્ધ ખ્રિસ્તી જીવન જીવી શકાય તે માટે જૂના અને નવા કરારને લગતાં માહિતીપૂર્ણ પુસ્તકો લખ્યાં છે. બાઈબલના ઊંડા અભ્યાસી હોઈને બાઈબલ કોલેજના પ્રિન્સિપાલ તરીકે વર્ષો સુધી સેવા આપી છે. "મારું ઋણ" નામનું ઐતિહાસિક પુસ્તક લખીને ભાવિ મંડળીને માટે ઉપયોગી ભાથું પૂરું પાડયું છે. દુ:ખ સહન સપ્તાહમાં "ખ્રિસ્તના વધસ્તંભ"ની ઊંડી સમજ પ્રાપ્ત થાય તે માટે ચારે સુવાર્તાનુસાર "દુ:ખસહન સપ્તાહની" પુસ્તિકાઓ તેઓ સાહેબે તૈયાર કરી હતી. સાહિત્ય વિષયક સેવાઓમાં તેઓ સાહેબનું યોગદાન મહત્વનું છે.



(૨) રેવ. ડૉ. આર. એસ. ડિકી (એમ.એ.) : તેઓ ૧૯૧૮માં ગુજરાતમાં મિશનરી તરીકે આવ્યા હતા. તેઓ ખ્રિસ્તી યુવાધન સમૃધ્ધ બને એ દૃષ્ટિ રાખી સાહિત્ય સર્જન કરતા. તેમના પ્રખ્યાત પુસ્તકો 'યુવકોપદેશ', 'વહાણ-વહાણ', 'નવા કરારનો શબ્દ કોશ', 'જુવાનો માટે ૨૧ વાર્તાઓ' તેઓ લાંબા સમય સુધી મિશન પ્રેસ, સુરતના સુપ્રિન્ટેન્ડેન્ટ પદે રહ્યા હતા.



(૩) રેવ. ડૉ. ડબલ્યુ. જી. મલ્લિગન (એમ.એ.,પી.એચડી.,ડી.લીટ.,ડી.ડી.) : તેઓ ખૂબ મોટા લેખક, તત્વજ્ઞાની અને ક્રાંતદર્શી સર્જક હતા. તેઓ ૧૯૩૬-૩૯માં 'ખ્રિસ્તીબંધુ'ના તંત્રી રહ્યા હતા. તેમણે ટ્રાકટ સોસાયટીના લિટરેચર મિશનરી તરીકે લાંબા



રેવ. ડૉ. ડબલ્યુ. જી. મલ્લિગન
(એમ.એ.,પી.એચડી.,ડી.લીટ.,ડી.ડી.)

સમય સુધી સેવા આપી હતી. તેમનાં પ્રખ્યાત પુસ્તકો "ભગવત ગીતા અને સુવાર્તા" આ સંશોધનાત્મક પુસ્તક માટે ડબ્લિન યુનિવર્સિટીએ ૧૯૪૧માં તેમને B.lit ડિગ્રી આપી હતી. 'ધર્મનું તત્વ જ્ઞાન' (૧૯૪૯) પુસ્તક માટે તેમને Ph.D. અને D.litની ડિગ્રીઓથી નવાજવામાં આવ્યા હતા. તેમણે બાઈબલના ઘણાં પુસ્તકોની કોમેન્ટ્રી લખી છે.

**(૪) રેવ. થોમાભાઇ પાથાભાઇ** : આ લોકપ્રિય કવિનો જન્મ રાજસ્થાન (મારવાડ)માં થયેલો. ૧૮૬૬માં દુકાળ સમયે તેઓ ગુજરાતમાં આવી વસ્યા હતા. રેવ. મંટગમરીએ તેમને ચાર ધોરણ સુધી ભણાવી પ્રેસ કામ શીખવા સુરત, મિશન પ્રેસમાં મોકલ્યા હતા. પછી ત્યાં જ તેમણે ૧૧ વર્ષ સુધી પ્રશંસાપાત્ર સેવા કરી હતી. તેઓ સારા કવિ હતા આજના ભજન સંગ્રહમાં તેમનાં (૨૭) ગીતો છે તેમના જુદા જુદા વિષયોમાં રચીત ગીતો ભક્તજનને ભક્તિ રસમાં તરબોળ કરી દે છે. તેમને ૧૯ બાળકો હતાં. તેમ છતાં મંડળીમાં એક સફળ પાળક અને ભક્ત કવિ તરીકે તેમનું નામ મંડળીના ઈતિહાસમાં અમર રહેશે.



**(૫) રેવ. સી. એમ. જસ્ટીન** : તેઓ એક સમયે ગુજરાત ટ્રાકટ અને બૂક સોસાયટીના પ્રમુખ હતા. 'ભજન સંગ્રહ' રિવિઝન કમિટિના સભ્ય હતા. ૧૯૫૨-૫૪ સુધી તેઓ 'ખ્રિસ્તીબંધુ'ના તંત્રી હતા.



રેવ. સી. એમ. જસ્ટીન

તેમણે કેટલુંક સાહિત્ય રચ્યું છે. ઉત્પત્તિથી પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ સુધીના પ્રસંગોને આવરી લેતું ૪૮ શ્લોકોનું એક મહા કાવ્ય રચ્યું હતું. ભજન સંગ્રહમાં તેમનાં રચેલાં ઘણાં ગીતો પ્રખ્યાત છે. "ઓ નાથ પધારો" "ભવસાગરમાં મળ્યો મારો તારણહાર", "સ્વર્ગભુવન મારું વહાલું ભુવન હાં" વગેરે ગીતો ખૂબ હૃદયસ્પર્શી છે.

**(૬) વડીલ મહીજી હીરાલાલ** : તેઓ શાસ્ત્રાભ્યાસી ને પ્રાર્થનાપરાયણ એવા પ્રભુના સેવક હતા. પિંગળશાસ્ત્રના તેઓ નિષ્ણાત હતા.તેઓ છંદબધ્ધ કાવ્ય રચનાનો આગ્રહ રાખતા. તેઓએ ઉત્તમ કક્ષાના કાવ્યો ખ્રિસ્તી સાહિત્યને આપ્યાં છે. ભજન સંગ્રહમાં તેમનાં ઘણાં કાવ્યો છે. જૂના ખ્રિસ્તીબંધુમાં તેમનાં કાવ્યો અને લેખો અચૂક જોવામાં આવે છે. ખ્રિસ્તી ભજન સંગ્રહમાં રિવિઝનની બીજી સમિતિમાં તેઓ હતા.

**(૭) રેવ. કહાનજી માધવજી રત્નાગ્રાહી:** પોરબંદરના કહાનજીભાઈ યોહાનની સુવાર્તા વાંચીને ખ્રિસ્તી થવાની પ્રેરણા પામ્યા હતા. શ્રીમતી એસ્તરબહેન ખિમચંદ તરફથી આ સુવાર્તા આપવામાં આવી હતી. તેમણે ઉચ્ચ કોટિના ખ્રિસ્તી ભજનો રચ્યાં છે. તેમને પિંગળ શાસ્ત્રનું સારું જ્ઞાન હતું, તેમનાં રચેલાં ઘણાં કાવ્યો ભજન સંગ્રહમાં છે. લલિત કાવ્યમાળા,



ખ્રિસ્તાખ્યાન, પ્રેમ પચ્ચીસી, પ્રેમબોધ અને સુબોધ ગરબાવલી કાવ્ય સંગ્રહો રચ્યાં છે. ખરેખર તેઓ ગુજરાતની ખ્રિસ્તી મંડળીમાં "રત્ન" સમાન હતા.

**(૮) રેવ. લાજરસ તેજપાળ** : જન્મ ૧૮૫૪, ૧૮૬૬ના દુકાળ સમયે તેઓ માળવામાંથી ગુજરાત આવેલા. તેઓએ પાળક તરીકે વિવિધ સ્થળોએ સેવાઓ આપી હતી. તેમણે આઇ. પી. મિશનનો ઈતિહાસ 'ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઉદય' નામે લખ્યો છે. ખઢાણા મંડળીના દ્વિતીય પ્રભુમંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે ૧૦૭ પુખ્ત વયનાનાં બાપ્તિસ્મા તેમને હસ્તે થયાં. આ પ્રસંગ અનોખો અને અદ્‌ભુત હતો. ૧૯૩૩માં રેવ. લાજરસભાઇ ૭૯ વર્ષની ઉંમરે પવિત્ર શાસ્ત્ર વાંચતા વાંચતા પ્રભુમાં ઊંઘી ગયા. ત્યાં (બોરસદ) દેવળ પાસે જ તેમની તથા તેમની પત્ની એસ્તરબહેનની કબરો છે.



**(૯) રેવ. દાનિયેલભાઇ ડાહ્યાભાઇ** : ભક્ત કવિ, આદર્શ પાળક અને સુવાર્તાના ખેપિયા તરીકે સુંદર કાર્ય કર્યું છે. તેમણે રચેલાં ૧૭ કાવ્યો, ભજન સંગ્રહમાં છે તે ઉચ્ચ કોટિના છે. 'માલાખીના પુસ્તકનો ખુલાસો' તેમણે હિંદીમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરી લખ્યો છે. **"મધુર કાવ્ય વાટિકા"** તથા **"જીવનામૃત કાવ્ય"**ની બે પુસ્તિકાઓ ભક્તજનોના ચરણે ધરી હતી.



**(૧૦) રેવ. જેમ્સ ઊકાજી** : રેવ. મલ્લિગન સાથે રહીને તેમણે ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યની સારી એવી સેવા કરી છે. તેમણે સાધુ સુંદરસીંગ, અમીર અલીનું દર્શન, હાજી અબ્દુર રહેમાન મુનશી વગેરે પુસ્તકોનાં ભાષાંતર કર્યા હતા. મંડળીઓ એકતામાં આવી પછી તેઓ ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીના તેઓ પ્રથમ સેક્રેટરી હતા. પ્રમુખ અને ખ્રિસ્તીબંધુના તંત્રી તરીકેની તેમની સેવાઓ જાણીતી છે.



**(૧૧) વડીલ હરખાજી કેશવજી માસ્ટર** : પ્રથમ ગુજરાતી ગ્રેજ્યુએટ. તેઓ વિદ્વાન અને શાસ્ત્રના ઊંડા અભ્યાસી હતા. તેમનાં અનુવાદિત ગીતો આજે ભજન સંગ્રહમાં છે. "ઈસુના નામને દો મહિમા" (ભ. સં.૧૮૯) કેવું મધુર ઈસુનું નામ (ભ. સં. ૧૯૯)' મંડળીઓમાં ખૂબ જ પ્રિય બન્યાં છે.



**(૧૨) રેવ. મુસાભાઇ વિશ્રામભાઇ** : શિક્ષક, સુવાર્તિક અને પાળક તરીકે સફળ સેવા આપી. તેઓ એક સારા કવિ હતા. પિંગળનું સારું જ્ઞાન ધરાવતા હતા. "પારાદેશના પુષ્પો" ૧૪૧ ગીતોનો કાવ્ય સંગ્રહ પ્રખ્યાત છે. ભજન સંગ્હમાં તેમનાં ૧૨ ગીતો ઊચ્ચ કોટીના છે. ગીત નંબર ૯૩ "પામ સન્ડે" બહુ જ પ્રિય છે.



## વિભાગ-૩

# ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટી પ્રગતિનો અહેવાલ
## (સ્વાતંત્ર્ય યુગ)

સને ૧૯૪૭ના ઓગસ્ટની પંદરમી તારીખે આપણો દેશ આઝાદ થયો. ભારતની પ્રજામાં આનંદના જુવાળ સાથે નવી ઉમેદ અને અપેક્ષાઓ જાગી. દેશને આબાદ કરવા રાજ્યકર્તાઓ અને વહીવટકારોએ દેશના વહીવટમાં મોટા ફેરફારો કર્યા. તેમાં ખ્રિસ્તી ધર્મને પરદેશનો ધર્મ ગણ્યો. ભારત પરના તેના ફેલાવાએ શંકાઓ ઊભી કરી. તેથી ખ્રિસ્તી સંસ્થાઓ, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, કોલેજો, દવાખાનાં અને સામાજિક સેવા સંસ્થાઓ પર ભારત સરકારે કેટલાંક નિયંત્રણો મૂકયાં. વળી પરદેશી મિશનરીઓના ભારતમાં રહેવા માટેના નિયમો કડક બનાવ્યા. મિશનરીઓને ભારત છોડી જવું પડયું એટલે ઉપરોક્ત સંસ્થાઓનો વહીવટ સ્થાનિક ગુજરાતી ખ્રિસ્તી આગેવાનોના હાથમાં આવ્યો. અણઆવડત, અનુભવનો અભાવ અને આર્થિક ભાર વહન કરવાની શક્તિ ન હોવાથી મોટા ભાગની પ્રાથમિક શાળાઓ બંધ કરવી પડી. કેટલાંક દવાખાનાંઓ બંધ કર્યાં. મિશન કાર્ય સંકોચાતું ગયું. સેવા સંસ્થાઓ બંધ થવાથી સુવાર્તિક કાર્યને ભારે ફટકો પડયો. છેવટે ગુજરાતમાં શરૂ કરેલ પ્રથમ પ્રિન્ટીંગ પ્રેસ, સુરતને ૧૯૫૯માં બંધ કરવામાં આવ્યું. ખ્રિસ્તી સાહિત્ય પ્રકાશન સંસ્થા (ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટી)ને ભારે ખોટ પડી. વળી આ બદલાતી પરિસ્થિતિને અનુકૂળ થવામાં લેખકો કવિઓને સમય લાગ્યો.

૧૯૪૭ પછી નવા લેખકો અને કવિઓની સંખ્યામાં મોટી વૃધ્ધિ થઇ. વિવિધ વિષયો પર પુસ્તકો રચાયાં, અંગ્રેજી ખ્રિસ્તી સાહિત્યમાંથી ઉત્તમ પુસ્તકોના અનુવાદનું કાર્ય પૂર જોશમાં શરૂ થયું. નસીબ જોગે સને ૧૯૪૫માં સાક્ષર, સાહિત્યરસિક, લેખક, ચિંતક અને ધર્મશાસ્ત્રના ઊંડા અભ્યાસી રેવ. જયાનંદ આઇ. ચૌહાન ટ્રાકટ સોસાયટીના સેક્રેટરી બન્યા. તેમના ઉત્સાહ, પ્રેરણા અને માર્ગદર્શનથી ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીને વિશાળ ફલક પર મૂકી. તેમણે પોતે અઢળક સાહિત્ય રચ્યું, પ્રસિધ્ધ કર્યું. બાઇબલ અભ્યાસના તેમણે ૧ થી ૧૧ ભાગ (બાઇબલના પ્રશ્નો અને તેના વિસ્તૃત જવાબો) ખૂબ લોકપ્રિય બન્યા. પુનરાગમન ગ્રંથાવલીના એકથી પાંચ ભાગો સને ૧૯૮૦-૧૯૮૪ સુધીમાં લખી પ્રસિધ્ધ કર્યાં. તેમનું પ્રખ્યાત પુસ્તક અનોખી ઇઝરાયેલ પ્રજાની સને ૨૦૦૦ સુધીમાં ત્રણ આવૃત્તિઓ સુધારાવધારા સાથે પ્રસિધ્ધ થઇ. પાછલા સમયના તેમનાં બે દળદાર પુસ્તકો મધુરાં ગીતોનો અધૂરો ઇતિહાસ (૧૯૯૭) અને અનોખી ઇઝરાયેલી પ્રજા ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યને કિંમતી ભેટ સમાન છે. તેમનાં બીજા મનનીય પુસ્તકો છે ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિવાદ (૨૦૦૦). 'માણસના મૃત્યુ પછી...આત્માનું શું થાય

છે", 'વધસ્તંભની વાટે' પાંચમી આવૃત્તિ (૨૦૦૧). સને ૧૯૫૫ થી છ વર્ષો (૧૯૫૫-૫૭ અને ૧૯૬૪-૬૬) ખ્રિસ્તીબંધુના તંત્રી રહ્યા અને તેમનાં પત્ની શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન (૧૯૬૮-૮૫) ૧૮ વર્ષો સુધી તંત્રી રહી 'ખ્રિસ્તીબંધુ'ના વિકાસમાં આ દંપતીએ અમૂલ્ય ફાળો આપ્યો છે.

રેવ. જયાનંદ ચૌહાન (સને ૧૯૪૫ થી ૧૯૫૦) છ વર્ષો સુધી ટ્રાકટ સોસાયટીના સેક્રેટરી રહ્યા તે દરમ્યાન તેમણે પોતે ઘણાં પુસ્તકો રચ્યાં હતાં. અન્ય લેખકોમાં મુખ્ય રેવ. (ડૉ.) ડબલ્યુ. જી. મલ્લિગન (Ph.D.,Lit.D., D.D.)ના તત્વજ્ઞાનના ઉચ્ચ કક્ષાના પુસ્તકો ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યને મળ્યો. રૂમીઓને પત્રનો ખુલાસો (૧૯૪૯), ખ્રિસ્તી ઈશ્વરવિદ્યાનાં મૂળ તત્વો (૧૯૫૨) ધર્મનું તત્વજ્ઞાન (૧૯૪૯). વિશ્વાસસાર (૧૯૫૩). રેવ. જે. એચ. ડેવીનું 'રાજાઓનો રાજા' (૧૯૪૮), મણીલાલ સી. પારેખ કૃત 'ઈસુ ખ્રિસ્તની હિંદુ છબી' 'A Hindu Portrait of Jesus' અંગ્રેજીમાં બધી પ્રસિધ્ધ કરી. રેવ. જી. વિલ્સન D.D. કૃત જૂના કરારની રચના અને સંદેશો (૧૯૪૮), જુવાનો માટે ૨૧ વાર્તાઓ રેવ. આર. એસ. ડીકી (૧૯૫૭) અને અન્ય પ્રકાશનો ૧૯૫૦માં. સને ૧૯૫૨માં ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીની સ્થાપના થયાંને સો વર્ષ પૂરાં થયાં. આ શતાબ્દીની ઉજવણી તા. ૧૧-૧૨, માર્ચ, ૧૯૫૩માં સુરતમાં ધામધૂમથી ઉજવાઇ હતી. શતાબ્દી મહોત્સવના પ્રમુખ હતા રેવ. (ડૉ.) જેમ્સ રોજર્સ, પણ ઉજવણી કરવામાં આવે તે પૂર્વે જ તેમનું અવસાન થયું તેથી તેમની જવાબદારી રેવ. એચ. પી. ક્રોમીએ ઉપાડી લીધી.

૧૯૫૩માં શતાબ્દી ઉજવાઇ ત્યારે ટ્રાકટ સોસાયટીના પ્રમુખ હતા રેવ. પૉલ મોરીસ (અલાયન્સ), સેક્રેટરી શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન (અલાયન્સ), ખજાનચી હતા ડૉ. પી. જી. ભગત (બ્રધરન) અને 'ખ્રિસ્તીબંધુ'ના તંત્રી હતા રેવ. સી. એમ. જસ્ટીન (બ્રધરન). રેવ. જયાનંદ ચૌહાનને પત્રકારત્વનો અભ્યાસ કરવા પરદેશ જવું પડયું ત્યારે સેક્રેટરી તરીકે કોને મૂકવા તેની શોધ ચાલી. કોઇકે શ્રી લોરેન્સભાઇ એમ. ક્રિશ્ચિયનના નામનો નિર્દેશ કર્યો. તેઓ પોસ્ટ ખાતામાં ઊંચા હોદ્દા પર હતા. અને તેમને લાગ્યું કે, આ સેવા કરવા માટે તેમને ઘણો સમય અને શક્તિ ખર્ચવાં પડશે, તેની અસર નોકરી પર પડશે જ, તેથી તેમણે પોતાના ખાતાના વરિષ્ઠ અધિકારીને આ વધારાની અવેતનિક સેવા કરવા માટે પરવાનગી આપવા વિનંતી કરતો પત્ર લખ્યો. પોસ્ટ ખાતાએ તેમને આ સેવા કરવાની રજા આપી. શ્રી લોરેન્સભાઇને વહીવટી કાર્યનો સારો અનુભવ હતો. ૧૯૩૩થી તેમની અગાઉના બધા જ સેક્રેટરીઓ ધર્મતંત્રના ધર્મગુરૂઓ હતા. તેઓ પણ અવેતનિક સેવાઓ આપતા હતા, પણ શ્રી લોરેન્સભાઇનો વહીવટી અનુભવ તેમને આ સેવાઓ કરવામાં ખૂબ કામ લાગ્યો. અને તેથી ટ્રાકટ સોસાયટીને ખૂબ ફાયદો થયો. તેમણે વહીવટી કાર્ય સંગીન પાયા પર મૂક્યું. શરૂઆતમાં ટ્રાકટ સોસાયટીની ઓફિસ ન હોવાથી પોતાના ઘેરથી જ આ કાર્ય કરવું પડતું. 'ખ્રિસ્તી બંધુ' અને પુસ્તકો છપાવવા માટે સુરત, મિશન

પ્રેસ સાથે પત્ર વ્યવહાર કરવો, ટ્રાકટ સોસાયટીની કાર્યવાહક સમિતિ નિયમિત બોલાવવી, મિનીટ બૂક અપ ટૂ ડેટ રાખવી અને લેખકોના પુસ્તકોની ચકાસણી કરી છાપવા મોકલવાં, વગેરેમાં તેમની કૂનેહથી ટ્રાકટ સોસાયટીનું વહીવટી માળખું વ્યવસ્થિત બન્યું. હવે તેમણે ટ્રાકટ સોસાયટીની ઓફિસ માટે મકાન મેળવવાના પ્રયત્નો શરૂ કર્યા. તેમને લાગ્યું કે, ટ્રાકટ સોસાયટીની કાયમી ઓફિસ માટે તેને પોતાનું મકાન હોવું જોઇએ. ટ્રાકટ સોસાયટીના સર્વ અધિકારીઓએ આ દરખાસ્તને વધાવી લઇ નાણાકીય વ્યવસ્થા ગોઠવી. સારી જગા અને જમીનની તપાસ આદરી. સંસ્થાએ આઇ. પી. મિશન ટ્રસ્ટ સાથે વાટાઘાટો કરી અને આઇ. પી. મિશન કંપાઉન્ડ એલીસબ્રીજમાં સબ-લીઝ કરાર કરી જમીન મેળવી અને મકાન બાંધવા માટે કાર્યવાહી શરૂ કરી. પ્લાન બનાવડાવ્યા. દેશપરદેશથી મકાન માટે ફંડ મેળવવામાં શ્રીમતી ફ્રાન્સેસ બોઇડે મુખ્ય ભાગ ભજવ્યો હતો. લગભગ પાંચ લાખ રૂપિયાના ખર્ચે મકાન તૈયાર થયું છે. જે હાલ ઓફિસ, રીડિંગ રૂમ, વગેરે માટે વપરાય છે.

સને ૧૯૫૬ પહેલાં પુસ્તકોના પ્રકાશન માટે જુદાં જુદાં ફંડોમાંથી નાણાં મળતાં હતાં, પણ ૧૯૫૬માં નેશનલ ક્રિશ્ચિયન કાઉન્સિલ ઇન્ડિયા તરફથી સહાય (ગ્રાન્ટ) શરૂ થતાં ટ્રાકટ સોસાયટી નામ સાથે વધારાનું બીજું નામ 'ગુજરાતી ખ્રિસ્તી સાહિત્ય મંડળ' સ્વીકારવામાં આવ્યું છે પણ તે એટલું પ્રચલિત બન્યું નથી.

આર્થિક અને વહીવટી કારણોસર ઇ. સ. ૧૯૫૯માં મિશન પ્રેસ, સુરત બંધ કરવામાં આવ્યું ત્યાં સુધી ટ્રાકટ સોસાયટીનું બધું જ કામકાજ સુરતથી જ થતું હતું. પ્રેસ બંધ થવાથી ટ્રાકટ સોસાયટીનાં પુસ્તકોનો બધો સ્ટોક અમદાવાદમાં લાવવામાં આવ્યો. સાથે ટ્રાકટ સોસાયટીની મુખ્ય ઓફિસ, પણ અમદાવાદમાં જ રાખવામાં આવી. પ્રેસ બંધ થવાથી નવાં સાહિત્યનું પ્રકાશન બંધ પડયું, એટલે સને ૧૯૬૦ થી ૧૯૬૮ સુધીનો સમય ગાળો પ્રકાશનોની મંદીનો સમય ગણાય છે. (નવા મકાનમાં ઓફિસ શરૂ કરી અને વ્યવસ્થિત કામગીરી ફરી શરૂ કરવામાં આવી ત્યાં સુધી)

તેમના સમયમાં અગાઉના બંધારણમાં સમયાનુસાર ફેરફાર કરી ૧૯૬૨માં આજનું બંધારણ સ્વીકારવામાં આવ્યું અને તેને અમલમાં મૂકયું.

સને ૧૯૬૨થી રેવ. સી. કે. યંગ ટ્રાકટ સોસાયટીના ૧૯૬૪ સુધી પ્રમુખ હતા. ટ્રાકટ સોસાયટીના નવા મકાનના બાંધકામનું મહત્વનું કાર્ય સરળતાથી થાય માટે સને ૧૯૬૫માં તેઓએ ટ્રા. સો.ના સેક્રેટરી થવાની જવાબદારી સ્વીકારી. તેઓ અને મિસીસ ફ્રાન્સેસ બોઇડે નવા મકાનના બાધકામની સર્વ જવાબદારી સ્વીકારી લીધી.

મિસિસ ફ્રાન્સેસ બોઈડ ૧૯૬૭ થી ૧૯૭૦માં ટ્રાકટ સોસાયટીનાં સેક્રેટરી તરીકે ચૂંટાયાં હતાં. તેમણે પોતાની બધી આવડત, શક્તિ અને સમય ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીના હાલના નવા બંધાનાર નવા મકાન માટે વાપર્યાં એમ કહેવામાં જરાયે

અતિશયોક્તિ નથી. તેમના પતિ રેવ. (ડૉ.) આર. એચ. એસ. બોઈડે અંગ્રેજીમાં Church History of Gujarat (૧૯૮૦) જેનું સને ૧૯૯૪માં ગુજરાતીમાં ભાષાંતર કરવામાં આવ્યું હતું. 'What is Christianity' તેમનું બીજું ઉત્તમ પુસ્તક છે. તેનો અનુવાદ 'હૃદય પલટો વિશ્વ પલટો' નામે વિશ્વાસ પ્રગટ થયો છે જે વિધર્મીઓને ખ્રિસ્તી ધર્મ સમજવા માટેનું ઉત્તમ પુસ્તક છે, માર્ગદર્શિકા ૧૯૬૫, વિશ્વાસ નામાનો ખુલાસો છે તે ખાસ અભ્યાસ કરવા જેવું પુસ્તક છે. તેઓ ઊંડા અભ્યાસી અને વિદ્વાન લેખક હતા. 'ચર્ચ હિસ્ટ્રી ઓફ ગુજરાત' લખવા માટે તેમણે દશ વર્ષો સુધી સંશોધન કર્યું હતું. આ ત્રણ પુસ્તકોની ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યમાં પ્રથમ કક્ષાના પુસ્તકોમાં ગણના થાય છે.

શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયનની એકવીસ વર્ષની લાંબી સેવામાં ટ્રાકટ સોસાયટીનાં વહીવટમાં સરળતા, ઝડપ, વ્યવસ્થા અને પ્રગતિ સારાં થયાં.

સને ૧૯૬૫ થી ૧૯૭૦ સુધી રેવ. સી. કે. યંગ (૬૫-૬૬) અને મિસીસ ફ્રાન્સેસ બોઈડ (૬૭-૭૦)નું સઘળું ધ્યાન ટ્રાકટ સોસાયટીના નવા મકાનના બાંધકામ અને નાણાં મેળવવા કેન્દ્રિત થયું હતું. મિસિસ બોઈડે પરદેશથી મોટા પ્રમાણમાં દાનની રકમ મેળવવા પ્રયત્નો કર્યા હતા. સને ૧૯૬૮ના માર્ચની ત્રીજી તારીખ ટ્રાકટ સોસાયટીના નવા મકાનનો શિલારોપણ વિધિ તે સમયના યુ. સી. એન. આઈ. ચર્ચના મોડરેટર ડૉ. ગુરુબચ્ચનસિંગ હતા, તેમના શુભ હસ્તે થયો હતો. સને ૧૯૭૦ના ઓગસ્ટની સત્તરમી તારીખે મેથોડિસ્ટ મિશન ઈન સધર્ન એશિયાના બિશપ ઓફ બોમ્બે રાઈટ રેવ. આર. ડી. જોશીના શુભ હસ્તે આ મકાનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. મકાનનું નામ પાડયું 'સાહિત્ય સેવા સદન'.

સને ૧૯૭૧માં બિશપ ડૉ. શાંતુકુમાર પરમાર અને પછી ૧૯૭૨માં રેવ. એસ. ડી. પરમારે ટ્રાકટ સોસાયટીના સેક્રેટરી અને ખજાનચીની જવાબદારી સ્વીકારી. રેવ. એસ. ડી. પરમાર ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટીના પણ ખજાનચી હતા, સાથે તેઓ સર્વિસ સોસાયટીની સાહિત્ય સમિતિના પ્રમુખ હતા. તેમણે આ સંસ્થામાંથી નાણાકીય સહાય આપી ઘણા લેખકો પાસે પુસ્તકો લખાવ્યા અને પોતે પણ લખ્યાં. તેઓ સારા પાળક, વહીવટકર્તા બહુશ્રૃત લેખક હતા. બાળકો માટે સાબ્બાથશાળાઓના અભ્યાસક્રમના કેટલાક પુસ્તકો રચ્યાં હતાં. જીવન ચરિત્રો તેમનાં પુસ્તકોમાં મુખ્ય હતાં. હેનરી માર્ટિન (૧૯૮૬), સિંકલેર સ્ટીવનસન, અદોનિરામ જડસન (૧૯૮૭), વિલ્યમ કેરી (૧૯૮૮), ડેવિડ બ્રેઈનર્ડ (૧૯૯૩), હડસન ટેલર (૨૦૦૦) વગેરે.

દશ આજ્ઞાઓ, ઈસ્ત્રાએલીઓનો કનાનમાં પ્રવેશ, મહાન ખ્રિસ્તીઓ, મુસ્લિમોમાં સુવાર્તા પ્રચાર માટેના બે પુસ્તકો અને ખ્રિસ્ત અને તેની મંડળી તેમનાં અન્ય પુસ્તકો છે.

સને ૧૯૭૩ થી ૧૯૮૪ સુધી ડૉ. હેમિલ્ટન જી. સત્વેદીએ ટ્રાકટ સોસાયટીના સેક્રેટરી તરીકે સેવાઓ આપી હતી. તેઓ સારા વહીવટદાર અને સાહિત્યપ્રેમી લેખક હતા.

તેમણે 'કોનું થશે ?' (૧૯૬૦) નોંધપાત્ર પુસ્તક છે ! તેમણે Course of Study for Village Christians નામે ઉપયોગી પુસ્તક સને ૧૯૪૧માં પ્રસિધ્ધ કર્યું હતું.

તેમણે સાધુ સુંદરસિંગ (૧૦મી આવૃત્તિ ૧૯૬૮માંનું ભાષાંતર કર્યું હતું, પરોઢિયે પ્રણાર્પણ (૧૯૭૮) અને સાધુ સુંદરસિંગના ચાર પુસ્તકો-ગુરૂને ચરણે, સાચું જીવન (૧૯૭૨), સાચુ મોતી (૧૯૭૯) અને સત્યની શોધ ૧૯૭૨માં અનુવાદ કરી, પ્રસિધ્ધ કર્યાં હતાં. તેમના સમયમાં ભગવતપ્રસાદ ચૈહાણના બે પુસ્તક યોનેકો અને બેનહૂર (અનુવાદો ૧૯૭૮) છપાવી પ્રસિધ્ધ કર્યાં.

સને ૧૯૮૭ થી ૧૯૯૪ અને ૧૯૯૮ થી ૧૯૯૯ સુધી શ્રી ભગવતપ્રસાદ ચૌહાણે ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીનો સર્વાંગી વિકાસ સાધ્યો. તેઓ સારા કેળવણીકાર, સિધ્ધ હસ્ત લેખક અને ઉત્તમ વહીવટદાર હતા. તેમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. તેમાં નવલિકા સંગ્રહો, નવલકથાઓ, જીવન ચરિત્રો, નાટકસંગ્રહ અને બાળ સાહિત્યમાં હાથ અજમાવ્યો હતો. તેમણે સ્ત્રી પુરૂષ સંબંધ (અનુવાદક ૧૯૭૮), કલ્યાણી (૧૯૮૦), સૌથી મહાન વિજતા, યોનેકો (૧૯૮૩), વધસ્તંભના ૭ વચનો (૧૯૮૮) ક્રોસકથાનાં પાત્રો (૧૯૯૨) ડૉ. પ્રભાકરના સહકારમાં, રાજરાજેશ્વર, આઝાદીનો લડવૈયો (૧૯૯૭), બારાબાસ (નાટય સંગ્રહ) અને ક્રોસ અને કવિ ખ્રિસ્તી વિષયો પરનાં ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થયેલાં કાવ્યોનો રસાસ્વાદ કવિ યોસેફ મેકવાનના સહકારમાં (સને ૧૯૭૭)માં પ્રસિધ્ધ કર્યો હતો.

તેમણે એક મહત્વનું કાર્ય કર્યું. શરૂઆતના ઉત્તમ પુસ્તકોનું પુનઃમુદ્રણ, દા. ત. 'નામકોષ' રેવ. દિપસીંગ શામજી, ધર્મનું તત્વજ્ઞાન (૧૯૯૨), પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી રેવ. રામસીંગ કહાનદાસ (૧૯૯૧), 'પિતૃઓના કૂવા' અને 'રેલો અને ગીતા' રેવ. (ડૉ.) ડબલ્યુ. જી. મલ્લિગન (૨૦૦૦) 'ટૈટસ', ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ મણીલાલ સી. પારેખ અને જૂનો કરાર તેની રચના અને સંદશો (૨૦૦૦).

તેમણે ઘણા લેખકો અને ઉગતા લેખકોને પ્રેરણા આપી લખતા કર્યા હતા. તેમનામાં માણસને પારખવાની અને તેની શક્તિઓની ગજબની પિછાન હતી.

તેમના સમયમાં કદાચ સૌથી વધુ પુસ્તકોનું પ્રકાશન થયું છે. ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યને તેમણે વિશાળ ફલક પર મૂકયું છે. અંગ્રેજી સાહિત્યમાંથી પ્રખ્યાત ઉત્તમ પુસ્તકોનાં ભાષાંતર કરાવ્યા હતા. ગુજરાતની ખ્રિસ્તી મંડળી, મંડળીનો ઈતિહાસ, 'વધસ્તંભ અને ચપ્પુ', 'ટેકરીઓનો સાદ' 'ચિરાયેલો પડદો', 'પડદાને પેલે પાર', 'બેનહૂર' 'કૉવાડીશ' (કયાં ચાલ્યા) 'શુધ્ધ પ્રયુધ્ધ' વગેરે.

તેમની સૌથી મહત્વાકાંક્ષી અને મોટા આર્થિક બજેટવાળી યોજના હતી. 'Bible Speaks Today' ચૌદ ભાગની બાઈબલ કોમેન્ટ્રીનું ભાષાંતર અને પ્રકાશન હતી. તે માટે પ્રકાશનની પરવાનગી મેળવી. નાણાકીય સહાય માટે ટહેલ નાખી ઝડપથી

કાર્યવાહી શરૂ કરી. કેટલાક ભાગોનું ભાષાંતર કાર્ય યોગ્ય વ્યક્તિઓને સોંપ્યું. તે શ્રેણીના છ ભાગોનું ભાષાંતર કરાવી પુસ્તકરૂપે પ્રસિધ્ધ કરાવ્યા. ઉપરોક્ત કોમેન્ટરીની બહારના પુસ્તકો રૂથ, અયૂબ અને સભાશિક્ષકના પુસ્તકોના ખુલાસા. ડૉ. શ્રી ઈમાનુએલ ક્રિશ્ચિયન (ટેક્સાસ યુ. એસ. એ.) લખ્યા છે તેનું પ્રકાશન ટ્રાકટ સોસાયટીએ ૧૯૯૯માં કર્યું છે. બીજા ભાગોનું અનુવાદનું કાર્ય આજે પણ ચાલી રહ્યું છે. આ ભાગોનો પ્રકાશન ખર્ચ લગભગ ચાળીસ લાખ અંદાજ્યો છે. તેમાં આયર્લેન્ડના ફોરેન મિશને રૂા. ૭ લાખની મદદ કરી છે. મેથોડિસ્ટ મિશન બોર્ડ, યુ. એસ. એ. બે લાખ રૂપિયાની મદદ કરી છે. કેટલાક દાતાઓએ મોટાં દાનો પણ આપ્યાં છે.

તેમના સમયમાં પ્રથમવાર જ પ્રસિધ્ધ થયેલાં નવાં પ્રકાશનોમાંના કેટલાક મહત્વના પુસ્તકો નીચે મુજબ છે. પુલપીટ હેલ્પસ ભા. ૧-૪ રેવ. બી. એસ. પરમાર (૧૯૯૮-૯૯), ચાર્લ્સ સ્પર્જન (૧૯૯૭) અન્ય કેટલાંક પ્રકાશનો હજી પ્રેસમાં છે.

તેમણે ટ્રાકટ સોસાયટીની આર્થિક સ્થિતિ સુધારવા નવી નવી યોજનાઓ મૂકી, દાન આપવા પ્રેરણા આપી, પરદેશથી મોટાં ફંડો મેળવ્યાં, શહેરની જુદી જુદી મંડળીઓને દાન આપવા અપીલ કરી. શહેરની જુદી જુદી મંડળીઓ અને નાનાં શહેરોમાં રવિવારે ટ્રાકટ સોસાયટીના કાર્યકરોની મદદથી બુક સ્ટોલો ગોઠવી વેચાણ વધાર્યું. જૂનાં પુસ્તકોના સેટ બનાવી પડતર ભાવે સેટો વેચ્યા. 'ખ્રિસ્તી બંધુ'ને ઘરઘરનું સામયિક બનાવવા એજન્ટ મિત્રોને પ્રેરણા, ઉત્સાહ અને સારું કમિશન આપી ગ્રાહક સંખ્યામાં સારી વૃધ્ધિ કરી.

શ્રી ભગવતપ્રસાદ આર. ચૌહાણનું નવેમ્બર, સને ૧૯૯૯માં અવસાન થયું. ટ્રાકટ સોસાયટી પ્રગતિને પંથે લઈ જનાર શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ અને ૧૯૪૫થી સતત ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીની સર્વ પ્રવૃત્તિઓમાં રસ લઈ, પોતાનાં પ્રકાશનોનો ધોધ વહેવડાવી ટ્રાકટ સોસાયટીની ચિરસ્મરણીય સેવા કરી છે તેથી તેઓની સેવાના સમયને ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યનો સ્વાતંત્ર્ય યુગ કહીએ કે આ બંને ચૌહાણની સેવાઓને લક્ષમાં રાખી ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યનો ચૌહાણ યુગ કહીએ તો કેવું !

આજે ટ્રાકટ સોસાયટીનું વટવૃક્ષ ફાલ્યું અને ફૂલ્યું છે તેમાં લેખક અને કવિ મિશનરીઓ, ગુજરાતી પાળકો અને અન્ય લેખકોનો ફાળો છે જ.

**અનુવાદો :**

કોઈપણ ભાષાના સાહિત્યને સમૃધ્ધ કરવાનું એક ઉત્તમ માધ્યમ અન્ય ભાષાઓમાંથી ઉત્તમ કક્ષાના પુસ્તકો પોતાની ભાષામાં અનુવાદો દ્વારા લાવવાનું છે. જો કે અનુવાદ એ સાહિત્ય પ્રકાર ગણાતો નથી કારણ કે તેમાં લેખકનું મૌલિક લખાણ હોતું નથી. જો કે સારા અનુવાદ કરવા માટે પોતાની ભાષા પર પ્રભુત્વ હોય તો જ ઉત્તમ અનુવાદ આપી શકે છે. દા. ત. 'હૃદય પલટો વિશ્વ પલટો' ગુજરાતી ભાષાના વિદ્વાન લેખક રેવ. આર.

એચ. એસ બોઇડના અંગ્રેજી પુસ્તક 'What is Christianity' પુસ્તક પરથી સુંદર અનુવાદ કર્યો છે. વાચકને ખબર જ ન પડે કે હું અનુવાદિત પુસ્તક વાંચી રહ્યો છું. ટ્રાકટ સોસાયટીના સ્થાપક રેવ. જેમ્સ ગ્લાસગોથી શરૂ કરી આજ સુધી અંગ્રેજી ભાષાના ધર્મ અને તત્વજ્ઞાનનાં કેટલાંય પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ થયો છે. મિશનરીઓએ આ ઉપરાંત અન્ય ખ્રિસ્તી ઉત્તમ પુસ્તકોનાં ભાષાંતરો પણ કર્યા છે. દા. ત. 'શુધ્ધ પ્રયુધ્ધ', 'યાત્રાકારી' સુવૃતાંતો ભાગ ૧-૨, 'ખ્રિસ્તી મંડળીનો ઇતિહાસ' ગુજરાતની ખ્રિસ્તી મંડળીનો ઇતિહાસ' 'ફબીઓલા' ક્યાં ચાલ્યા ? (કૉ-વાડીશ) કેટલાંક જીવન ચરિત્રો, બાઇબલ કોમેન્ટ્રી (Bible Speaks Today) ના છ ભાગો, 'વધસ્તંભ અને ચપ્પુ' બાઇબલના પુસ્તકોના ખુલાસાઓ, બેનહૂર, 'ટેકરીઓનો સાદ' 'ધી રોબ' વગેરે.

**ખ્રિસ્તી બાળ સાહિત્ય :**

આ પ્રકારનું ગુજરાતી ખ્રિસ્તી સાહિત્ય ઘણું ઓછું ટ્રાકટ સોસાયટી દ્વારા પ્રગટ થયું છે. બાળકો માટેના સાહિત્યના લેખકો ઘણા ઓછા છે. વળી બાળ સાહિત્ય સચિત્ર અને રંગીન ચિત્રોવાળા તૈયાર કરવા ભારે ખર્ચ થાય, તે પણ એક મર્યાદા હતી. જૂના બાળ સાહિત્યમાં 'ફૂલની ટોપલી' 'એક પાઇમાં શુ ?' સુવૃતાંત (બાઇબલની વાતોનો સંગ્રહ) ભાગ ૧-૨, બહાદુર ગોવાળીઓ, 'ચોથા માગીની કથા', વહાલાં પંખીડાં ભાગ ૧-૨, 'આઝાદીનો લડવૈયૌ' 'રાજાનો કેદી દાનિયેલ' 'સપનાનો ઉકેલનાર યોસેફ', 'ગીદુ ગધેડો બેથલેહેમમાં', 'એક પાંચિયામાં શું ?' વગેરે.

**ટ્રાકટ સોસાયટીના સામયિક પ્રકાશનો :**

(૧) **'ખ્રિસ્તીબંધુ'** : ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીએ અને ૧૮૬૦માં 'સત્યોદય' નામે માસિક શરૂ કર્યું હતું. તે ફક્ત આઇ. પી. મિશન માટેનું માસિક હતું. ૧૮૮૪માં તેને બંધ કરવાની ફરજ પડી. દરેક પ્રોટેસ્ટન્ટ મંડળીઓએ પોતાનું અલગ અલગ 'માસિક પત્ર' શરૂ કરેલું પણ તેથી સંતોષ ન થતાં, બધી પ્રોટેસ્ટન્ટ મંડળીઓએ સંયુક્ત થઇ માસિક પત્ર પ્રગટ કરવાનું નક્કી કર્યું. જાન્યુઆરી ૧૯૩૨થી આ સંયુક્ત સામયિક 'ખ્રિસ્તી બંધુ' નામે પ્રસિધ્ધ કર્યું જે આજે પણ પ્રગતિના પંથે આગળ પ્રગતિ કરતું જાય છે.

'ખ્રિસ્તીબંધુ'ને ઉન્નતિને પંથે લઇ જવાનું સને ૧૯૫૫ થી ૧૯૮૫ સુધીના ત્રીસ વર્ષના ગાળામાં રેવ. જયાનંદ ચૌહાન અને તેમનાં પત્ની શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાને ભગીરથ કાર્ય કર્યું છે. તે સામયિકમાં આત્મિક ઉન્નતિના લેખો, આભાર પત્રો, મંડળીઓના સમાચારો, જીવન ઝરમર, જાહેર ખબરો વગેરેના કારણે તેનો ફેલાવો સારો થયો છે. એમ કહી શકાય કે 'ખ્રિસ્તીબંધુ' ગુજરાતી ખ્રિસ્તીઓનું 'મુખપત્ર' છે.

જો કે હજી તે ગુજરાતી સાહિત્યમાં પ્રગટ થતાં અન્ય સામયિકોની કક્ષામાં ઊભું રહી શકે એવું બની શકયું નથી. આજે તે ધર્મ અને સમાજને દોરવણી અને સમયને અનુરૂપ માર્ગદર્શન આપવાનું કાર્ય સંતોષજનક કરી શકયું નથી તેનું કારણ સારા લેખકો અને કવિઓની ખોટ પણ હોઇ શકે છે.

(૨) **'ઉપલી મેડી'** : દરરોજની વ્યક્તિગત અને કૌટુંબિક પ્રાર્થનાના સમયે સહાયરૂપ બને એવું સાહિત્ય ન હતું. દૈનિક પ્રકાશ, નામે એક નાનું પુસ્તક વર્ષના ૩૬૫ દિવસના સવાર અને સાંજના વાચન પાઠોનું હતું. મિશનરીઓના સમયમાં તે વપરાતું હતું. તેનું પુનઃપ્રકાશન સુધારા વધારા સાથેનું રેવ. ડી. બી. ચૌહાણે ફરીથી એ જ નામે પ્રસિધ્ધ કરાવ્યું હતું.

અંગ્રેજીમાં આ પ્રકારનું સાહિત્ય ઘણું છે. અંગ્રેજીમાં 'Upper Room' નામે દૈનિક વાચન પાઠોની માસિક પુસ્તિકા અમેરિકાથી પ્રસિધ્ધ કરવામાં આવતી હતી. તેના પ્રકાશકોની સંમતિ અને આર્થિક મદદથી સને ૧૯૫૫થી 'ઉપલી મેડી' નામે દ્વિમાસિક અનુવાદિત પુસ્તિકા પ્રગટ કરવામાં આવે છે. તે દરેક પ્રોટેસ્ટન્ટ કુટુંબમાં સારું લોકપ્રિય બની શકયું. શરૂઆતમાં શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાને અનુવાદક તરીકે સારી સેવા આપી હતી. હાલ તેનું સરકયુલેશન લગભગ દશ હજારે પહોંચવાની તૈયારીમાં છે.

તેમાં વિશ્વના જુદા જુદા દેશના લોકોના લખેલાં મનનો હોય છે, જે દૈનિક કાર્યો અને વ્યવહારમાં સારા ઉપયોગી બને છે. આત્મિક ભાવના ટકાવી રાખનાર આ સારું પ્રકાશન છે.

(૩) **'બાળવાડી'** : મિશનરીઓના સમયમાં બાળકો માટે અંગ્રેજીમાં 'Treasure Chest' નામનું માસિક ચાલતું હતું. અંગ્રેજી જાણનાર બાળકો જ તેનો ઉપયોગ કરી શકતાં હતાં. ગુજરાતી ભાષામાં આ પ્રકારનું બાળ સામયિક હોવું જોઈએ એમ લાગતું હતું. ટ્રાકટ સોસાયટીએ આ જવાબદારી ઉપાડી લીધી. લીટરેચર ફંડની આર્થિક મદદથી તે શરૂ કર્યું. આજે પણ તેનું પ્રકાશન ટ્રાકટ સોસાયટી જ કરી રહી છે. તેની કેટલીક મર્યાદાઓ છે. બાળ સાહિત્ય રચનાર લેખક-કવિઓની ભારે ખોટ છે. બાળકો માટેનું માસિક છે, માટે સચિત્ર હોવું જોઈએ, પણ તેમ કરતાં તેનું પ્રકાશન મોંઘું પડે. વળી ગ્રાહકો થોડા હોવાથી આર્થિક રીતે પણ પ્રકાશન ખોટમાં ચાલે છે. આજે તેનું સ્તર થોડું સુધર્યું છે.

આજે એમ લાગે છે કે ભાવિ પેઢીના ઘડતર માટે એક સારા સચિત્ર માસિકની જરૂર છે. 'બાળવાડી' હજી બાળપ્રિય બની શક્યું નથી.

(૪) **ભજન સંગ્રહ :** (ભક્તિસભાઓ વખતે ગાવાના ગીતોનો સંગ્રહ) : સૌથી પ્રથમ ગીતોનું પુસ્તક ટ્રાકટ સોસાયટીએ મિશન પ્રેસમાંથી સને ૧૮૩૪માં પ્રસિધ્ધ કર્યું હતું. તેમાં મુખ્યત્વે અંગ્રેજી ગીતોના મિશનરીઓએ પદ્ય અનુવાદો અને દેશી રાગ અને ઢાળોમાં રચેલ ગીતોનો સંગ્રહ હતો. તેમાં સુધારા વધારા કરી રેવ. જે. વી. એસ. ટેલરે તેમના રચેલાં ઉત્તમ ગીતો સાથેનો ગીત સંગ્રહ 'ધર્મગીતા' નામે ૧૮૫૧માં છપાવી પ્રસિધ્ધ કર્યો હતો. રેવ. ટેલર ગુજરાતી ભાષાના પિંગળશાસ્ત્રના અભ્યાસી હતા. દેશી માપમાં તેમણે ઉત્તમ કાવ્યો / ગીતો રચ્યાં છે જે આજે પણ એટલાં જ પ્રિય છે.

સને ૧૮૬૩માં રેવ. ટેલરે ફરી વધુ ગીતો સાથેનો સંગ્રહ 'કાવ્યાર્પણ' નામે પ્રસિધ્ધ કર્યો, તેમાં રામભાઇ કલ્યાણ, થોમા પાથાભાઇ, કહાનજી માધવજી રત્નગ્રાહીના કાવ્યોનું પ્રમાણ સારું હતું.

૧૯૦૯માં ગુજરાત મિશનરી કોન્ફરન્સે એક સમિતિ રચી હતી. તેણે 'ઇશ્વરસ્તુતિનાં ગીતો' નામે ૭૪ ગીતોની પુસ્તિકા પ્રગટ કરી હતી. ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૨૦-૧-૧૯૩૧માં બોલાવેલી તેમાં આ પ્રશ્ન ઉપાડી લેવા ઠરાવ્યું. તેમાં બધી મંડળીઓના પ્રતિનિધિઓ નીમી, કામ શરૂ કર્યું. તેમાં બધા મળી ૨૦ સભ્યો હતા. તેમણે અત્યાર સુધી પ્રસિધ્ધ થયેલાં ધર્મગીતોમાંથી ઉત્તમ કક્ષાનાં ગીતો પસંદ કર્યાં તેમાં સુધારા વધારા કર્યાં, કરાવ્યા. આ સમિતિએ ૩૨ દિવસોમાં ૨૬૫ કલાકો કાર્ય કર્યું. અને તેમણે લગભગ ૫૦૦ ગીતોનો સંગ્રહ તૈયાર કર્યો.

સને ૧૯૭૧માં ટ્રાકટ સોસાયટીએ ભજન સંગ્રહની ત્રીજી સુધારેલી આવૃત્તિ પ્રસિધ્ધ કરી. રિવિઝન કમિટિના સેક્રેટરી રેવ. જયાનંદ ચૌહાન હતા. પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તીઓનો આ પ્રિય ગીત સંગ્રહ છે, અત્યાર સુધીમાં તેની એક લાખ, બાવીસ હજાર નકલો છપાઇ છે. અને ૧૯૩૬ થી ૧૯૯૩ સુધીમાં તેનું નવ વખત પુનઃ મુદ્રણ થયું છે.

ઉપરોક્ત ખ્રિસ્તી સામયિકો અને ભજન સંગ્રહ ખ્રિસ્તી એકતાનો સારો પુરાવો છે. નવા કવિઓને 'ખ્રિસ્તી બંધુ' દ્વારા સારું ઉત્તેજન અને લેખન શિબિરો દ્વારા સારું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

**ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટી દ્વારા છપાતું અન્ય સાહિત્ય :**

સને ૧૯૪૨માં આઇરીશ મિશનરીઓ ગુજરાતમાં આવ્યા ત્યારે અત્યારના જેવી શાળાઓ ન હતી, પાઠયપુસ્તકો ન હતા. શાળાનાં મકાનો ન હતાં. મિશનરીઓએ ગુજરાતમાં આધુનિક કેળવણીનો પાયો નાખ્યો. મિશનરી બાનુઓએ ઘર આંગણે અંગ્રેજી અને ગુજરાતી શીખવવા (નાનાં બાળકો અને મોટેરાંઓ માટે) શાળાઓ શરૂ કરી. મિશનરીઓએ પાઠય પુસ્તકો રચ્યાં. તેમાં એક ધોરણમાં એક જ પાઠય પુસ્તક હતું. તેમાં ગુજરાતી ભાષા, વ્યાકરણ, ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, નીતિશાસ્ત્ર, આરોગ્ય શાસ્ત્રના પાઠો હતા. તે તેમણે મિશન પ્રેસમાં છપાવ્યા. અંગ્રેજ સરકારે ગુજરાતમાં શાળાઓ શરૂ કરી ત્યારે તેમાં આ પુસ્તકો વપરાતાં હતાં. મિશનરીઓએ પ્રથમ જ ગદ્ય સાહિત્ય રચ્યું અને પ્રસિધ્ધ કર્યું. તે જોઇ કવિ નર્મદે લેખો લખ્યા અને તેનો દળદાર સંગ્રહ સુરત મિશન પ્રેસમાં છપાવી પ્રસિધ્ધ કર્યો. ગુજરાતી ગદ્ય સાહિત્યનું આ પ્રથમ પુસ્તક હતું.

મિશનરીઓએ ગુજરાતી વ્યાકરણો રચ્યાં, શબ્દકોશો તૈયાર કર્યા. બોધદાયક વાર્તાઓ લખી અને ટ્રાકટ સોસાયટી દ્વારા મિશન પ્રેસ સુરતમાં છપાવી પ્રસિધ્ધ કરી.

રેવ. ટી. એલ. વેલ્સની પાઠમાળા ભાગ ૧ થી ૫ અને રેવ. જે. વી. એસ. ટેલરના વ્યાકરણોનો કોપી રાઇટ આઇ. પી. મિશનનો છે.

ટ્રાક્ટ સોસાયટીએ પોતાનાં પ્રકાશનો ખ્રિસ્તી લોકો ખરીદી શકે માટે ટ્રાક્ટ સોસાયટીના મકાનમાં પુસ્તકોની દુકાન શરૂ કરી છે. તેમાં પોતાના પ્રકાશનો, અંગ્રેજી સાહિત્યનાં પ્રકાશનો અને અન્ય પ્રકાશન સંસ્થાનાં પુસ્તકોનો ભંડાર છે. સમગ્ર ગુજરાતમાંથી સાહિત્ય ખરીદવા ખ્રિસ્તી લોકો ત્યાં જાય છે. પોતાનાં પ્રકાશનોનું વિતરણ કાર્ય સારું થાય માટે એક કર્મચારી રાખ્યા છે તે ગુજરાતમાં બધે ફરી ઓર્ડરો નોંધી લાવે છે. જીવન સાહિત્ય ભંડાર, ઓ. એમ. ઈન્ડિયા, બાઈબલ બૂક રૂમ, બાઈબલ સેન્ટર, વ્યારા વગેરે સંસ્થાઓ વિતરણ કાર્યમાં ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટીને સારી મદદ કરે છે.

**લેખન શિબિરો :**

ટ્રાક્ટ સોસાયટી નવા લેખકો અને કવિઓને લેખન તાલીમ આપવા સિધ્ધ હસ્ત ગુજરાતી લેખકોની મદદ લઈ શિબિરો યોજે છે. નવા લેખકોને ઉત્તેજન આપવા દર માસે સારા લેખોને ઈનામો આપવામાં આવે છે. નવા લેખકોને પ્રોત્સાહન આપવા તેમના નબળા લેખોને મઠારીને છાપવામાં આવે છે, જો કે આજની નવી પેઢીમાં વાચનનો રસ ઓછો છે. કેટલાંક ખ્રિસ્તી કુટુંબોમાં ભાગ્યે જ ખ્રિસ્તી સાહિત્યનું કબાટ હોય છે. 'ઉપલી મેડી'ના ગ્રાહક બને છે પણ તેનો ઉપયોગ કરતા ન હોવાથી કેટલાકને એ પણ ખબર નથી કે તે માસિક નથી, પણ દ્વિમાસિક છે. ખ્રિસ્તીઓ વાચનનો રસ કેળવે માટે ખ્રિસ્તી સાહિત્યના સારાં ઉત્તમ પુસ્તકોની વાચન હરીફાઈ યોજવી જોઈએ, પરીક્ષાઓ લઈ ઈનામો આપવાં જોઈએ. અને ઈનામોમાં ખ્રિસ્તી સાહિત્ય જ આપવું જોઈએ, અન્ય ચીજો નહીં. દર વર્ષે રાહત દરે ઓછી કિંમતે પુસ્તકો આપવાની જાહેરાત કરવી જોઈએ અને લોકો વધુમાં વધુ ખ્રિસ્તી સાહિત્ય વાંચે માટે વારંવાર અવનવા પ્રયોગો કરવા જોઈએ.

**૧. રેવ. આર. પી. ક્રિસ્ટી** : તેઓ મેથોડિસ્ટ મંડળીના અગ્રગણ્ય પાળક હતા. સારા કવિ અને લેખક હતા તેથી ભજનસંગ્રહની પ્રથમ સમિતિના તેઓ સભ્ય બન્યા. (સને ૧૯૩૧) આજે તેમનાં કેટલાંક ગીતો ભજન સંગ્રહમાં સમાયેલાં છે. તેઓ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટીમાં ખૂબ રસ લેતા હતા તેથી તેઓ સમયે સમયે સોસાયટીના પ્રમુખ, ઉપપ્રમુખ, કાર્યવાહક સમિતિના સભ્ય અને ૧૯૪૪-૪૫માં 'ખ્રિસ્તી બંધુ' સામયિકના તંત્રી હતા.



**૨. રેવ. (ડૉ.) જી. કે. સત્વેદી** : તેઓ બ્રધરન મંડળીના પાળક હતા. બાઇબલ કોલેજના આચાર્ય પણ હતા. તેઓ સારા સાહિત્યકાર હતા. પ્રથમ ભજનસંગ્રહની કમિટિના તેઓ પ્રમુખ હતા. ભજનસંગ્રહમાં છેલ્લે આપેલા પ્રત્યુત્તરીત શાસ્ત્ર વાચનના પાઠો તેમણે તૈયાર કર્યા હતા. એક સમયે તેઓ ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીના તેમના સમયમાં અગાઉના બંધારણમાં સમયાનુસાર ફેરફાર કરી આજનું બંધારણ સ્વીકારવામાં આવ્યું અને તેને અમલમાં મૂક્યું.તેઓ પ્રમુખ હતા (૧૯૩૮). તેમના સમયમાં ઘણા પુસ્તકોના પ્રકાશનો થયાં હતાં તેમણે દશેક જેટલાં ઉત્તમ કક્ષાનાં પુસ્તકો રચ્યાં છે.



**૩. રેવ. (ડૉ.) પી. જી. ભગત** : તેઓ ઉમદા કેળવણીકાર હતા. ઘણા વર્ષો સધી તેઓ અંકલેશ્વરની વોકેશનલ ટ્રેનિંગ કોલેજના પ્રિન્સિપાલ પદે રહ્યા હતા. GRCC અને BRCC અને ટ્રાકટ સોસાયટીમાં ખૂબ રસ લેતા હતા. સંયુક્ત ભજનસંગ્રહ સમિતિના તેઓ સેક્રેટરી હતા. 'અજવાળિયું' અને 'ખ્રિસ્તી બંધુ'સામયિકના તેઓ તંત્રી હતા.



**૪. વડીલ એલ. જે. ફ્રાન્સીસ (સિયોની)** : સારા કવિ હતા. ભજનસંગ્રહમાં તેમનાં ઘણા ગીતો છે તેમાં વહાલો વધસ્તંભ વ્યોમે (૧૧૧), આવો અવિનાશી આત્મા (૨૧૦), ખૂબ જ પ્રખ્યાત છે. ગુજરાતી ખ્રિસ્તી મહામેળામાં "સિયોની કાવ્યકુંજ"ના ગીતોની રમઝટે ભારે ઘેલું લગાડયું હતું. મેળામાં સિયોની ગીતોના ગરબા મોડી રાત સુધી જામતા.



**૫. મથુશેલાહ ઝેડ. ઠાકોર** : બાળપણથી ગીતો ગાવા અને ગવડાવવાનો ભારે શોખ. તેમણે દેશી રાગના ૭૮ ગીતોનો સંગ્રહ રચ્યો હતો. ભજનસંગ્રહમાં તેમના ૧૦ ગીતો અને તેમણે અનુવાદ કરેલાં ૧૦ ગીતો છે. તે રવિવારની ભક્તિસભાઓમાં વિશેષ ગવાય છે.



**૬. રેવ. (ડૉ.) હિંમતલાલ આશીર્વાદ** : મેટ્રિકની પરીક્ષા આપ્યા પછી તેઓ લડાઈમાં ગયા હતા. ત્યાંથી આવ્યા પછી સુરત મિશન હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા હતા. બાઈબલ કોલેજમાં અભ્યાસ પૂરો કરી મુંબઈની અમ્રોલી મંડળીના પાળક બન્યા. તેઓ નમ્ર, પ્રમાણિક, ધાર્મિક વિદ્યાભ્યાસી અને લેખનકળામાં પ્રવિણ હતા. મુંબઈમાં પાળક તરીકે ખૂબ જ ખ્યાતિ પામ્યા હતા. ગુજરાત સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળામાં પ્રોફેસર નીમાયા. તેઓ અંગ્રેજી, હિબ્રૂ, ગ્રીક વગેરે ભાષાઓનું સારુ જ્ઞાન ધરાવતા હતા. તેમણે ઘણાં પુસ્તકોનું ભાષાંતર કર્યું છે. ગુજરાતની ખ્રિસ્તી મંડળીઓને તેમણે ઉમદા ખ્રિસ્તી સાહિત્ય પૂરું પાડયું છે. સાહિત્ય વિષયક સેવાઓ ધ્યાનમાં રાખીને આયર્લેન્ડની મંડળીએ “ડૉકટરની પદવી” આપી હતી. સમયને અનુસરીને જોઈતા સાહિત્યનો અનુવાદ કરવાની ભગીરથ સેવા તેમને શિરે આવી. જો તેમ ન થયું હોત તો તેઓ ઘણાં પુસ્તકો લખી શકત.



**૭. રેવ. એસ. ડી. પરમાર** : તેઓ ખૂબ મહેનતુ, નમ્ર, પ્રેમાળ અને ઉમદા પાળક હતા. સિરામપોરની બાઈબલ કોલેજમાં તેમણે L.Th.નો અભ્યાસ કર્યો હતો. મંડળીના પાળક તરીકેની તેમની સેવાઓ ખૂબ પ્રસંશનીય હતી. તેઓ સિનડ, જનરલ એસેમ્બલી અને ગુજરાત ચર્ચ કાઉન્સિલમાં વારંવાર પ્રતિનિધિ તરીકે જતા હતા. ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી 'આઈ. પી. મિશન પબ્લિકેશન ફંડ' દ્વારા ઘણાં પુસ્તકોના પ્રકાશનો કરાવ્યાં હતાં. તેમણે ઉત્તમ કક્ષાના મિશનરીઓનાં જીવન ચરિત્રો લખી સેવા કરી છે. તેઓ ટ્રાકટ સોસાયટીના નવા મકાનનું બાંધકામ ચાલુ હતુ ત્યારથી ૯ વર્ષ સુધી તેઓએ ખજાનચી તરીકેની ઉત્તમ સેવા આપી હતી. (૧૯૭૨).



**૮. રેવ. (ડૉ.) આર. એચ. એસ. બોઇડ** : આઈ. પી. મિશનના છેલ્લા મિશનરીઓમાંના એક ઉત્તમ લેખક હતા. ભરૂચ અને સુરતમાં તેઓએ શ્રેષ્ઠ સુવાર્તિક કાર્ય કર્યું હતું. ગુજરાત સંયુક્ત ઈશ્વરવિદ્યા શાળાના પ્રોફેસર બન્યા પછી તેમણે કેટલાંક ખ્રિસ્તી વિશ્વાસની વૃધ્ધિ કરાવતાં પુસ્તકો રચ્યાં હતાં 'હૃદય પલટો-વિશ્વ પલટો', 'વિશ્વાસ માર્ગદર્શિકા', ગુજરાતની ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ' ઉત્તમ ઉપયોગી પુસ્તકો માટે ગુજરાત તેમનું ઋણી રહેશે.



**૯. મિસિસ ફ્રાન્સેસ બોઇડ** : ૧૯૫૯માં મિશન પ્રેસ, સુરત બંધ થતા ત્યાંના સાહિત્યનો સ્ટોક, વગેરે અમદાવાદમાં લાવી સુરક્ષિત સ્થળે રાખવાનું ટ્રાકટ સોસાયટી માટે સ્થળ પસંદ કરવાનું કાર્ય મિસિસ બોઈડને શીરે ટ્રાકટ સોસાયટીના સેક્રેટરી તરીકે આવ્યુ. શરૂઆતમાં એલિસબ્રીજના એક બંગલામાં રાખી ટ્રાકટ સોસાયટીનો વહીવટ ચાલુ રાખ્યો. નવા મકાન માટે સ્થળ અને જમીન પસંદ કરવામાં તેમનો ફાળો અમૂલ્ય હતો. ટ્રાકટ સોસાયટીના નવા મકાનમાં કાર્ય શરૂ થાય ત્યાં સુધી તેમણે ઉમદા, સફળ સેવા આપી હતી.



**૧૦. રેવ. એચ. પી. ક્રોમી** (બી.એ.) : તેઓ ખૂબ પ્રેમાળ, બાહોશ અને વિદ્વાન મિશનરી હતા. તેમના સમયમાં મિશન પ્રેસમાંથી ઘણા કિંમતી અને મહત્વના પુસ્તકોનું પ્રકાશન થયું હતું. ટ્રાકટ સોસાયટીના ચાર વર્ષ સુધી પ્રમુખ રહ્યા હતા અને ત્રણ વર્ષ 'ખ્રિસ્તીબંધુ'ના તંત્રી રહ્યા હતા. પોતાના મૃત્યુ પછી પોતાના શરીરનો ઉપયોગ મેડિકલના વિદ્યાર્થીઓ કરે તે માટે હોસ્પિટલને સોંપવું એમ ઠરાવ્યું હતું.



**૧૧. શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન** : ૧૯૫૧માં ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીના બિન હરીફ સેક્રેટરી તરીકે પસંદ કરવામાં આવ્યા. સરકારી ઉચ્ચ હોદ્દા પર હોવાથી તેમની આગવી સુઝ, સમજ, કૂનેહ અને અનુભવ દ્વારા સોસાયટીના જુદા જુદા હોદ્દા પર રહી ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીની



પ્રગતિમાં મહત્વનો ફાળો આપ્યો છે જેની ઇતિહાસના પાનાં પર સોનેરી નોંધ લેવામાં આવી છે.

**૧૨. રેવ. ડૉ. જયાનંદ આઇ. ચૌહાન :** આદર્શ પાળક, ઉત્તમ લેખક, ઉચ્ચ કોટીના કવિ અને ચિત્રકાર તરીકે ગુજરાતની તમામ મંડળીઓમાં સહુ કોઇના ચાહક બન્યા હતા. ટ્રાકટ સોસાયટીના વિવિધ સ્થાનો પર રહીને અમૂલ્ય સેવાઓ આપી છે. તેમની તેજીલી કલમે ગુજરાતની ખ્રિસ્તી જનતાને ત્રીસ કરતાં વધારે પુસ્તકોની ભેટ ધરી છે. ભજન સંગ્રહ રિવિઝન સમિતિ (ત્રીજી આવૃત્તિ)ના સેક્રેટરી તરીકે ઉપયોગી સેવા આપી છે. તેમનાં કેટલાંક હૃદયસ્પર્શી ગીતો ભજન સંગ્રહમાં પસંદગી પામ્યાં છે. તેમની ઉત્તમ સેવાઓ દ્વારા તેમની 'જીવન જ્યોત' સદા જલતી રહેશે.



**૧૩. પ્રિ. ભગવતપ્રસાદ ચૌહાણ :** આઇ. પી. મિશન હાઇસ્કૂલમાં શિક્ષક તરીકે ખૂબ જ ખ્યાતિ પામ્યા. ઉચ્ચ અભ્યાસ માટે પરદેશ ગયા ત્યાંથી પાછા આવી કોલેજના પ્રોફેસર અને બી. એડ. કોલેજના પ્રિન્સિપાલ તરીકે ખ્યાતિ પામ્યા. અંગ્રેજી, ગુજરાતી સાહિત્યના ઉત્કૃષ્ઠ અભ્યાસી હતા. તેઓ તત્વ ચિંતક, પ્રસિધ્ધ કેળવણીકાર સાહિત્ય સર્જક અને કવિ હતા. દાનવીરો પાસેથી દાન લેવાની કૂનેહથી જૂના અપ્રાપ્ય મૂલ્યવાન પુસ્તકોને ફરીથી છપાવી શકયા. ટ્રાકટ સોસાયટીના પ્રમુખ, સેક્રેટરી,



બિઝનેસ મેનેજર તરીકે દીર્ઘ સમય અતિ ઉત્તમ સેવાઓ આપી. સંસ્થાની પ્રગતિમાં મહત્વનો ફાળો આપ્યો છે.

**૧૪. શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાણ :** યુવાન વયે પ્રભુની સેવા માટે જીવન સમર્પિત કર્યું. બોરસદ ટ્રેઈનીંગ કોલેજમાં પ્રધ્યાપિકા અને અમદાવાદ આઈ. પી. મિશન હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે યશસ્વી સેવાઓ આપી. રેવ. ડૉ. જયાનંદ સાહેબની મૂલ્યવાન સેવાઓમાં તેમણે મહત્વનો ફાળો આપ્યો છે. ખ્રિસ્તીબંધુમાં કાવ્યો અને લેખો લખીને પોતાની શક્તિનો પરચો કરાવ્યો છે. ઉપલીમેડીના અનુવાદક તંત્રી અને ખ્રિસ્તીબંધુના તંત્રી તરીકે વર્ષો સુધી ઉપયોગી સેવાઓ આપી છે.



**૧૫. ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી :** તેઓશ્રીએ એમ.એ.,બી.એડ.ની ઉચ્ચ પદવી પ્રથમ વર્ગમાં પ્રાપ્ત કરી. સરકારી ખાતામાં શિક્ષણાધિકારી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી. સારા લેખક અને કવિ તરીકે સારી પ્રગતિ કરી. ભજન સંગ્રહમાં તેમનાં સાત ગીતો પસંદગી પામ્યાં. વળી આઈ. પી. મિશન પબ્લીકેશન ફંડ દ્વારા, ટ્રાકટ સોસાયટી દ્વારા તેમના કેટલાંક પુસ્તકો પ્રસિધ્ધ થયાં છે. સાહિત્ય ક્ષેત્રે કરેલી સેવાઓ દ્વારા ડૉકટરની પદવી પ્રાપ્ત કરી શકયા છે.



**૧૯. ડૉ. ઇમાનુએલ ક્રિશ્ચિયન** (યુ.એસ.એ.) : મૂળે અમદાવાદના રહીશ. ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરી, એચ. કે. કોલેજમાં પ્રોફેસર હતા. હાલ અમેરિકામાં સ્થાયી વસવાટ કર્યો. ખ્રિસ્તી ધાર્મિક સાહિત્યમાં તેઓ ઊંડો રસ ધરાવે છે. તેઓશ્રીએ સભાશિક્ષક, અયૂબ અને યશાયાહ પુસ્તકોની કોમેન્ટ્રીઓ લખી છે જે ખૂબ જ લોકપ્રિય બની છે.





પરિશિષ્ટ-૧

# SIXTIETH REPORT

OF THE

# GUJARAT TRACT

AND

# BOOK SOCIETY,

## 1913

"THE LAW OF THE LORD IS PERFECT, CONVERTING THE SOUL."

SURAT :

PRINTED BY H. R. SCOTT AT THE IRISH PRESBYTERIAN MISSION PRESS

1914

# OFFICERS OF THE SOCIETY

**FOR**

**1914.**

**GENERAL COMMITTEE :**

MEMBERS OF THE IRISH
PRESBYTERIAN MISSION COUNCIL,
TOGETHER WITH

REV. H. V. ANDREWS
REV. J. M. BLOUGH
MR. C. H. CONLEY
REV. J. B. EMMERT
REV. S. P. HAMILTON
MR. D. LEWIS
MR. J. H. MCNEILL
REV. F. WOOD

**PUBLISHING COMMITTEE :**

THE REV. H. R. SCOTT, D.D.
BOYD (Senior), B. A., AND J. M. BLOUGH,
With the Secretary and Treasurer, ex-officio.

**SECRETARY :**

REV. H. MARTIN, B.A.

**TREASURER :**

REV. GILLESPIE, B.A.

# RULES OF THE SOCIETY-1913

1. This society shall be called "The Gujarat Tract and Book Society."
2. The General Committee of the Society shall consists of the Irish Presbyterian Mission Council. They shall have power to add to their number one or more members of other missions at present working in Gujarat and Kathiawar, and any others interested in the growth and spread of Christian literature, who may be willing to co-operate with them.
3. The General Committee shall meet least once a year to receive the annual report and transact such business as may arise. Each member will be expected to raise funds for the support of the Society's work, and to assist in devising means for the production and spread of Gujarati Christian literature.
4. A Publishing Committee shall be chosen annully by the General Committee. The Publishing Com mittee shall consist of three members with the Secretary and Treasurer. No tract or book shall be published unless recommended by four of the five members of the Publishing Committee.
5. The Secretary and Treasurer shall be chosen annually, and shall be ex-officio members of the Publishing Committee.
6. It shall be the duty of the Secretary to prepare a brief report of the work done during the year to be presented to the annual meeting of the General Committee. He shall also keep a book in

which to record the proceedings of the annul meetings, Further it shall be his duty to receive the MS. of any new tract or book offered for publication, forward the MS, to the General Committee and collect their votes. In case the tract or book a accepted the Secretary shall ask the Publishing Committee to decide details as to paper and binding and the number of copies of which the edition it is consist, An estimate of the cost may be asked for.

7. The price of the Society's publication shall be fixed by the Publishing Committee after considering the cost of their publication as furnished by the Printer through the Secretary.

8. It shall be the duty of the Treasurer to present the accounts of the Society at the annual meeting made up to the 1st November.

9. A report shall be published annually by the Secretary and Treasurer conjointly, or in the absence of either from Gujarat, by the remaining officer.

10. Inasmuch as the publications of the Society are priced so low that the amount received for them does not usually cover the cost of production the Society expects that those who take advantage of its publications will bring its claims before their people and forward donations or subscriptions to help on its work.

11. Notice of any suggested change in the rules must be given at the annual meeting previous to that in which the proposal is brought forward.

*The income of the Gujarat Tract Society is made up of the sale of the publications. interest on deposits, grants from the Surat Mission Press, with subscription and donations.

In addition to the above the Gujarat Tract Society gets the benefit of a considerable "Publication Fund" collected by friends in Ireland, and intended to help in the publication of larger sized works, commentaries, and denominational text-books. The accounts of this fund are kept seprate and the price received for the books published at its expenses in paid into them, and not into the general account of the Gujarat Tract Society.

# ગુજરાત ખ્રિસ્તી ધર્મપુસ્તક પ્રસારક મંડળનું બંધારણ
## ૧૯૫૮

૧. **નામ**—"ગુજરાતનું ખ્રિસ્તી ધર્મપુસ્તક પ્રસારક મંડળ" એ નામે એ સંસ્થા ઓળખાય.

૨. **હેતુ**—ખ્રિસ્તી ધર્મના સિધ્ધાંત દઢ કરવામાં અને ખ્રિસ્તી ચારિત્ર્ય ખીલવવામાં સહાયભૂત થાય એવું સાહિત્ય ખાસ કરીને ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ કરવું તથા તેનો પ્રચાર કરવો, એવો સંસ્થાનો હેતુ છે.

૩. **સભાસદપણું**—જે કોઈ હિંદી ખ્રિસ્તી વરસે ત્રણ રૂપિયા ફી ભરે તે આ સંસ્થાનો એક વર્ષ માટે સભાસદ ગણાય. વળી હિંદી સિવાયના જે બીજા ખ્રિસ્તીઓ છે તેઓ દરેક આ સંસ્થાના ભંડોળમાં વરસે ઓછામાં ઓછા રૂા. ૫) ભરે તો સભાસદ ગણાય. જેઓ ઓછામાં ઓછા વરસે દશ રૂપિયા ઉઘરાવી મોકલે તેઓ પણ આ મંડળમાં સભાસદ ગણાય. જે મંડળી ઓછામાં ઓછા દસ રૂપિયા દાન તરીકે આપે તો તે આ સંસ્થામાં એક પ્રતિનિધિ નીમી શકે છે.

આ સંસ્થા જે જે નવાં પુસ્તક કે નવી પત્રિકા ચાર આનામાં કે તેથી ઓછી કિંમતના પ્રગટ કરે તેની એક એક નકલ મફત અને તેથી વધુ કિંમતના અર્ધી કિંમતે, સંસ્થાને અરજ કરવાથી, દરેક સભાસદને મેળવવાને હક છે. (ત્રણ રૂપિયા કે પાંચ રૂપિયા ભરનારને હાલ પુસ્તકો મળતાં નથી, માત્ર આજીવન સભ્યોને જ મળે છે.)

૪. **વ્યવસ્થા**—આ સંસ્થાના સભ્યો પોતાનામાંથી જ દર વરસે એક પ્રમુખ, ઉપપ્રમુખ, ચિટનીસ, ખજાનચી તથા સાહિત્યકાર નીમે; તેમ જ ઓછામાં ઓછા બીજા પાંચ સભ્યોની એક કાર્યવાહક સમિતિ પણ ઠરાવે. સદરહુ પ્રમુખ, ઉપપ્રમુખ, ચિટનીસ, ખજાનચી અને સાહિત્યકાર તેઓના હોદ્દાની રૂએ આ સમિતિના સભ્યો લેખાય. વળી "ખ્રિસ્તીબંધુ"ના તેમ જ "ત્રૈમાસિક"ના અધિપતિઓને કાર્યવાહક સમિતિમાં કો-ઓપ્ટ સભ્યો તરીકે ગણવામાં આવે.

૫. **ચૂંટણીની રીત**—કાર્યવાહક સમિતિ નામ રજૂ કરનાર પાંચ માણસની એક સમિતિની પસંદગી કરે, નામ રજૂ કરનાર આ સમિતિ વાર્ષિક સભા પહેલાં મળે, અને દરેક હોદ્દેદાર તથા કાર્યવાહક માટે એક માણસનું નામ તેઓ સભા આગળ રજૂ કરે અને જો સભા બીજાં નામ રજૂ ન કરે તો તે પ્રમાણે પસંદગી થઇ સમજવી. જો બીજાં નામ રજૂ કરવામાં આવે તો પ્રમુખ સાહેબ ઠરાવે તે રીતે ચૂંટણી કરવી.

૬. **સભાઓ**—આ સંસ્થાની સભા વરસમાં ઓછામાં ઓછી એકવાર તો થાય જ; પણ જો જરૂર પડે તો, વર્ષ દરમિયાન પણ કાર્યવાહક સમિતિ જ્યારે અને જ્યાં ઠરાવે ત્યારે અને ત્યાં મળે.

૭. **કાર્યવાહક સમિતિની ફરજો**—આ સંસ્થાની વતી સંસ્થાની સર્વ મિલકત કબજે રાખે તથા તેનો વહીવટ કરે. તેઓએ સંસ્થાને દેવામાં ઉતારવી નહિ. નાણાં ઊભાં કરવાને માટે તથા ખ્રિસ્તી સાહિત્યની પ્રસિધ્ધિ તથા તેના પ્રચારને માટે, જે જે થઇ શકે તે સર્વ ઉપાયો તેઓ કરે. કાર્યવાહક સમિતિ તે જ પુસ્તક પ્રસિધ્ધ કરનાર સમિતિ ગણાય; અને કોઇ પણ પુસ્તક કે પત્રિકા પ્રસિધ્ધ કરવું કે નહિ એ, તેમ જ એક વખત પ્રસિધ્ધ થયેલું હોય તેને ફરી પ્રસિધ્ધ કરવું કે નહિ, એ બાબતના સર્વ પ્રશ્નનો નિકાલ કાર્યવાહક સમિતિ કરે. કોઇપણ હસ્તલેખ સ્વીકારવો કે નહિ તેની સત્તા આ સમિતિના હાથમાં છે. આવકજાવકનો તથા થયેલા કામનો સઘળો હિસાબ તે રાખે, અને સંસ્થાની વાર્ષિક સભા વખતે તેનો હેવાલ રજૂ કરે. તે હેવાલ રજૂ થાય પછી અને પસાર થાય તે પ્રસિધ્ધ કરવામાં આવે. અને તેની નકલો સંસ્થાના સભ્યો પર મોકલવામાં આવે.

૮. **નિયમો બદલવા કે સુધારોવધારો કરવો**—જો કોઇપણ નિયમમાં ફેરફાર, સુધારોવધારો કે ઘટાડો કરવો હોય, તો જ્યારથી એવા ફેરફારની દરખાસ્ત આણવી હોય, ત્યાર પહેલાંની વાર્ષિક સભામાં તે વિષે ખબર આપવી.



# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટી

## (ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ)

## બંધારણ-૧૯૬૭-૬૮

### I નામ

આ મંડળનું નામ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટી અથવા ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ છે.

### II હેતુ

**ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળના હેતુ નીચે મુજબ છે :**

(૧) ખ્રિસ્તી ધર્મના સિધ્ધાંતો દૃઢ કરવામાં, ખ્રિસ્તી ચારિત્ર્ય ખીલવવામાં, તથા સુવાર્તા પ્રગટ કરવામાં સહાયભૂત થાય એવું સાહિત્ય ખાસ કરીને ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ કરવું તથા તેનો પ્રચાર કરવો;

(૨) ગુજરાતમાં ખ્રિસ્તી સાહિત્યના ક્ષેત્રમાં કામ કરતી સાહિત્ય પ્રકાશન સંસ્થાઓ અરસપરસ ટેકનિકલ સહાય આપે, સલાહ સૂચનો આપે, તેમજ મુદ્રણની, પ્રકાશનની અને વેચાણ-વહેંચાણની રીતો તથા સાધનોમાં સુધારો વધારો કરે અને ગુજરાતી ખ્રિસ્તી સાહિત્ય અંગેના તમામ પ્રશ્નોની વિચારણા કરે, અને યોગ્ય પગલાં ભરે તેમ કરવું.

(૩) ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યનો ઉત્કર્ષ તથા પ્રગતિ સાધવા માટે સહકારી ધોરણે અભ્યાસ કરવો, કાર્યનીતિ ઘડવી અને કાર્યક્રમ યોજવો;

(૪) ખાસ કરીને સંયુક્ત યોજનાઓને ઉત્તેજન આપવું.

### III સભ્યપદ

**ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ નીચે મુજબના સભ્યોનું બનશે :**

(૧) સહકાર કરનાર મંડળીઓ નીચે મુજબ પ્રતિનિધિઓ મોકલે :

| | |
|---|---|
| ઉત્તર હિંદની સંયુક્ત મંડળી | ૨ |
| મેથોડિસ્ટ મંડળી | ૨ |
| બ્રધરન ચર્ચ | ૨ |
| ક્રિશ્ચિયન એન્ડ મિશનરી અલાયન્સ ચર્ચ | ૧ |
| હિંદ, બ્રહ્મદેશ અને પાકિસ્તાનની મંડળી | ૧ |

| | |
|---|---|
| વેસ્લીયન મંડળી | ૧ |
| સાલ્વેશન આર્મી | ૧ |

(૨) જી. આર. સી. સી. તરફથી પાંચ પ્રતિનિધિ.

(૩) જી. આર. સી. સી. સાથે સહકાર કરતી મંડળીઓ / મિશનોની સાહિત્ય સંસ્થાઓ અને પુસ્તકભંડારો તરફથી એક એક પ્રતિનિધિ.

(૪) વધારાના સભ્યો : કાર્યવાહક સમિતિને જરૂર જણાય તો કાર્યવાહક સમિતિ વધારેમાં વધારે ત્રણ સભ્યોને આ મંડળના સભાસદ તરીકે કો-ઓપ્ટ કરી શકે.

(૫) ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીના આજીવન સભ્યો :

(૬) ઉપરની પેટા કલમ નં. (૧), (૨), (૩) અને (૪)માં દર્શાવેલા સભ્યોને સભ્યપદના પૂરેપૂરા હક રહેશે. આજીવન સભ્યો સભામાં આવી શકે અને ચર્ચામાં ભાગ લઇ શકે પણ તેઓને મત આપવાનો હક્ક રહેશે નહિ, અને ક્વોરમની ગણતરીમાં તેઓની સંખ્યા ગણવામાં આવશે નહિ.

## IV ફરજો તથા કાર્યો

(૧) આ મંડળ પોતાની કાયમી સમિતિઓ નીમીને પોતે અથવા મંડળી / મિશનની સાહિત્યની સંસ્થાઓ દ્વારા સાહિત્યના કાર્યક્રમને અમલમાં મૂકશે, અને વિવિધ ક્ષત્રોમાં સાહિત્ય ઉત્પન્ન કરવા, પ્રસિધ્ધ કરવા, તથા વહેંચણી કરવા પ્રત્યે લક્ષ આપશે.

(૨) આ મંડળ સાહિત્યની જરૂરિયાત તથા નાણાંની સગવડ ધ્યાનમાં રાખીને વેતની અને પૂર્ણસમયી કાર્યકરો નીમશે.

(૩) આ મંડળને પોતાના ઉપર જણાવેલા હેતુ પાર પાડવા માટે દેશ-પરદેશમાંથી નાણાં મેળવવાની તેમ જ વ્યક્તિઓ તથા સંસ્થાઓ તરફથી દાન, બક્ષિસ તથા વસિયતનામાં વગેરે સ્વીકારવાનો તથા તેનો વહાવટ કરવાની સત્તા રહેશે.

(૪) મંડળે માન્ય રાખેલાં પુસ્તકો અને અન્ય સાહિત્યની પ્રસિધ્ધ કરવા માટે એન. સી. સી. તરફથી નાણાંની મદદ મેળવવા આ સંસ્થા ભલામણ કરશે.

(૫) એન. સી. સી. તથા જી. આર. સી. સી. તરફથી મોકલવામાં આવેલી બાબતો પર આ મંડળ ધ્યાન આપશે અને ઘટતું કરશે.

(૬) આ મંડળને પોતાનું કામકાજ ચલાવવા માટે નિયમો તથા પેટા નિયમો ઘડવાની સત્તા રહેશે. નિયમ કે પેટા નિયમ ઘડવા માટે અથવા ફેરફાર કરવા માટે ટ્રાકટ સોસાયટીની વાર્ષિક સભા નોટિસ આપ્યા વગર સાદી બહુમતીથી ઠરાવ કરી શકે.

(૭) આ મંડળ પોતાની આવકજાવકનો હિસાબ રાખવાનો, અને ઓડિટ કરાવવાનો, અને ઓડિટ થયેલો હિસાબ સભા આગળ રજૂ કરવાનો પ્રબંધ કરશે.

(૮) સામાન્ય સભા વખતે જો કોઇ હોદ્દેદાર ગેરહાજર હોય તો તે જગા એ બેઠક પૂરતું પૂરવા સામાન્ય સભાને હક છે.

## V હોદ્દેદારો

ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળમાં નીચે મુજબના ત્રણ હોદ્દેદારો રહેશે : પ્રમુખ, સેક્રેટરી અને ખજાનચી.

પ્રમુખ : આ મંડળ દર વર્ષે એના સભાસદોમાંથી એક પ્રમુખ નીમશે.

સેક્રેટરી : આ મંડળ ત્રણ વર્ષના કરારથી પૂર્ણસમયી, વેતની સેક્રેટરી નીમશે. આ મંડળ તે કરારની મુદત લંબાવવા સત્તા ધરાવશે.

ખજાનચી : આ મંડળ સામાન્ય રીતે ત્રણ વર્ષ માટે માનદ્ ખજાનચી નીમશે.

હોદ્દેદારો તથા સમિતિઓ આ મંડળના નિયમો તથા પેટા નિયમોને અનુસરીને કામગીરી બજાવશે.

## VI સભા

આ મંડળ વર્ષમાં ઓછામાં ઓછું બે વાર મળશે. એક વખત જી. આર. સી. સી.ની વાર્ષિક સભા મળ્યા પછી વહેલી તકે, અને બીજી વાર વર્ષને અંતે. સભાસદોની કુલ સંખ્યા ૧/૩ હાજરી, સભાનું કામકાજ ચલાવવા યોગ્ય ગણાશે.

## VII કાર્યવાહક સમિતિ

આ મંડળ પોતાની દર વર્ષની પહેલી સામાન્ય સભા વખતે નીચે મુજબ કાર્યવાહક સમિતિ નીમશે :

(૧) હોદ્દાની રૂએ : પ્રમુખ, સેક્રેટરી, ખજાનચી.

(૨) મંડળના સભ્યોમાંથી બીજા પાંચ સભ્યો.

કાર્યવાહક સમિતિ વર્ષમાં ઓછામાં ઓછી બે વાર મળશે અને સર્વ જરૂરી કાર્યો હાથ ધરશે.

જો કાર્યવાહક સમિતિને જરૂર જણાય તો તે વધારેમાં વધારે બે સભ્યોને કાર્યવાહક સમિતિમાં કો-ઓપ્ટ કરી શકે.

મંડળની બેઠકોના વચગાળામાં મંડળનું સઘળું કામકાજ મંડળ વતી કાર્યવાહક સમિતિ ચલાવશે.

કાર્યવાહક સમિતિમાં ખાલી પડેલી જગાને પૂરવાની સત્તા કાર્યવાહક સમિતિને છે.

## VIII બંધારણમાં ફેરફાર

ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળના બંધારણમાં ફેરફાર કરવો હોય, તો જે ફેરફાર કરવો છે તેની સ્પષ્ટ શબ્દોમાં લેખિત નોટિસ મંડળની સામાન્ય સભા આગળ આપવામાં આવે. તે નોટિસ સ્વીકારવી કે ન સ્વીકારવી તે વિષે ચર્ચા કર્યા પછી મત લેવામાં આવે, અને જો સાદી બહુમતી તરફેણમાં મત આપે તો નોટિસ સ્વીકારાયેલી ગણાશે. જો તે નોટિસ સ્વીકારવામાં આવે તો તાત્કાલિક તેની જાણ સહકાર કરનાર સંસ્થાઓને કરવામાં આવે અને ઓછામાં ઓછા દશ મહિના બાદની સામાન્ય સભામાં તેની ઉપર મત લેવામાં આવે. બે તૃતીયાંશ મતથી આ નોટિસ મંજૂર થયેલી ગણાશે અને તેમાં સૂચવાયેલો ફેરફાર અમલમાં આવશે.

સામાન્ય સભા વખતે આ નોટિસના મૂળ સ્વરૂપમાં કે ભાવાર્થમાં કોઈપણ જાતનો ફેરફાર કરી શકાશે નહિ, સિવાય કે અર્થ સ્પષ્ટ કરવા માટે શબ્દફેર કરી શકાય.



# પરિશિષ્ટ : ૨

## મિશન પ્રેસ, સુરત સુપ્રિન્ટેન્ડેન્ટ
## સને ૧૮૪૭થી ૧૯૫૯

૧. રેવ. રોબર્ટ મંટગમરી
૨. રેવ. જે. વી. એસ. ટેલર (બી.એ.)
૩. રેવ. ડૉ. વિલિયમ બીટી (બી.એ.,ડી.ડી.)
૪. રેવ. ડૉ. જોન શિલેડી (એમ.એ.,ડી.ડી.)
૫. રેવ. ડૉ. જે. એફ. સ્ટીલ (એમ.એ.,ડી.ડી.)
૬. રેવ. ડૉ. એચ. આર. સ્કોટ (એમ.એ.,ડી.ડી.)
૭. રેવ. આર. એસ. ડીકી (એમ.એ.)
૮. રેવ. ડૉ. જે. રોજર્સ (બી.એ.)
૯. રેવ. જે. બ્રોલી (બી.એ.)
૧૦. રેવ. એચ. પી. ક્રોમી (બી.એ.)
૧૧. વડીલ જે. ઇ. વોર્નર

લંડન મિશન સોસાયટી દ્વારા ચાલતું સુરતનું મિશન કાર્ય તથા છાપખાનું ૧૮૪૭માં આઇ. પી. મિશનના હાથમાં આવ્યું. "મુદ્રણાલય" સુવાર્તા પ્રગટ કરવાનું અગત્યનું સાધન છે, તે જાણીને રેવ. રોબર્ટ મંટગમરીએ એમાં ઘણો સુધારો કર્યો. અને રેવ. ડૉ. ગ્લાસગો કૃત "ખ્રિસ્તી આચરણ" નામનું પ્રથમ પુસ્તક પ્રસિધ્ધ કર્યું. ત્યારથી ૧૯૫૯માં પ્રેસ બંધ થયું ત્યાં સુધી ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીની વિવિધ સાહિત્ય વિષયક સેવામાં "મિશન મુદ્રાણાલયે" મહત્વનો ફાળો આપ્યો છે તે કેમ ભૂલાય ? મિશન પ્રેસના બાહોશ, વિદ્વાન અને ભાષાઓ પર પ્રભુત્વ ધરાવનાર પ્રેસ સુપ્રિન્ટેન્ડેન્ટો, પ્રેસની વિવિધ સેવાઓમાં જોડાયેલા ધાર્મિક, વિશ્વાસુ અને પ્રમાણિક સર્વ સેવકોની સેવાઓની પ્રભુમાં કદર કરીએ છીએ. પ્રેસ બંધ થવાના સમયના કર્મચારીઓનો ગૃપ ફોટો ટાઇટલ પેજ ૩ પર આપવામાં આવ્યો છે.

## પરિશિષ્ટ-૩

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટીનાં હોદ્દેદારો

| વર્ષ | પ્રમુખ | સેક્રેટરી | ખજાનચી | બિઝનેસ આસિસ્ટંટ | તંત્રી |
|---|---|---|---|---|---|
| ૧૯૩૩ | વડીલ જેમ્સ ઉકાભાઈ | રેવ. ડી. પી. મકવાણા | મીસ એલ. એ. હિસ્ટ | - | ડૉ. જે. એમ. બ્લાઉ |
| ૧૯૩૪ | રેવ. વિરજીભાઈ ખોજાભાઈ | રેવ. ડી. પી. મકવાણા | મીસ એલ. એ. હિસ્ટ | - | ડૉ. જે. એમ. બ્લાઉ |
| ૧૯૩૫ | રેવ. આર. એસ. ડીકી | રેવ. ડી. પી. મકવાણા | મીસ ઈ. બી. મિલર | - | ડૉ. જે. એમ: બ્લાઉ |
| ૧૯૩૬ | રેવ. જે. એસ. રિંગનબર્ગ | રેવ. ડી. પી. મકવાણા | મીસ ઈ. બી. મિલર | - | ડૉ. જે. એમ. બ્લાઉ |
| ૧૯૩૭ | રેવ. ઈ. એફ. બેંકર | રેવ. ડી. પી. મકવાણા | મીસ ઈ. બી. મિલર | - | ડૉ. જે. એમ. બ્લાઉ |
| ૧૯૩૮ | રેવ. ડૉ. જી. કે. સત્વેદી | વડીલ જેમ્સ ઉકાભાઈ | રેવ. જે. એસ. રોજર્સ | - | રેવ. ડબલ્યુ. જી. મલ્લિગન |
| ૧૯૩૯ | રેવ. તુળસીભાઈ ગોવિંદભાઈ | વડીલ જેમ્સ ઉકાભાઈ | મીસ એ. ટી. બારી | - | રેવ. ડબલ્યુ. જી. મલ્લિગન |
| ૧૯૪૦ | રેવ. એસ. કેર | વડીલ જેમ્સ ઉકાભાઈ | મીસ એ. ટી. બારી | - | રેવ. ડબલ્યુ. જી. મલ્લિગન |
| ૧૯૪૧ | વડીલ એસ. જે. ફ્રેન્ક | વડીલ જેમ્સ ઉકાભાઈ | મીસ એ. ટી. બારી | - | રેવ. જેમ્સ ઉકાભાઈ |
| ૧૯૪૨ | રેવ. એન. વી. સોલંકી | વડીલ જેમ્સ ઉકાભાઈ | મીસ એ. ટી. બારી | - | રેવ. જેમ્સ ઉકાભાઈ |
| ૧૯૪૩ | રેવ. આર. બી. દેસાઈ | વડીલ જેમ્સ ઉકાભાઈ | રેવ. જે. એચ. ડેવી | - | રેવ. જેમ્સ ઉકાભાઈ |
| ૧૯૪૪ | ડૉ. જે. એમ. બ્લાઉ | વડીલ જેમ્સ ઉકાભાઈ | શ્રી મગનલાલ દેસાઈ | - | રેવ. આર. પી. ક્રિસ્ટી |
| ૧૯૪૫ | રેવ. હિરાલાલ રાયસીંગ | રેવ. જયાનંદ ચૌહાન | શ્રી મગનલાલ દેસાઈ | - | રેવ. આર. પી. ક્રિસ્ટી |
| ૧૯૪૬ | રેવ. ખોડાભાઈ જેઠાભાઈ | રેવ. જયાનંદ ચૌહાન | શ્રી મગનલાલ દેસાઈ | - | ડૉ. પી. જી. ભગત |

| વર્ષ | પ્રમુખ | સેક્રેટરી | ખજાનચી | બિઝનેસ આસિસ્ટંટ | તંત્રી |
| --- | --- | --- | --- | --- | --- |
| ૧૯૪૭ | રેવ. એમ. જે. બ્રુકસ | રેવ. જયાનંદ ચૌહાન | શ્રી મગનલાલ દેસાઇ | - | ડૉ. પી. જી. ભગત |
| ૧૯૪૮ | રેવ. આર. પી. ક્રિસ્ટી | રેવ. જયાનંદ ચૌહાન | વડીલ ઓબેદભાઇ | - | ડૉ. પી. જી. ભગત |
| ૧૯૪૯ | રેવ. જે. રિંગનબર્ગ | રેવ. જયાનંદ ચૌહાન | તુલશીભાઇ | - | ડૉ. હિમ્મતલાલ આશીર્વાદ |
| ૧૯૫૦ | રેવ. સી. એમ. જસ્ટીન | રેવ. જયાનંદ ચૌહાન | રેવ. એમ. એન. ગામડીયા | - | ડૉ. હિમ્મતલાલ આશીર્વાદ |
| ૧૯૫૧ | ડૉ. જે. રોજર્સ | શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન | રેવ. એમ. એન. ગામડીયા | - | ડૉ. હિમ્મતલાલ આશીર્વાદ |
| ૧૯૫૨ | રેવ. પી. કે. દાસ | શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન | રેવ. એમ. એન. ગામડીયા | - | રેવ. સી. એમ. જસ્ટીન |
| ૧૯૫૩ | રેવ. પૉલ મોરીસ | શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન | ડૉ. પી. જી. ભગત | - | રેવ. સી. એમ. જસ્ટીન |
| ૧૯૫૪ | રેવ. સિધ્ધરાજ સાભાઇભાઇ | શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન | શ્રી વિલ્યમ ભગત | - | રેવ. સી. એમ. જસ્ટીન |
| ૧૯૫૫ | ડૉ. ઇ. એમ. ઝીગલર | શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન | શ્રી વિલ્યમ ભગત | - | રેવ. જયાનંદ આઇ. ચૌહાન |
| ૧૯૫૬ | રેવ. એસ. ડી. મધુવર્ષિચંદ | શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન | શ્રી વિલ્યમ ભગત | - | રેવ. જયાનંદ આઇ. ચૌહાન |
| ૧૯૫૭ | રેવ. આર. બી. દેસાઇ | શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન | શ્રી વિલ્યમ ભગત | - | રેવ. જયાનંદ આઇ. ચૌહાન |
| ૧૯૫૮ | રેવ. એચ. પી. ક્રોમી | શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન | રેવ. આઇ. વી. માસ્ટર | - | રાઇટ રેવ. જે. જી. ક્રિસ્પાલ |
| ૧૯૫૯ | રેવ. એચ. પી. ક્રોમી | શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન | રેવ. આઇ. વી. માસ્ટર | - | રાઇટ રેવ. જે. જી. ક્રિસ્પાલ |
| ૧૯૬૦ | રેવ. એચ. પી. ક્રોમી | શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન | રેવ. આઇ. વી. માસ્ટર | - | રાઇટ રેવ. જે. જી. ક્રિસ્પાલ |
| ૧૯૬૧ | રેવ. એચ. પી. ક્રોમી | શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન | રેવ. આઇ. વી. માસ્ટર | - | રેવ. એચ. પી. ક્રોમી |
| ૧૯૬૨ | રેવ. સી. કે. યંગ | શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન | રેવ. આઇ. વી. માસ્ટર | - | રેવ. એચ. પી. ક્રોમી |
| ૧૯૬૩ | રેવ. સી. કે. યંગ | શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન | રેવ. આઇ. વી. માસ્ટર | - | રેવ. એચ. પી. ક્રોમી |
| ૧૯૬૪ | રેવ. સી. કે. યંગ | શ્રી લોરેન્સ એમ. ક્રિશ્ચિયન | રેવ. આઇ. વી. માસ્ટર | - | રેવ. જયાનંદ આઇ. ચૌહાન |

| વર્ષ | પ્રમુખ | સેક્રેટરી | ખજાનચી | બિઝનેસ આસિસ્ટંટ | તંત્રી |
|---|---|---|---|---|---|
| ૧૯૬૫ | રાઈટ રેવ. આઇ. એલ. ખ્રિસ્તાચારી | રેવ. સી. કે. યંગ | રેવ. આઇ. વી. માસ્ટર | - | રેવ. જયાનંદ આઇ. ચૌહાન |
| ૧૯૬૬ | રેવ. પી. પી. પટેલ | રેવ. સી. કે. યંગ | રેવ. એસ. ડી. પરમાર | શ્રી લોરેન્સ ક્રિશ્ચિયન | રેવ. જયાનંદ આઇ. ચૌહાન |
| ૧૯૬૭ | રેવ. જે. એલ. ક્રિશ્ચિયન | મિસિસ ફ્રાન્સેસ બોઇડ | રેવ. એસ. ડી. પરમાર | શ્રી લોરેન્સ ક્રિશ્ચિયન | રાઈટ રેવ. જે. જી. ક્રિસ્પાલ |
| ૧૯૬૮ | રેવ. એ. ટી. ક્રિશ્ચિયન | મિસિસ ફ્રાન્સેસ બોઇડ | રેવ. એસ. ડી. પરમાર | શ્રી લોરેન્સ ક્રિશ્ચિયન | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૬૯ | બિશપ ડૉ. શાંતુકુમાર પરમાર | મિસિસ ફ્રાન્સેસ બોઇડ | રેવ. એસ. ડી. પરમાર | શ્રી લોરેન્સ ક્રિશ્ચિયન | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૭૦ | રાઈટ રેવ. જે. જી. ક્રિસ્પાલ | મિસિસ ફ્રાન્સેસ બોઇડ | રેવ. એસ. ડી. પરમાર | શ્રી લોરેન્સ ક્રિશ્ચિયન | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૭૧ | ડૉ. એચ. જી. સત્વેદી | બિશપ ડૉ. શાંતુકુમાર પરમાર | રેવ. એસ. ડી. પરમાર | શ્રી લોરેન્સ ક્રિશ્ચિયન | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૭૨ | શ્રી કેલ્વીન સી. માસ્ટર | રેવ. એસ. ડી. પરમાર | રેવ. એસ. ડી. પરમાર | - | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૭૩ | શ્રી કેલ્વીન સી. માસ્ટર | ડૉ. એચ. જી. સત્વેદી | રેવ. એસ. ડી. પરમાર | રેવ. પી. એલીશા | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૭૪ | ડૉ. એ. એમ. વિન્સેન્ટ | ડૉ. એચ. જી. સત્વેદી | રેવ. એસ. ડી. પરમાર | રેવ. પી. એલીશા | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૭૫ | રાઈટ રેવ. પૉલ આર. ચૌહાણ | ડૉ. એચ. જી. સત્વેદી | રેવ. એસ. ડી. પરમાર | રેવ. પી. એલીશા | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૭૬ | પ્રિ. શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ | ડૉ. એચ. જી. સત્વેદી | રેવ. જયાનંદ ચૌહાન | ડૉ. ઈસુદાસ ક્રિશ્ચિયન | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૭૭ | પ્રિ. શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ | ડૉ. એચ. જી. સત્વેદી | રેવ. જયાનંદ ચૌહાન | ડૉ. ઈસુદાસ ક્રિશ્ચિયન | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૭૮ | પ્રિ. શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ | ડૉ. એચ. જી. સત્વેદી | રેવ. જયાનંદ ચૌહાન | ડૉ. ઈસુદાસ ક્રિશ્ચિયન | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૭૯ | પ્રિ. શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ | ડૉ. એચ. જી. સત્વેદી | રેવ. જયાનંદ ચૌહાન | ડૉ. ઈસુદાસ ક્રિશ્ચિયન | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૮૦ | રેવ. શાંતિલાલ એસ. ગોહિલ | ડૉ. એચ. જી. સત્વેદી | શ્રી ગીલ્બર્ટ એસ. બ્રાઇટ | ડૉ. ઈસુદાસ ક્રિશ્ચિયન | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૮૧ | રેવ. અર્જુનભાઇ ક્રિશ્ચિયન | ડૉ. એચ. જી. સત્વેદી | શ્રી ગીલ્બર્ટ એસ. બ્રાઇટ | પ્રિ. શ્રી બી. આર. ચૌહાણ | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૮૨ | રેવ. જયાનંદભાઇ આઇ. ચૌહાન | ડૉ. એચ. જી. સત્વેદી | શ્રી ગીલ્બર્ટ એસ. બ્રાઇટ | પ્રિ. શ્રી બી. આર. ચૌહાણ | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |

| વર્ષ | પ્રમુખ | સેક્રેટરી | ખજાનચી | બિઝનેસ આસિસ્ટંટ | તંત્રી |
|---|---|---|---|---|---|
| ૧૯૮૩ | રેવ. જયાનંદભાઈ આઈ. ચૌહાન | શ્રી હેમિલ્ટનભાઈ સત્વેદી | શ્રી ગીલ્બર્ટ એસ. બ્રાઈટ | પ્રિ. શ્રી બી. આર. ચૌહાણ | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૮૪ | રેવ. જયાનંદભાઈ આઈ. ચૌહાન | શ્રી હેમિલ્ટનભાઈ સત્વેદી | શ્રી ગીલ્બર્ટ એસ. બ્રાઈટ | પ્રિ. શ્રી બી. આર. ચૌહાણ | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૮૫ | રેવ. ડી. બી. ચૌહાણ | શ્રી કલેમેન્ટભાઈ ડાયર્સા | શ્રી જશવંતભાઈ ક્રિસ્ટી | પ્રિ. શ્રી બી. આર. ચૌહાણ | શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન |
| ૧૯૮૬ | રેવ. ડી. બી. ચૌહાણ | શ્રી કલેમેન્ટભાઈ ડાયર્સા | રેવ. જે. આઈ. ચૌહાન | પ્રિ. શ્રી બી. આર. ચૌહાણ | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૧૯૮૭ | રેવ. આર. એમ. રાઠોડ | પ્રિ. બી. આર. ચૌહાણ | શ્રી કેલ્વીન સી. માસ્ટર | શ્રી ગીલ્બર્ટભાઈ બ્રાઈટ | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૧૯૮૮ | રેવ. આર. એમ. રાઠોડ | પ્રિ. બી. આર. ચૌહાણ | શ્રી કેલ્વીન સી. માસ્ટર | શ્રી ગીલ્બર્ટભાઈ બ્રાઈટ | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૧૯૮૯ | રેવ. આર. એમ. રાઠોડ | પ્રિ. બી. આર. ચૌહાણ | શ્રી કેલ્વીન સી. માસ્ટર | શ્રી ઈમાનુએલ સી. ક્રિસ્ટી | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૧૯૯૦ | રેવ. ડી. બી. ચૌહાણ | પ્રિ. બી. આર. ચૌહાણ | શ્રી કેલ્વીન સી. માસ્ટર | રેવ. હેમંત જે. પરમાર | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૧૯૯૧ | રાઈટ રેવ. પૉલ ચૌહાણ | પ્રિ. બી. આર. ચૌહાણ | શ્રી નવીનભાઈ બ્રેઈટ | શ્રી કેલ્વીન સી. માસ્ટર | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૧૯૯૨ | રેવ. આર. એમ. રાઠોડ | પ્રિ. બી. આર. ચૌહાણ | શ્રી નવીનભાઈ બ્રેઈટ | શ્રી કેલ્વીન સી. માસ્ટર | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૧૯૯૩ | રેવ. આર. એમ. રાઠોડ | પ્રિ. બી. આર. ચૌહાણ | શ્રી કેલ્વીન સી. માસ્ટર | રાઈટ રેવ. વિનોદ માલવિયા | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૧૯૯૪ | રેવ. વિલ્સન બારીયા | પ્રિ. બી. આર. ચૌહાણ | શ્રી કેલ્વીન સી. માસ્ટર | રાઈટ રેવ. વિનોદ માલવિયા | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૧૯૯૫ | રેવ. આર. એમ. રાઠોડ | શ્રી ઈમાનુએલ સી. ક્રિસ્ટી | શ્રી કેલ્વીન સી. માસ્ટર | રાઈટ રેવ. વિનોદ માલવિયા | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૧૯૯૬ | રેવ. નિકોલસ જી. પરમાર | શ્રી ઈમાનુએલ સી. ક્રિસ્ટી | શ્રી કેલ્વીન સી. માસ્ટર | શ્રી કિરીટકાંત દેસાઈ | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૧૯૯૭ | રેવ. પી. વી. ગોહીલ | શ્રી ઈમાનુએલ સી. ક્રિસ્ટી | રેવ. ડી. બી. ચૌહાણ | શ્રી કેલ્વીન સી. માસ્ટર | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૧૯૯૮ | રેવ. નિકોલસ જી. પરમાર | પ્રિ. બી. આર. ચૌહાણ | રેવ. ડી. બી. ચૌહાણ | શ્રી ગોડવીન ગામડીયા | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૧૯૯૯ | રેવ. પી. વી. ગોહીલ | પ્રિ. બી. આર. ચૌહાણ (નવે. '૯૯ સુધી) | શ્રી કેલ્વીન સી. માસ્ટર | શ્રી દત્તાનંદભાઈ ક્રિશ્ચિયન | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૨૦૦૦ | રેવ. નિકોલસ જી. પરમાર | રેવ. નિકોલસ જી. પરમાર | શ્રી કેલ્વીન સી. માસ્ટર | રેવ. હેમંતકુમાર જે. પરમાર | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |
| ૨૦૦૧ | રેવ. આર. સી. માસ્ટર | રેવ. પ્રકાશ સિંગાડા<br>રેવ. હેમંત જે. પરમાર | શ્રી નવીન એમ. બ્રેઈટ | શ્રી ગોડવીન ગામડીયા | શ્રી આલ્બર્ટભાઈ ભાભોર |

# પરિશિષ્ટ-૪

## પ્રકાશનોની વિગતવાર યાદીઓ

## PUBLICATIONS

### OFTHE GUJARATTRACT AND BOOK SOCIETY

Those publications are for sale at the Mission stations in Gujarat and Kathiawar. Twenty-five percent. discount is allowed to those at least 12 copies of each tract from the Depot in Surat. Annexed to the following list are figures showing the number of each publication issued in 1912-13. as well as the number in the Society's Depot, Surat. on 1st Dec. 1913.

| English Titles | Gujarati Titles | Price As. | Price P. | In stock 1914 | Issued in 1913 |
|---|---|---|---|---|---|
| After Death, What ? ... ... | મરણ પછી, શું ? ... ... | 0 | 3 | 347 | 709 |
| Arya Samaj Darpana ... ... | આર્યસમાજ દર્પણ ... ... | 0 | 3 | 1011 | 86 |
| Astrology ( illustrated ) ... ... | સહદશા ... ... ... | 0 | 3 | 1621 | 284 |
| A Terrible Chain ... ... | ભયંકર સાંકળ ... ... | 0 | 1 | 200 | 271 |
| Atmaram Pant ... ... | આત્મારામ પંત ... ... | 0 | 3 | 4128 | 114 |
| Bag of Tresure, The, etc. ... | થેલીમાંનું દ્રવ્ય વિગેરે ... ... | 0 | 1 | 3957 | 272 |
| Barth's Bible Stories, Part I (Illust.) | પવિત્રલેખનાં સુવૃતાંત, ભાગ ૧ | 3 | 0 | 619 | 344 |
| Do. do. Part II (illust.) | પવિત્રલેખનાં સુવૃતાતં, ભાગ ૨ | 3 | 0 | 1359 | 500 |
| Balance of Truth ... ... | સાચાઈનો મીજાન ... ... | 1 | 0 | 1711 | 9 |

| English Titles | Gujarati Titles | Price As. | Price P. | In stock 1914 | Issued in 1913 |
|---|---|---|---|---|---|
| Bible Studies ... ... | સતશાસ્ત્રની બોધરૂપી વાતો ... | 1 | 0 | 221 | 104 |
| Boy Martyr and other Stories, (illust.) | પ્રાણાર્પણ કરનાર છોકરો ... | 0 | 6 | 2081 | 10 |
| Brahman's Story, The ... ... | એક બ્રાહ્મણની વાત ... ... | 0 | 1 | 4148 | 36 |
| Captive Rescued, The ... ... | બંધીછોડ ... ... ... | 0 | 3 | 1864 | 38 |
| Catechism, Elementary | સવાલ જવાબ ... ... | 0 | 3 | 4773 | 5268 |
| Cateehism, Saeramental ... ... | ખ્રિસ્તી ધર્મસંસ્કાર ... ... | 0 | 6 | 695 | 71 |
| Cateehism, Second ... ... | સવાલ જવાબની બીજી પોથી ... | 1 | 0 | 2836 | 993 |
| Cateehism, Shorter ... ... | લઘુ પ્રશ્નોત્તરાવળી ... ... | 1 | 0 | 424 | 190 |
| Cateehism, Explanation of the Shorter. | લઘુ પ્રશ્નોત્તરવાળીનો ખુલાસો ... | 1 | 0 | 169 | 131 |
| Cave, The ... ... | એક ગુફાની વાત ... ... | 0 | 1 | 4755 | 98 |
| Chief Aim in Life ... ... | માનવની જિંદગીનો મુખ્ય હેતુ ... ... | 0 | 1 | 4780 | 190 |
| Children's Hymn Book ... ... | છોકરાંને વાસ્તે ધર્મ ગીતો ... | 0 | 3 | 4424 | 2474 |
| Christ's Testomony about Himself. | ખ્રિસ્તની પોતા વિષે સાક્ષી ... | 0 | 1 | 3349 | 62 |
| Christianity Explained to a Hindu. | ધર્મપ્રકાશ ... ... ... | 2 | 0 | 953 | 6 |
| Christianity, The Truth of ... | ખ્રિસ્તી ધર્મની સત્યતા ... | 0 | 1 | 4459 | .148 |
| Commentary on John ... ... | યોહાનની લખેલી સુવાર્તાનો ખુલાસો | 2 | 0 | 530 | 5 |
| Commentary on James ... ... | યાકુબનો પત્ર સટીક ... ... | 4 | 0 | 221 | 6 |
| Communicant's Companion, The ... | પ્રભુભોજન લેનારાનો સાથી ... | 2 | 0 | 263 | 2 |
| Counsel to Mothers ... ... | માતાઓને બોધ ... ... | 0 | 6 | 2059 | 66 |

| English Titles | Gujarati Titles | Price | | In stock 1914 | Issued in 1913 |
|---|---|---|---|---|---|
| | | As. | P. | | |
| Czar and the Peasant, The ... | મહારાજા ને ગરીબ ગૃહસ્થની કથા | 0 | 3 | 76 | 271 |
| Daily Food ... ... ... | દૈનિક પ્રકાશ ... ... | 3 | 0 | 224 | 3 |
| Daily Light (Morning Hour) ... | દૈનિક પ્રકાશ (સવારનો) ... | 4 | 0 | 479 | 64 |
| Daily Light (Evening Hour) ... | દૈનિક પ્રકાશ (સાંજનો) ... | 4 | 0 | 962 | 29 |
| Daily Prayers and Promises ... | પ્રતિદિનની પ્રાર્થનાઓ ... | 2 | 0 | 117 | 28 |
| Debt, On being in ... ... | કરજદાર થવા વિષે ... ... | 0 | 3 | 1201 | 180 |
| Demon of Superstition, The ... | વહેમરૂપી વળગેલું ભૂત ... ... | 1 | 0 | 1016 | 36 |
| Daybreak ... ... ... | સુપ્રભાત ... ... ... | 2 | 0 | 630 | ·141 |
| Dosi and Brahman (Illustrated) ... | એક ડોશી તથા બ્રાહ્મણ ... | 0 | 3 | 206 | 724 |
| Edme Champeon (Illustrated) ... | અદમી ચાંપીઅન ... ... | 0 | 3 | 486 | 36 |
| Edmund ... ... ... | એદમંદ વિષેની વાર્તા ... ... | 0 | 3 | 1545 | 31 |
| Ephesians, Notes on ... ... | એફેસીના પત્રનો અભ્યાસ ... | 1 | 0 | 252 | — |
| Family Prayers ... ... ... | પ્રાર્થના પુસ્તક ... ... | 1 | 0 | 343 | 16 |
| First Book, English and Gujarati. | પહેલી ચોપડી, અંગ્રેજી અને ગુજરાતી | 2 | 0 | 150 | 77 |
| First Lessons in English ... ... | અંગ્રેજી શીખાડવાના પાઠ ... | 3 | 0 | 908 | 5 |
| First Book for Children ... ... | પહેલી પોથી ... ... | 0 | 6 | 7799 | 1136 |
| Flower Gatherers & other Stories (illust.), | ફૂલ વીણનારી છોકરી ... ... | 0 | 4 | 133 | 189 |
| Flowers of Fable (illustrated) ... | વાર્તામાળા ... ... ... | 0 | 9 | 1809 | 35 |
| Galatians, Notes on ... ... | ગલાતીઓને પત્રનો અભ્યાસ ... | 1 | 0 | 341 | 4 |

| English Titles | Gujarati Titles | Price As. | Price P. | In stock 1914 | Issued in 1913 |
|---|---|---|---|---|---|
| Garbavali | ગરબાવળી | 1 | 0 | 1061 | 326 |
| Giant Killer, The | દૈત્ય સંહારક | 2 | 0 | 883 | 80 |
| Gold Thread, The (iilustrated) | સોનાનો દોરો | 2 | 0 | 609 | 105 |
| Good News | સર્વ લોકને સારુ વધામણી | 0 | 3 | 1751 | 25 |
| Good Woman, A | સુગુણી બાયડીની વાત | 0 | 3 | 4872 | 182 |
| Grace Abounding | મોટા પાપી પર અધિકાધીક કૃપા | 2 | 0 | 1340 | 160 |
| Great Debt The | મહામાગણું | 0 | 1 | 2415 | 135 |
| Great Physician, The | આત્માનો વૈદ | 0 | 1 | 4135 | 460 |
| Harmony of the Four Gospels | સુવાર્તાઓની અનુક્રમવાળી ટીપ. | 0 | 3 | 138 | 78 |
| Harry's Catechism | શાસ્ત્ર પ્રશ્નો | 2 | 0 | 750 | 60 |
| Heathen Customs among Christians. | મૂર્તિપૂજક અયોગ્ય રિવાજો | 0 | 3 | 911 | 18 |
| Heart Book (illustrated) | હૃદયદર્પણ | 1 | 0 | 727 | 72 |
| Heavenly Railway, The | આકાશી રેલ્વે | 0 | 6 | 598 | 78 |
| Henry and his Bearer | હેનરી તથા તેનો સંભુ | 0 | 6 | 370 | 19 |
| Highest Honour | સર્વોત્તમ માન | 2 | 0 | 1888 | 112 |
| Hindu Religion, Exposure of the, | હિંદુ ધર્મનો ખુલાસો | 0 | 6 | 1211 | 69 |
| Hinduism, Questions on | અઢાર મણકાની માળા | 0 | 9 | 1637 | 25 |
| Hinduism and Christianity compared. | હિંદુ તથા ખ્રિસ્તી ધર્મનો મુકાબલો | 2 | 0 | 790 | 8 |
| Hindu Objections Refuted | વાદ નિવારણ | 0 | 9 | 2179 | 83 |

| English Titles | Gujarati Titles | Price As. | Price P. | In stock 1914 | Issued in 1913 |
|---|---|---|---|---|---|
| Hindu Places of Pilgrimage | તીર્થ યાત્રા | 1 | 0 | 1013 | 30 |
| History of the True Incarnation (illust.) | ખરા અવતારનો ઇતિહાસ | 1 | 0 | 1124 | 336 |
| Holiness and Perfection | પવિત્રતા તથા સંપૂર્ણતા | 0 | 1 | 1346 | 24 |
| Human Depravity | સઘળાં માણસ ભ્રષ્ટ | 0 | 1 | 1268 | 112 |
